સ્થાપના : ૧૯૩૯

Published on 20th Day of Every Month 1

સ્વ. કેશવ હ. શેઠ સંચાલિત "ખડાયતા મિત્ર" જોડી દેવામાં આવ્યું છે. (સપ્ટેમ્બર - ૨૦૨૬, વર્ષ : ૯૦, અંક : ૬)

KHADAYATA JYOTI

(Gujarati Monthly)

ખડાયતા જ્યોતિ

(ગુજરાતી માસિક)

Year : 90 • Issue No. 6 • 20th September 2026 • Annual Subscription Rs. 500/- • Pages - 100

શ્રી ગણેશ ચતુર્થી

ની હાર્દિક શુભકામનાઓ



વિઘ્નહર્તા,
વિનાયક
સર્વસિદ્ધિ દાતા
શ્રી ગણેશ
તમારા જીવનમાં
સુખ, સમૃદ્ધિ અને
સકારાત્મકતા આપે...

પૂર્વજોના આશીર્વાદ
એજ સાચું ધન છે...



પિતૃ શ્રાદ્ધ

ની પવિત્ર અને પાવન સ્મૃતિને વંદન

આપણાં પિતૃઓના આશીર્વાદથી
જીવનમાં સુખ, શાંતિ અને
સમૃદ્ધિ સદાય રહે

પ્રકાશક : ખડાયતા જ્યોતિ પ્રકાશન સોસાયટી
અ.સૌ. જયાબેન ચંન્દ્રકાન્ત સરૈયા સદન,
જી-૨, મંથન એપાર્ટમેન્ટ,પુષ્પકુંજ સોસાયટી, લવ કોમ્પલેક્ષના ખાંચામાં,
કાંકરીયા, અમદાવાદ-૩૮૦ ૦૨૮
ખડાયતા જ્યોતિ : (૦૭૯) ૨૫૪૩ ૩૮૦૨
ખડાયતા કેળવણી મંડળ : (૦૭૯) ૨૫૪૩૦૮૦૧
website :www.khadayatajyoti.org

ભદ્રેશભાઈ શાંતીલાલ શાહ
તંત્રી
નિલેશભાઈ નરેન્દ્રભાઈ શેઠ
પ્રમુખ

The Best Healthcare Service

100 BEDED HOSPITAL

Top Class Medical Facility at One Place

PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
ACCREDITED

Care and Cure
Multi-speciality Hospital
GUARDIAN OF YOUR GOOD HEALTH



- 100+ Doctors Team
- A hospital with more then 20 Specialities and Superspeciality
- Hospital following NABH Norms
- 4 Modular OT with 1 CT OT for Open Heart Surgery Bypass surgery
- CASHLESS I CASH
  CGHS I PM JAY
- Laboratory, Radiology, CT Scan, Pharmacy & ICU on Wheel

▸ CRITICAL CARE ▸ CGHS ▸ CASHLESS FACILITY ▸ CATHLAB






Care and Cure
Multi-speciality Hospital
GUARDIAN OF YOUR GOOD HEALTH

B/s. Nilamkunj Society, Nr. Mira Cinema Cross Road,
Bhairavnath, Shah-Alam Road, Maninagar,
Ahmedabad - 380 028.

FOR APPOINTMENT : 99743 21310 ● FOR EMERGENCY CALL : 97 97 6 97 1 97

ખડાયતા જ્યોતિ પ્રકાશન સોસાયટી

અ.સૌ. જયાબેન ચંન્દ્રકાન્ત સૈરૈયા સદન, જી-૨, મંથન એપાર્ટમેન્ટ, પુષ્પકુંજ સોસાયટી, લવ કોમ્પલેક્ષના ખાંચામાં, કાંકરીયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૮. ● ફોન : ૨૫૪૩૩૮૦૨ C/o. ૨૫૪૩૦૮૦૧ ● ઓફિસ સમય : ૧૧ થી ૫-૩૦

વર્ષ : ૯૦ | સપ્ટેમ્બર - ૨૦૨૬ | અંક : ૬

: સંચાલન સમિતિ :		મોબાઈલ
પ્રમુખ :-	શ્રી નિલેશભાઈ એન. શેઠ	૯૮૨૪૦૨૭૧૮૭
તંત્રી :-	શ્રી ભદ્રેશભાઈ એસ. શાહ	૯૪૨૬૩૯૬૬૨૫
સહતંત્રી :-	શ્રી તુષારભાઈ આઈ. શાહ	૯૪૨૬૩૦૧૯૮૯
ટ્રસ્ટી :-	શ્રી મયુરેશભાઈ જે. શાહ	૯૮૨૫૦૬૪૪૫૨
ઉપપ્રમુખ :-	શ્રી જીગ્નેશભાઈ આર. શાહ	૯૮૨૫૫૨૫૪૫૨
મંત્રી :-	શ્રી ડૉ. બંકિમ જી. શાહ	૯૮૭૯૦૨૬૧૧૨
સભ્ય :-	શ્રી હિમાંશુભાઈ કે. પરીખ	૯૮૨૪૩૨૮૮૧૧
: સલાહકાર સમિતિ :		
ચેરમેન :-	શ્રી અતુલભાઈ જે. શાહ	૯૩૭૬૧૩૭૦૯૮
કન્વીનર :-	શ્રી જયેશભાઈ આર. શાહ	૯૯૨૫૧૧૨૦૧૧
કન્વીનર :-	શ્રી શરણભાઈ એસ. ગાંધી	૯૮૨૫૦૬૦૦૮૧

લવાજમ

વાર્ષિક લવાજમ

રૂ. ૫૦૦/-



: નિયમો :

● દર માસની ૨૦ તારીખે પ્રગટ થાય છે. ● પાંચ તારીખ સુધી મળેલ સમાચારને જ સ્થાન આપવામાં આવે છે. ● અસ્વીકાર્ય લેખો માટે જવાબ અપાતો નથી. ● સંસ્થાઓના, મંડળોના સમાચારો છાપેલા લેટરપેડ ઉપર પાનાની મર્યાદામાં રહી લેવાય છે. ● પોસ્ટમાં ગુમ થયેલ અંકના બદલે બીજો અંક મોકલવામાં આવતો નથી. ● કોઈપણ મંતવ્ય/લેખ/સમાચાર સાથે તંત્રી, સંચાલન સમિતિ સંમત છે તેમ માનવું નહીં. ● કાગળની એક બાજુમાં સુવાચ્ય લખાણ ઉપર ધ્યાન અપાય છે. ● સરનામું બદલાયાની જાણ કાર્યાલયને કરવી ● જાહેરાત માટે ફોટા ઓરિજીનલ અને વ્હાઈટ બેકગ્રાઉન્ડવાળા આપવાના રહેશે, છાપેલા કે E-mail (ઝેરોક્ષ)વાળા ફોટા ચાલશે નહીં.

જાહેરાતના દર

(૧)	ટાઈટલ પેજ નં. ૪	રૂ.	૧૮,૦૦૦/-
(૨)	ટાઈટલ પેજ નં. ૨ અને ૩	રૂ.	૧૨,૦૦૦/-
(૩)	આખું પાનું	રૂ.	૬,૦૦૦/-
(૪)	૧/૨ પાનું	રૂ.	૩,૧૦૦/-
(૫)	૧/૪ પાનું	રૂ.	૧,૬૦૦/-
(૬)	વધારાના કલર પેઈજના	રૂ.	૧૦,૦૦૦/-

(ઓછામાં ઓછા ૪ પેઈજ હોવા જોઈએ.)

● પોસ્ટના નિયમ મુજબ ૧૦૦ પાનના અંકમાં જાહેરાત ફક્ત ૪૦ પાનાની લેવાશે. પૂરી થયા પછીની જાહેરાત બીજા માસના અંકમાં લેવાશે. (તા.૦૬-૦૫-૨૦૧૮થી અમલમાં)

● ઉપરોક્ત ભાવવધારો ઓક્ટોબર-૨૦૨૨ના અંકથી અમલમાં.

'ખડાયતા જ્યોતિ'ની વેબસાઈટ : www.khadayatajyoti.org • khadayatakelavanimandal@gmail.com

: અનુક્રમણિકા :

- પ્રમુખશ્રીનો પત્ર : શ્રી નિલેશભાઈ નરેન્દ્રભાઈ શેઠ ૦૪
- તંત્રીલેખ : શ્રી ભદ્રેશભાઈ એસ. શાહ ૦૫
- ખડાયતા પરિષદ પ્રમુખશ્રીનો પત્ર : શ્રી બિપિનચંદ્ર મોહનલાલ શાહ ૦૬
- સામાન્ય લેખન વિભાગ ..... ૦૭ થી ૨૪
- આરોગ્ય વિભાગ ..... ૨૫ થી ૩૩
- બાળ વિભાગ ૩૪
- ધાર્મિક વિભાગ ..... ૩૫ થી ૫૭
- મધ્યસ્થ સંસ્થાઓના સમાચાર ..... ૫૮ થી ૭૦
- એકડા સમાચાર ..... ૭૧ થી ૭૮
- લગ્નવિષયક વિભાગ ..... ૮૮ થી ૯૭
- અભિપ્રાય – અભિનંદન ૯૮



પ્રમુખશ્રીનો પત્ર.....

શ્રી નિલેશભાઈ નરેન્દ્રભાઈ શેઠ

મેડીકલ અને એન્જિનિયરિંગ સિવાયની તમામ કોલેજ શરૂ થઈ ગઈ છે. શાળાઓમાં તો પ્રથમ સત્રની પરીક્ષાનું પરિણામ પણ આવી ગયું હશે. શાળાના બાળકોને હવે સેમિસ્ટરની સાથે ટેવાવું પડશે. અને પરીક્ષાની તૈયારી ભણવાની સાથે જ કરવી પડશે. શિક્ષણ પદ્ધત્તિમાં ફેરફાર થવાની સાથે હવે માનસિકતા પણ બદલવી પડશે. રોજ હોમવર્ક કરતી વખતે પરીક્ષાની તૈયારીની રીતે સમજીને મગજમાં ઉતારીને હોમવર્ક કરવું પડશે. સમજીને જ ભણવું પડશે. માત્ર ગોખીને પાસ થવાનું હવેના જમાનામાં પોષાશે નહિ કેમ કે માત્ર ડિગ્રી લેવાથી જીવનમાં હવે કારકિર્દી બની શકશે નહિ. ડિગ્રી સાથે બીજા બધા ઘણા કોર્સ કરવા પડશે અને તેવા ભણતરની શરૂઆત સ્કૂલના સમયથી જ કરવી પડશે. AIના જમાનામાં વિદ્યાર્થીઓના વાલીઓને ખાસ સંદેશ કે બે વર્ષ પહેલા આપણે બાળકોને કહેતા : "સારી ડિગ્રી મેળવો, સારી નોકરી મેળવો અને તમારું ભવિષ્ય સુરક્ષિત રહેશે." પણ ૨૦૨૭ પછીના વિદ્યાર્થી કે બાળકોને કદાચ આપણે થોડું અલગ કહેવાની જરૂર છે : "સારું શિક્ષણ મેળવો, એક સાચી આવડત વિકસાવો, ટેકનોલોજીનો ઉપયોગ શીખો, તમારા અભ્યાસને ઊંડાણપૂર્વક સમજો અને જીવનભર શીખતા રહો." ભવિષ્ય માત્ર માણસોનું નહીં હોય અને માત્ર મશીનોનું પણ નહીં હોય. ભવિષ્ય કદાચ એવા લોકોનું હશે જે મશીનો સાથે બુદ્ધિપૂર્વક અને અસરકારક રીતે કામ કરી શકે. AI રોજગારની દુનિયા ચોક્કસપણે બદલશે. કેટલીક નોકરીઓ ઓછી થશે, ઘણી નોકરીઓનું સ્વરૂપ બદલાશે અને નવી પ્રકારની નોકરીઓ ઊભી થશે. આથી આપણા બાળકોને AIથી ડરાવવાને બદલે AI માટે તૈયાર કરવા જોઈએ. સૌથી સુરક્ષિત કારકિર્દી કદાચ એ નહીં હોય જેને AI ક્યારેય સ્પર્શી ન શકે. સૌથી સુરક્ષિત કારકિર્દી કદાચ એ હશે જેમાં વિદ્યાર્થી AIનો ઉપયોગ બીજાઓ કરતાં વધુ સારી રીતે શીખી જાય. અને કદાચ આજની પેઢીને આપણે આપી શકીએ તે સૌથી મહત્ત્વપૂર્ણ કારકિર્દી સલાહ પણ આ જ છે. આ અંગે એક આખો લેખ આ અંકમાં પ્રકાશિત કરેલ છે.

લેપટોપ માટેની લોનના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ મી ઓક્ટોબર છે. અને શૈક્ષણિક લોન મેળવવાની છેલ્લી તા. ૩૧મી ડિસેમ્બર છે. જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને આ માહિતી પહોંચાડવા વિનંતી. સમાજના દરેક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને લોન અંગેની માહિતી મળે તે માટે ખડાયતા કેળવણી મંડળ દ્વારા એક નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું છે. દરેક એકડાના પ્રમુખ અને મંત્રીઓની એક બેઠક અમદાવાદમાં ઓક્ટોબર માસ દરમિયાન યોજવાનું નક્કી કરીએ છીએ. દરેક એકડાના મંત્રીશ્રીઓ અને પ્રમુખનો મોબાઈલ નંબર એકડાના નામ સાથે શ્રી કમલેશભાઈને મોબાઈલ નં. ૯૯૨૫૦૦૬૫૮૧ પર મોકલી આપવા વિનંતી છે. સૌને સાથે મળીને કેળવણી મંડળ દ્વારા નવા કયા ફિલ્ડમાં શું નવું થઈ શકે તેમ છે ? તેની ચર્ચા કરીશું. સૌને પોતપોતાના એકડાના મંત્રી અને પ્રમુખનો મોબાઈલ નંબર મોકલી આપવા આગ્રહભરી વિનંતી.

મને જણાવતાં આનંદ થાય છે કે મૂળ દેવગઢ બારિયાના વેજલપુર વિશા ખડાયતા એકડાના હાલમાં મુંબઈ રહેતા શ્રીમતી ગીતાબેન નીખીલકુમાર પરીખના હસ્તે તેમના સુરત નિવાસી ભાઈ સ્વ. ડૉ. સુધીરભાઈ નવનીતલાલ પરીખ અને ભાભી સ્વ. ઉલ્લાસબેન સુધીરભાઈ પરીખના સ્મરણાર્થે રૂ. પાંચ લાખનું દાન ખડાયતા કેળવણી મંડળને મળેલ છે. ગીતાબેન આપનો ખૂબ ખૂબ આભાર.

જયશ્રી કૃષ્ણ

– નિલેશભાઈ નરેન્દ્રભાઈ શેઠ



તંત્રીશ્રીની કલમે

શ્રી ભદ્રેશભાઈ શાંતિલાલ શાહ

જયશ્રીકૃષ્ણ...

ક્રોધી માણસો શાંતિની પળે વારંવાર કહેતા હોય છે : 'મને ખબર નથી પડતી, મને આજકાલ ખૂબ ગુસ્સો આવે છે. કશું જ કારણ ના હોય તો પણ ગુસ્સો આવે છે. આનું કારણ શું હશે ? હું પોતે ઘણી વાર આ પ્રશ્ન મારી જાતને કરું છું, પણ મને ગળે ઊતરે એવો જવાબ મળતો નથી.' આવી ફરિયાદ ઘણી બધી વ્યક્તિઓ કરે છે. આવા અકારણ રોષનું કારણ શું ? કોઈની પણ સાથે વાત કરતા હોઈએ ત્યારે એકદમ ક્રોધનો હુમલો આવે છે. સમય, સંજોગ, વાતાવરણ સામાન્ય હોય, સામી વ્યક્તિનો કાંઈ દોષ ના હો તો પણ તેની પર ગુસ્સો આવે છે. પરિણામે ગુસ્સો કરનાર વ્યક્તિને તો થાય જ અને જેની ઉપર વિના કારણ ગુસ્સો કર્યો હોય તે વ્યક્તિને પણ પીડા થાય. ખોટું લાગે અને એમ પણ થાય કે સમય, સંજોગ, વાતાવરણ હસીમજાકનું કે સામાન્ય હતું છતાં મેં એવું તો શું કર્યું કે મારી ઉપર આ રીતે ગુસ્સો કરવામાં આવે છે ?

આનો એક ખુલાસો એ છે કે વ્યક્તિના પોતાના મનમાં ગૂંચવાડો હોય. એમની ફરિયાદ એ હોય છે કે મને કોઈ સમજતું નથી. મને કોઈ ન્યાય કરતું નથી. પરંતુ હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ પોતાને ઓળખતી નથી અને બરાબર સમજતી નથી. તેમનામાં સહનશીલતા અને ધૈર્યનો અભાવ હોય છે. સ્વભાવે અસહિષ્ણુ હોય તો પણ આમ બને છે. પાયામાં આવી વ્યક્તિનું અભિમાન પણ હોઈ શકે. એમનો અહંકાર એટલી હદે વધુ હોય છે કે તેમને આસપાસના માણસો એકદમ વેંતિયા અને અબુધ લાગે છે.

પોતાના ક્રોધ નહીં રાખી શકતા કેટલા માણસો એવું કહે છે કે અમે નિખાલસ છીએ એટલે બોલવાની બાબતમાં બહુ ચતુર નથી. અમારા મનમાં કશું પાપ કે કપટ નથી એટલે મનમાં જે હોય તે જ તે ઘડીએ બોલી જઈએ છીએ, છતાં વિચારવા જેવો મુદ્દો એ છે કે કેટલીક વાર ન બોલવાનું બોલી નાખે છે. તેનાથી કલ્પના બહારની હાનિ સંભવી શકે છે. ક્રોધમાં ઉચ્ચારાયેલી વાણી ઘણું બધું નુકસાન કરી શકે છે, બોલનારનું અને સાંભળનારનું બન્નેનું. માણસના ક્રોધથી ભભૂકી ઊઠેલી આગ ઠંડા પાણીના ગમે તેટલા છંટકાવ પછી પણ ઠરતી નથી.

કેટલીક વાર ક્રોધથી આચરવામાં આવેલી હિંસક વાણીથી કદી સળગી ન ઊઠે એવા દિમાગ સળગી ઊઠે છે અને આગ ઠારવાનું મુશ્કેલ જ નહીં અશક્ય બની જાય છે. કેટલાકની જીભ પર તેમની જાણ બહાર જ કડવા વચન ટપકે છે. જાણે જીભને એસિડમાં જ બોળી ન હોય ! કોઈનું દિલ દુભાવ, મિજાજ બગડે, અપમાન લાગે એવું બોલવું ન જોઈએ. કેટલાક કહે છે - ભાઈ ! અમે તો સારી રીતે હિતની વાત કરીએ છીએ. આવા દાવા સાથે જે લોકો કંઈ પણ બોલે છે તેમાં એક ગુપ્ત શાપ હોય છે. આપણે વાતાવરણના પ્રદૂષણની વાત જોરજોરથી કરીએ છીએ. કડવી અને તેજાબ જેવી વાણીથી માણસ-માણસ વચ્ચેનાં સંબંધો અને વ્યવહારોમાં હાનિકારક પ્રદૂષણ વ્યાપી જાય છે. ન બોલવાનું બોલનારો માણસ જાય એટલે તરત જ તેને સાંભળનારા લોકો કહે છે કે, ''હવા કેટલી ખુશમિજાજ હતી. એણે તો હવા જ બગાડી નાખી.''

ગુજરાતી પત્રકાર લેખક શ્રી ભૂપત વડોદરિયાએ લખ્યું છે કે માણસની વાણી ઝેર જેવું કામ કરે છે અને અમૃતનું કામ કરી શકે છે. એટલે જ તો અવતારી પુરુષ કે સાધુસંતની અમૃતવાણીનું અમૃતવચનનું આટલું બધું મૂલ્ય છે. વગર વિચાર્યું બોલ્યા કરતાં ના બોલવું સારું. ન બોલવામાં નવ ગુણ. પ્રિય લાગે તેવું બોલો, સત્ય બોલો પણ સત્ય પણ અપ્રિય લાગે તેવું હોય તો ન જ બોલો.

— ભદ્રેશભાઈ શાંતિલાલ શાહ

॥ જયશ્રી રાધે ॥

સ્વ. દશરથલાલ ચીમનલાલ શાહ પરિવાર તરફથી સૌને જયશ્રી રાધે

ચંદ્રકાન્તાબેન ડી. શાહ | જીતેન્દ્ર ડી. શાહ | ફેનીલ જીતેન્દ્ર શાહ | શીલ જીતેન્દ્ર શાહ | કેયુર ભરતભાઈ શાહ
હેમલતાબેન ડી. શાહ | છાયાબેન જે. શાહ | શ્રધ્ધા ફેનીલ શાહ | આનલ શીલ શાહ

સ્વ. શાન્તાબેન માધવલાલ તથા માધવલાલ હરિલાલ શાહ પાઈપવાળા પરિવારના જયશ્રીકૃષ્ણ
હ. શ્રી દિલીપભાઈ માધવલાલ - પિન્કીબેન, શ્રી જિતેન્દ્રભાઈ - સ્મિતાબેન, શ્રી રાજેશભાઈ - કુમુદબેન.
શ્રી શ્વેતલભાઈ - પૂર્વિબેન, શ્રી આલેષભાઈ - મિત્તલબેન, શ્રી ભાવિનભાઈ - રિતલબેન,
કુ. મનાલી, કુ.દિપલ, કુ. મિત્તલ, કુ. પંક્તિ હાર્દિ, કાર્વિ, દીર્ઘ, ખુશ, વ્રિશિન

સૌજન્ય : માધવલાલ એન્ડ કું

પાનકોરનાકા, અમદાવાદ. ફોન : ૨૫૩૫૭૬૩૮ (R) ૨૫૪૩૧૩૮૯, ૨૫૩૯૬૩૧૫, ૨૫૩૩૧૧૪૩ (Fac) ૨૫૭૧૦૦૨૧,૨૫૭૧૪૩૫૧ (Fax) ૨૫૩૩૧૨૮૮



ખડાયતા પરિષદ સમિતિ

પ્રમુખ

શ્રી બિપિનચંદ્ર મોહનલાલ શાહ

આપણી જ્ઞાતિ અને સંસ્થાઓ

આશરે સો વર્ષ પહેલાં, આપણી જ્ઞાતિનાં દૂરંદેશી આગેવાનોએ જ્ઞાતિનાં દરેક કુટુંબને પગભર અને સમુદ્ધ બનાવ્યા. તે માટે ખૂબ જહેમત લીધી. વિવિધ ખૂબ જરૂરી સંસ્થાઓની સ્થાપના કરી. અને એકડા થકી વિસ્તાર મુજબ વિભાગ પાડ્યા.

કોટિયર્ક ધામ - મહુડીનું નિર્માણ કર્યું. આ ઉપરાંત અનેક ભુવનો, છાત્રાલયો, કેળવણી મંડળ, જનતા ચેરીટેબલ જેવી સંસ્થાઓની સ્થાપના કરી.

આ વારસો સમાજનાં નવયુવાનોએ કાર્યકરો થકી, દાનવીરો થકી ખડાયતા પરિષદનાં પ્રમુખો થકી આ સંસ્થાઓ મજબૂત કરતાં ગયાં અને જરૂરિયાત મુજબ નવી સંસ્થાઓની સ્થાપના કરી.

(૧) મુંબઈમાં પારલા અને ચર્ની રોડ, ખડાયતા ભુવન હતાં. તેનો વિસ્તાર કરી લોનાવાલા, નડિયાદ અને ડાકોરમાં વૃદ્ધાશ્રમ બનાવ્યાં. (૨) કેળવણી મંડળ અને જનતા ચેરીટેબલ, આ બન્ને સંસ્થાઓ સમાજને વર્ષોથી ઉપયોગી બની રહી છે. અને 'ખડાયતા જ્યોતિ'એ સમાજને વર્ષોથી એક તાંતણે બાંધી રાખ્યું છે. (૩) નાથદ્વારામાં આધુનિક રિસોર્ટ સમકક્ષ ભુવન બની રહ્યું છે. (૪) મહુડી મંદિરની કાયાપલટ થઈ રહી છે. (૫) વિદ્યાનગરમાં નવું આધુનિક છાત્રાલય બનાવવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. (૬) વડોદરામાં વડીલો માટે હેપી હોમ બની રહ્યું છે. આ પહેલાં લક્ષ્મીનારાયણ ટ્રસ્ટ પણ ખૂબ સુવિધાઓ સાથે ઉપયોગી બની રહ્યું છે. (૭) સી.કે. છાત્રાલય અમદાવાદમાં છાત્રાલય ઉપરાંત હોલ, લગ્ન પ્રસંગો વિ. માટે સરસ સુવિધાઓ ઉભી કરાઈ છે. (૮) સુરતમાં ખડાયતા ભુવન આધુનિક બનાવ્યું છે. આ ઉપરાંત અન્ય વ્યવસ્થાઓ ગોઠવવા જમીન ખરીદવાનાં પ્રયત્નો ચાલુ છે. (૯) અંકલેશ્વર અને વડોદરામાં સુરક્ષા ટ્રસ્ટ સમાજને સરસ ઉપયોગી બની રહ્યા છે. (૧૦) અમદાવાદમાં ખાડીયા વિસ્તારમાં ભાઈઓ અને બહેનો માટેની વ્યવસ્થા આધુનિક બન્યાં છે. અને બની રહ્યા છે. (૧૧) મોડાસા ખાતે છાત્રાલયની જગ્યામાં ઘણી બધી વિવિધ, જ્ઞાતિની સુવિધાઓ ઉભી કરાઈ છે. (૧૨) જ્ઞાતિનાં યુવાન-યુવતીઓ વ્યવસાય કરવા માંગતા હોય કે વ્યવસાય છે તેનો વિકાસ કરવા માંગતા હોય તે માટેની સંસ્થા, પરિષદ દ્વારા હાલ ઉભી કરાઈ રહી છે.

જ્ઞાતિ બંધુઓને વિનંતી કે આ બધાં પાછળ આગેવાનો ખૂબ પરિશ્રમ, જોખમો અને જવાબદારી લઈ રહ્યાં છે.

એમને આપણે તન, મન અને ધનથી સહયોગ આપી આપણી જ્ઞાતિનાં દરેક પરિવારને સમૃદ્ધ બનાવ્યા કરીએ એ જ અભ્યર્થના.

— બિપીનભાઈ એમ. શાહ

॥ જયશ્રી રાધે ॥ **સ્વ. શેઠશ્રી રતીલાલ ત્રીભોવનદાસ હરગોવનદાસનાં જયશ્રી રાધે** ॥ જયશ્રી રાધે ॥

સ્વ. ચંદ્રકાન્તભાઈ રતીલાલ પરીખ
સ્વ. શારદાબેન ચંદ્રકાન્તભાઈ પરીખ
શ્રી કીર્તિકુમાર રતીલાલ પરીખ
સ્વ. ઈન્દીરાબેન કીર્તિકુમાર પરીખ
શ્રી હિમાંશુભાઈ કીર્તિકુમાર પરીખ
શ્રીમતી પારૂબેન હિમાંશુભાઈ પરીખ
શ્રી અનુજ હિમાંશુભાઈ પરીખ
નિકિતા અનુજ પરીખ

શ્રી ઓચ્છવલાલ કોદરદાસ શાહ, શ્રીમતી સુશીલાબેન ઓ. શાહ (ગાબટવાળા)
રાજેન્દ્રકુમાર ઓચ્છવલાલ શાહ, શ્રીમતી નીતાબેન આર. શાહ ૬ : ચિંતન, સુકેતુના જય જય શ્રી ગોકુલેશ
મો. ૯૮૭૯૧૮૫૭૫૭

સૌજન્ય : **ઓઈલ સીડ્ઝ ટ્રેડર્સ**, નડિયાદ ★ **રાજેન્દ્રકુમાર એન્ડ કું.**, ઘોડિયાબજાર, નડિયાદ.
ફોન : ઓફિસ - ૨૫૫૦૯૬૦, ૨૫૬૨૭૨૬ ઘર : ૨૫૨૦૪૮૬ ઓચ્છવલાલ, ૨૫૨૬૪૮૬ રાજેન્દ્રકુમાર

સામાન્ય લેખન વિભાગ



આ વિભાગના કાયમી સૌજન્ય દાતાશ્રી

સ્વ. જયંતિલાલ જેઠાલાલ કાયવાળા પરિવાર

હસ્તે શ્રી મયુરેશભાઈ અને શ્રી વિકેશભાઈ

AI અને કારકિર્દીનું ભવિષ્ય

— નીલેશ નરેન્દ્રભાઈ શેઠ

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં આપણા બાળકોએ શું ભણવું જોઈએ ?

આજના માતા-પિતા અને વિદ્યાર્થીઓ સામેનો એક ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે : "આગળના સમયમાં સારી અને સ્થિર કારકિર્દી બનાવી શકાય તે માટે વિદ્યાર્થીએ શું ભણવું જોઈએ ?" આ પ્રશ્ન આજે પહેલાં કરતાં વધુ મુશ્કેલ બન્યો છે. તેનું મુખ્ય કારણ છે — આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI). AI હવે માત્ર સંશોધન કેન્દ્રો કે મોટી ટેકનોલોજી કંપનીઓ પૂરતું મર્યાદિત નથી. તે હવે ઓફિસો, ફેક્ટરીઓ, બેન્કો, હોસ્પિટલો, શાળાઓ, એકાઉન્ટિંગ વિભાગો, એન્જિનિયરિંગ કંપનીઓ અને લગભગ દરેક વ્યવસાયમાં પ્રવેશી ગયું છે. આજે કોલેજમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થી આગામી ૩૫થી ૪૦ વર્ષ સુધી કામ કરી શકે છે. પરંતુ ૨૦૪૦ કે ૨૦૫૦માં રોજગારનું સ્વરૂપ કેવું હશે તેની ચોક્કસ આગાહી કોઈ કરી શકે તેમ નથી. એટલે માત્ર આજે જે વ્યવસાય લોકપ્રિય છે તે જોઈને કારકિર્દીની પસંદગી કરવી કદાચ યોગ્ય અભિગમ નહીં હોય. આપણે એવું વિચારવું જોઈએ કે : "AI જ્યારે દરેક વ્યવસાયનો સામાન્ય ભાગ બની જશે ત્યારે કઈ આવડતોનું મહત્વ જળવાઈ રહેશે ?"

AI નોકરીઓ બદલશે — પરંતુ દરેક નોકરી ખતમ નહીં કરે :

AIના કારણે લોકોની નોકરીઓ જતી રહેશે એવી ચિંતા આજે વ્યાપક છે. આ ચિંતામાં થોડું સત્ય પણ છે, ખાસ કરીને એવા કામોમાં જેમાં વારંવાર એક જ પ્રકારનું અને સરળતાથી અનુમાન કરી શકાય તેવું કામ કરવાનું હોય. ડેટા એન્ટ્રી, સામાન્ય ક્લેરિકલ કામ, નિયમિત ઓફિસનું કામ, સાદું બુકકીપિંગ, દસ્તાવેજો તૈયાર કરવા જેવા ઘણા કામો હવે સોફ્ટવેર અને AI દ્વારા ઝડપથી થઈ શકે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે આ બધા

સમસ્ત ખડાયતા બંધુઓને અમારા જયશ્રી રાધે

જગદીશચંદ્ર ગોરધનદાસ શાહ - પ્રફુલ્લાબેન જે. શાહ
ફોન : ૨૬૪૪૦૪૧૫ (મો.) ૯૮૭૯૭૯૭૦૯૦

પારૂલ - સુનિલ - સંકેત - મોના - પરાગ - નૂપુર - જાનકી
રાધિકા - કેતન - વિશાલ - કોનિકા - ધૃમીલ (USA)

શ્રી રસીકલાલ પી. શાહ, શ્રીમતી સૂર્યાબેન રસિકલાલ શાહ

હ. શ્રી ભરતભાઈ તથા ભૂમિશાબેન
મો.૯૩૨૭૦ ૬૩૨૨૮ ફોન : (૦૭૯) ૨૬૪૬૭૯૩૭,
રસીકભાઈ-૯૩૭૪૩૭૩૬૭૯

પ્રણવ, ધ્વનિ, જાનકી, ધરા, રાજ
(ઓ) ૨૬૪૪૩૬૦૬

શ્રી કેતનભાઈ તથા લીલાબેન
મો. ૯૩૨૭૦ ૬૨૮૩૭
(ઘર) ૨૬૪૬૬૦૯૯

ગિરીરાજ ડેવલપર્સ ● ગિરીરાજ કન્સ્ટ્રક્શ કું.

વ્યવસાય તરત જ અદૃશ્ય થઈ જશે. મોટાભાગે AI આખા વ્યવસાયને નહીં પરંતુ તે વ્યવસાયમાં થતા અમુક કામને બદલી નાખશે. ઉદાહરણ તરીકે, એકાઉન્ટન્ટ કદાચ પહેલાંની જેમ આંકડાઓ દાખલ કરવામાં અને સામાન્ય રિપોર્ટ બનાવવામાં ઓછો સમય આપશે, પરંતુ નાણાકીય માહિતીનું વિશ્લેષણ કરવા, ગ્રાહકને સલાહ આપવા અને નિર્ણય લેવામાં વધુ સમય આપી શકશે. સોફ્ટવેર એન્જિનિયર AIની મદદથી કોડનો એક ભાગ ઝડપથી લખી શકશે, પરંતુ તેને વ્યવસાયની જરૂરિયાત સમજવી, કોડ સાચો છે કે નહીં તે તપાસવું અને અંતિમ પરિણામની જવાબદારી લેવી પડશે. એ જ રીતે એન્જિનિયર AIની મદદથી ડિઝાઈન અને ગણતરી ઝડપથી કરી શકશે, પરંતુ મશીનરી, મટીરિયલ, ઉત્પાદન પ્રક્રિયા, સલામતી અને વાસ્તવિક અમલીકરણનું જ્ઞાન તો જરૂરી રહેશે જ. આથી મહત્ત્વનો પાઠ એ છે : AIનો ઉપયોગ કરવાનું જાણતી વ્યક્તિ કદાચ AIથી ડરવાની જગ્યાએ AIની મદદથી પોતાની કાર્યક્ષમતા અનેકગણી વધારી શકે છે.

ઇલેક્ટ્રોનિક્સ અને એન્જિનિયરિંગનું શું ?

ઘણા માતા-પિતા અને વિદ્યાર્થીઓના મનમાં ખાસ કરીને એન્જિનિયરિંગ અંગે પ્રશ્ન છે. જો AI સર્કિટ ડિઝાઇન કરી શકે, કોમ્પ્યુટર પ્રોગ્રામ લખી શકે અને ગણતરી કરી શકે, તો શું ઇલેક્ટ્રોનિક્સ કે એન્જિનિયરિંગ ભણવાની જરૂર છે ? મારા મતે હા – પરંતુ એન્જિનિયરિંગનું શિક્ષણ પણ બદલાવું પડશે. વિદ્યાર્થીએ Electronics Engineeringને માત્ર પરંપરાગત ઇલેક્ટ્રોનિક્સ પૂરતું મર્યાદિત ન રાખવું જોઈએ. પરંતુ હવે તેની સાથે કેટલાક કોર્સ જોડવા પડશે Electronics + AI + Embedded Systems + IoT + Automation + Robtoics... તે જ રીતે Electrical Engineering સાથે EV + Battery + Power Electronics + Renewable Energy... અને Mechanical Engineering સાથે Automation + Robtoics + CAD/CAM + Advanced Manufacturing આવા કોમ્બીનેશન મહત્ત્વના છે કારણ કે ભવિષ્ય માત્ર ડિજિટલ નહીં હોય. દુનિયાને મશીનો, ફેક્ટરીઓ, વાહનો, ઇલેક્ટ્રિકલ સિસ્ટમ, સેન્સર્સ, રોબોટ્સ, મેડિકલ સાધનો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊર્જાની જરૂરિયાત સતત રહેશે .આ સિસ્ટમોને ડિઝાઇન, બનાવવી, સ્થાપિત કરવી, જાળવવી અને સુધારવી પડશે. એટલે AI એન્જિનિયરના કામમાં એક શક્તિશાળી સહાયક બની શકે છે, પરંતુ ભૌતિક દુનિયાને સમજતા અને વાસ્તવિક સમસ્યાઓ ઉકેલતા એન્જિનિયરની જરૂરિયાત રહેશે જ.

॥ જયશ્રી રાધે ॥

સ્વ. શ્રી રામકૃષ્ણભાઈ, સ્વ. પદમાબેન, સ્વ. શ્રી કિરીટભાઈ તથા સ્વ. શ્રી દિપકભાઈના સ્મરણાર્થે

સૌજન્ય : શ્રી હર્ષદભાઈ આર. શાહ – R.C.S. Engineering Works

સ્વ. શ્રી વલ્લભદાસ નરસીદાસ શાહ, સ્વ. સૂર્યાબેન વી. શાહ (વડાગામવાળા) પરિવારના જય જય શ્રી ગોકુલેશ

● શ્રી અતુલભાઈ તથા શ્રીમતી સ્મિતાબેન, નવરંગપુરા, અમદાવાદ ● પ્રકાશભાઈ, વિભાબેન, બોરીવલી, મુંબઈ.
● સ્વ. પીનાકીનભાઈ તથા ગં.સ્વ. દામિનીબેન, મણીનગર, અમદાવાદ ● નિમેષભાઈ તથા શ્રીમતી હિનાબેન, નવરંગપુરા, અમદાવાદ ● શ્રી જયંતિભાઈ, સાંતાક્રુઝ, મુંબઈ ● શ્રી રસીકભાઈ, બોરીવલી, મુંબઈ તથા પરિવારના જય જય શ્રી ગોકુલેશ

શક્તિ ટ્રેડર્સ, અમદાવાદ.
ફોન : ૬૫૨૧૦૧૨ (મો) ૯૩૨૭૦૭૧૦૩૮ (અતુલભાઈ)

નિમેશ ટ્રેડર્સ,
(મો.) ૯૮૯૮૨૦૮૯૪૪ (પાર્થ શાહ) ૯૮૭૬૦૨૮૬૪૧

Mechatronics, Automation અને EVમાં તકો

જે વિદ્યાર્થીઓ વધુ પ્રેક્ટિકલ અને હાથથી કામ કરવાનું પસંદ કરે છે, તેમના માટે Mechatronics અને Industrial Automation જેવા ક્ષેત્રો પર ગંભીરતાથી વિચાર કરી શકાય. Mechatronicsમાં Mechanical Engineering, Electronics, Electrical Systems, Computers અને Automationનું મિશ્રણ થાય છે. આજની આધુનિક ફેક્ટરીઓમાં Sensors, Programmable Controllers, Robtos અને Automated Production Systemsનો ઉપયોગ વધી રહ્યો છે. જ રીતે Electric Vehiclesના વિકાસ સાથે Batteries, Motors, Electronics, Charging Systems, Power Management અને Vehicle Control Systemsનું જ્ઞાન ધરાવતા લોકોની જરૂરિયાત વધશે. આ એવા ક્ષેત્રોના ઉદાહરણો છે જ્યાં વ્યક્તિ માત્ર કમ્પ્યુટર સામે બેસીને નિયમિત માહિતી તૈયાર કરતી નથી, પરંતુ Softwareને Machine અને Physical World સાથે જોડે છે. આથી મારું માનવું છે કે ટેક્નિકલ શિક્ષણ સાથે પ્રેક્ટિકલ કૌશલ્યનું મહત્ત્વ લાંબા સમય સુધી રહેશે.

પરંતુ સામાન્ય અથવા Average વિદ્યાર્થીનું શું ?

આ કદાચ સૌથી મહત્ત્વનો પ્રશ્ન છે. દરેક વિદ્યાર્થી ટોપર નથી. દરેક વિદ્યાર્થી AI Scientist, Software Engineer કે Data Scientist બનવાનો નથી. માતા-પિતા ઘણી વખત ભૂલથી એવું માને છે કે બાળકને સૌથી વધુ લોકપ્રિય ક્ષેત્રમાં જ મોકલવું જોઈએ. પરંતુ Advanced Mathematicsમાં નબળો વિદ્યાર્થી જરૂરી નથી કે સારો Computer Science Engineer બની શકે. બીજી તરફ, અભ્યાસમાં સરેરાશ પરંતુ મશીન, લોકો, વાતચીત, વ્યવહારુ કામ અથવા સમસ્યા ઉકેલવામાં સારો વિદ્યાર્થી કોઈ બીજા ક્ષેત્રમાં ખૂબ સફળ થઈ શકે છે. આથી માત્ર "કયા વ્યવસાયમાં સૌથી વધુ પગાર છે?" એવું વિચારવાને બદલે આપણે એવું વિચારવું જોઈએ કે "આ બાળકમાં કુદરતી રીતે કઈ આવડત છે અને તે આવડતને આધુનિક ટેકનોલોજી સાથે કેવી રીતે જોડવી ?" એક Average વિદ્યાર્થી જો Practical Knowledge, Communication Skills, Technologyની સમજ અને સતત શીખવાની ટેવ વિકસાવે તો તે માત્ર સારી ડિગ્રી ધરાવતા પરંતુ વ્યવહારુ કૌશલ્ય વગરના વિદ્યાર્થી કરતાં વધુ સફળ થઈ શકે છે.

શું Commerce અને Clerical Careerથી દૂર રહેવું જોઈએ ?

Commerceનું મહત્ત્વ ચોક્કસપણે ખતમ

સ્વ. ચંપાબેન અંબાલાલ શાહ તથા સ્વ. અંબાલાલ ચુનીલાલ શાહ (કાનપુરવાળા) ના સ્મરણાર્થે
ગિરીશ-શોભના ● બિપીન-નીતા ● પંકજ-બીના ● શિરીષ-રેખા ● નિતીન-નીતા
સૌજન્ય : શ્રી ગિરીશભાઈ અંબાલાલ શાહ (કાનપુરવાળા) ચેરીટેબલ ટ્રસ્ટ – અમદાવાદ

સ્વ. રમણલાલ દ્વારકાદાસ શાહ તથા ગં.સ્વ. મણીબેન રમણલાલ શાહ (વડાગામવાળા)
હ. શ્રી ધીરૂભાઈ (મુંબઈ), સ્વ. વસંતભાઈ, શ્રી નરેન્દ્રભાઈ, શ્રી ગોપાલભાઈ, શ્રી ગોવિંદભાઈના
જય જય શ્રી ગોકુલેશ
અ.સૌ.શ્રીમતી રેખાબેન, ઈન્દિરાબેન, મૃદુલાબેન, રિટાબેન, ભાવનાબેન તથા પરિવારના વંદન

થવાનું નથી. પરંતુ Commerce ક્ષેત્રમાં કામ કરવાની રીત બદલાઈ રહી છે. હાલના ઘરેડ પ્રમાણે B.Com. → Data Entry → Routine Office Work ભવિષ્યમાં વધુ જોખમવાળો બની શકે છે. તેના બદલે : B.Com + Accounting + GST/Taxation + Financial Analysis + ERP/Tally + AI Tools વધુ આકર્ષિત અને જરૂરિયાતવાળું બની શકે છે. એ જ રીતે, જે કર્મચારી માત્ર નિયમિત રિપોર્ટ બનાવે છે તેનું કામ AI સરળતાથી કરી શકે છે. પરંતુ જે કર્મચારીને Business Operations, Finance, Customers, Technology અને Decision Makingની સમજ હોય તે વધુ જરૂરિયાતવાળો બની શકે છે. આ સિદ્ધાંત લગભગ દરેક વ્યવસાયને લાગુ પડે છે. ભવિષ્યનો Accountant AIનો ઉપયોગ કરશે. ભવિષ્યનો Lawyer AIનો ઉપયોગ કરશે. ભવિષ્યનો Engineer AIનો ઉપયોગ કરશે. ભવિષ્યનો Doctor AI નો ઉપયોગ કરશે. ભવિષ્યનો Businessman પણ AIનો ઉપયોગ કરશે.

પ્રશ્ન એ નથી કે AI કોઈ વ્યવસાયમાં આવશે કે નહીં. પ્રશ્ન એ છે કે તે વ્યક્તિ AIનો યોગ્ય અને સમજદારીપૂર્વક ઉપયોગ કરી શકે છે કે નહીં. કયા ક્ષેત્રો પર વિચાર કરી શકાય ?

કોઈ એક ''સંપૂર્ણ સલામત'' કારકિર્દી નથી. પરંતુ કેટલીક દિશાઓ પર ગંભીરતાથી વિચાર કરી શકાય :

(૧) Electronics + Automation =embedded Systems, Sensors, Industrial Automation, Robotics અને IoT. (૨) Electrical Engineering + EV/ Energy = Electric Vehicles, Batteries, Charging Infrastructure, Power Electronics અને Renewable Energy. (૩) Mechatronics અને Robotics = મશીનો અને વ્યવહારુ સમસ્યાઓમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે સારું સંયોજન. (૪) Health-care અને Allied Healthcare = Nursing, Laboratory Technology, Radiology, Physitoherapy અને અન્ય Healthcare ક્ષેત્રો, જેમાં માનવીય સંપર્ક અને વ્યવહારુ જવાબદારી મહત્ત્વપૂર્ણ છે. (૫) Cybersecurity અને Networking = ડિજિટલ સિસ્ટમો પર વ્યવસાયની નિર્ભરતા વધતી જાય છે તેમ તેની સુરક્ષાનું મહત્ પણ વધશે. (૬) Commerce + Technology = Accounting, Taxation, Financial Analysis અને Business Management સાથે AI તથા ERPનું જ્ઞાન. (૭) Chemical, Materials અને Environ-

સ્વ. રાધાબેન વલ્લભદાસ શાહ જંત્રાલવાળા પરિવારના જયશ્રીકૃષ્ણ

પ્રમોદ-ચેતના (ગોધરા)
મો. : ૯૮૨૪૩૪૫૦૩૨

તેજસ-પાયલ, દેવાંશ, દિયા
(યુ.એસ.એ.)

રિન્કુ-ચિરાગકુમાર, પ્રથા, દ્વિજ
(યુ.કે.)

સ્વ. શ્રી દ્વારકાદાસ છોટાલાલ શાહ અને માતૃશ્રી પાર્વતી બા તથા સમગ્ર પરિવારનાં જય જય શ્રી ગોકુલેશ

શ્રી ચંપકલાલ ડી.શાહ, શ્રીમતી હસુમતીબેન સી.શાહ
(૧૦, પ્રતિભા સોસાયટી, જવાહરચોક,સાબરમતી)

અમિતા રોનકકુમાર શાહ, વિશાખા સંજયકુમાર શાહ, ફાલ્ગુની પરેશકુમાર પરીખ (U.S.A.) રોમિત, અનિકેત, અનમોલ, રીષા, રેના

ઓફીસ : કીર્તિકુમાર પ્લાઝા
(Structure Engineer & Govt. Approved Valuer for Land & Building Cat, A.)
Tel.No. (O) 26460951
(R) 27500729

mental Technology = ઉદ્યોગ, ઉત્પાદન, Materials, Chemical Processes અને Environment સાથે જોડાયેલા ક્ષેત્રો.

આનો અર્થ એ નથી કે દરેક વિદ્યાર્થીએ આ જ ક્ષેત્રોમાં જવું જોઈએ. મુદ્દો માત્ર એટલો છે કે ભવિષ્યમાં બે કે તેથી વધુ ક્ષેત્રોના જ્ઞાનનું સંયોજન વધુ મહત્ત્વનું બની શકે છે.

કઈ Skills સૌથી વધુ મહત્ત્વની રહેશે ?

ડિગ્રીનું મહત્ત્વ રહેશે, પરંતુ માત્ર ડિગ્રી પૂરતી નહીં હોય. વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછી પાંચ પ્રકારની ક્ષમતા વિકસાવવી જોઈએ :

(૧) Technology Literacy : AI અને આધુનિક Digital Toolsનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ. (૨) Analytical Thinking : સમસ્યાને સમજવી, માહિતી પર પ્રશ્ન કરવો અને યોગ્ય નિર્ણય સુધી પહોંચવું. (૩) Communication : વિચારને સ્પષ્ટ રીતે સમજાવવાની, લખવાની અને લોકો સાથે વ્યવહાર કરવાની આવડત. (૪) Practical Problem-Solving : માત્ર પરીક્ષામાં જવાબ લખવો અને વાસ્તવિક જીવનની સમસ્યા ઉકેલવી – બંને અલગ બાબતો છે. (૫) Continuous Learning : કદાચ આ સૌથી મહત્ત્વની આવડત બની શકે છે.

૨૦૨૮માં Graduate થનાર વિદ્યાર્થી એવી અપેક્ષા રાખી શકે નહીં કે કોલેજમાં શીખેલું જ્ઞાન નિવૃત્તિ સુધી પૂરતું રહેશે. ભવિષ્યનો સફળ Professional કદાચ પોતાની કારકિર્દી દરમિયાન ઘણી વખત શીખશે, જૂનું ભૂલશે અને ફરી શીખશે.

માતા-પિતાએ શું કરવું જોઈએ?

માતા-પિતા સ્વાભાવિક રીતે પોતાના બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવા માંગે છે. પરંતુ બદલાતી દુનિયામાં કોઈ એક સંપૂર્ણ "Safe Profession" શોધવો કદાચ શક્ય નથી. તેના બદલે માતા-પિતાએ બાળકની કુદરતી શક્તિઓ ઓળખવામાં મદદ કરવી જોઈએ. જો બાળકને Mathematics અને Technology ગમે છે તો Engineering, Computer Science, AI અથવા Data સંબંધિત ક્ષેત્રો યોગ્ય હોઈ શકે. જો બાળકને Machines અને Practical Work ગમે છે તો Electrical, Mechanical, Mechatronics, Automation અથવા EV ક્ષેત્રો યોગ્ય હોઈ શકે. જો બાળકને Commerce અને Business ગમે છે તો Accounting, Taxation, Finance અને Management સાથે Technologyનું સંયોજન સારું બની શકે. જો બાળકને લોકો સાથે કામ કરવું ગમે અને Service-oriented Profession પસંદ હોય તો Healthcare તથા અન્ય People-centred

॥ જય શ્રી રાધે ॥ સ્વ. રૂક્ષ્મણીબેન ડાહ્યાલાલ પાનાચંદ શાહ
જયંતિલાલ શાહ
જ્યોતિબેન શાહ
જ્યોતિ મેટરનીટી નર્સિંગ હોમ ઓસુન પાર્ક, નહેરૂનગર, અમદાવાદ - ૧૫
ડો. પ્રફોશ શાહ M.D. શૈલેશ શાહ (USA) સોનલ શાહ (USA)
ડો. પારૂલ શાહ M.D. ડો. મોના શાહ M.D. (USA) સ્વાતિ શાહ (USA)
ડો. ફોરમ, ભક્તિ, હરિની, મનસ, ગુંજા, કિર્તન,
ફોન : ૨૬૭૩૧૭૫૯ - ૯૮૨૪૦૫૦૯૧
સ્વ. ગોવિંદભાઈ, સ્વ. ચંપકભાઈ કનુભાઈ, ધનલક્ષ્મીબેન, આનંદીબેન, મનહરલાલ ડી. શાહ
-: સૌજન્ય :-
શ્રી મહાસુખલાલ પાનાચંદ શાહ સ્મારક સમિતિ,
મુંબઈ

Careers પર વિચાર કરી શકાય. એવરેજ બાળક હોય તો ગવર્મેન્ટ માટેની વર્ગ ૨-૩ કે ૪ની પરીક્ષા આપીને પાસ થઈ જઈને ગવર્મેન્ટ જોબ મેળવી શકાય. જેના માટે કેળવણી મંડળ ખૂબ પ્રયત્ન કરી રહ્યું છે. મુખ્ય વાત એ છે કે Careerને બાળક પર લાદવાને બદલે બાળકની ક્ષમતા પ્રમાણે Career પસંદ કરવું જોઈએ.

AI સાથે સ્પર્ધા નહીં – AI સાથે કામ કરવાનું શીખવું

આજના સમયમાં વિચારવાની સૌથી મોટી જરૂરિયાત કદાચ આ છે : આપણે બાળકોને AI સાથે સ્પર્ધા કરવાનું નહીં, પરંતુ AI સાથે બુદ્ધિપૂર્વક કામ કરવાનું શીખવવું જોઈએ. કમ્પ્યુટર માણસ કરતાં ઝડપથી ગણતરી કરી શકે છે. AI વિશાળ પ્રમાણમાં માહિતીનું વિશ્લેષણ કરી શકે છે. Software વારંવાર થતું કામ સતત કરી શકે છે. પરંતુ Human Judgment, Creativity, Responsibility, Empathy, Communication, Leadership અને Practical Knowledgeનું મહત્ત્વ રહેશે.

આથી ભવિષ્યનું સૌથી મજબૂત સફળતા કદાચ આ હશે : માનવીય કૌશલ્ય + વ્યવસાયિક જ્ઞાન + AI – આ ત્રણમાંથી કોઈ એક નહીં, પરંતુ ત્રણેયનું સંયોજન.

શું તમે 'હાઈલી સેન્સિટિવ પર્સન' છો ?

– ડૉ. પ્રશાંત ભીમાણી, કન્સલ્ટિંગ સાયકોલોજિસ્ટ

'ડૉકટર, કદાચ આ જમાનામાં મારા જેવા 'સાચ્ચા દિલના' માણસો ના ચાલે એવું મને સતત લાગ્યા કરે છે. હું છે ને, બહુ ઈમોશનલ છોકરી છું. મારી બત્રીસ વર્ષની ઉંમરમાં મેં એટલા બધા અનુભવો કર્યા છે કે એક પુસ્તક લખી શકું. પ્રોબ્લેમ એ છે કે, હું જેને પ્રેમ કરું એ મને ઈમોશનલી વાપરી નાંખે છે. આપણે નાના હોઈએ ત્યારે શીખ્યા હોઈએ કે લાગણીશીલ વ્યક્તિ જ સાચો માણસ છે બાકી બધા સ્વાર્થી કહેવાય તો શું એ વાત ખોટી છે ? હું દરેક વસ્તુ દિલથી વિચારું છું એ વાત ખોટી છે ? હું દરેક વાતને ઝીણવટપૂર્વક અનુભવીને એ વ્યક્તિ સાથે નજીક જઉં એ ખોટું છે ? શું આ દુનિયામાં મારા જેવા માણસો માટે કોઈ જગ્યા નથી ? આ આખી દુનિયા બનાવટી જ છે ? રીચાના સવાલોમાં આશ્ચર્ય અને દુઃખ મિશ્રિત હતા. જો તમને મોટા ભાગની સમસ્યાઓ 'દિલ' સુધી વાગતી હોય, આસ-પાસની પરિસ્થિતિનું વધુ પડતું વિશ્લેષણ કર્યા કરતા હો તેમજ નજીવી બાબતો પરત્વે પણ 'ડિટેઈલ' માં જઈને દુઃખી થઈ જતા હો તો શક્ય છે તમે તીવ્ર સંવેદનશીલ વ્યક્તિ એટલે કે હાઈલી સેન્સિટીવ પર્સન (H.S.P.) હોઈ શકો. આ એક

સ્વ. શીવલાલ પાનાચંદશાહ તથા સ્વ. રેવાબેન તથા સ્વ. શકરીબેન (આકરૂન્દવાળા)
હ. શાહ કનુભાઈ, શીલાબેન, રાકેશ, નીકીતા, શેતલ, સોનલ, કુશ, ધૈર્ય, નીલ, મીતના જય જય ગોકુલેશ
સૌજન્ય : શ્રી વિનય ટ્રેડર્સ, સે.-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૦૭૯-૨૩૨૨૧૫૧, (રહે.) ૨૩૨૨૧૦૦૭

: સૌજન્ય :
સ્વ.ગુણવંતભાઈ ચીમનભાઈ સુતરીયા, નેશનલ ક્લોરિન કોર્પો. વાળાની સ્મૃતિમાં
શ્રી નવીનચંદ્ર ચીમનલાલ સુતરીયા - નેશનલ કેમીકલ કોર્પોરેશન
બી-૯ દેવકરણ મેન્શન, પાઠક વાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૦૬૯૯૫૪, ૨૦૬૨૨૧૧૮

મનોવૈજ્ઞાનિક રીતે સ્વીકૃત પરિભાષા છે. આપણામાંના દર પાંચમાથી એક વ્યક્તિમાં આ સ્થિતિ જોવા મળે છે. જેનાથી એ પોતે પણ અજાણ હોય છે. આનો મતલબ એ કે, એક સાધારણ વ્યક્તિ કરતા આવા લોકો લાગણીઓને વધુ તીવ્ર ઉંડાણથી અનુભવ્યા કરે છે. આવા લોકો એક જ ઈમોશનલ મુદ્દા પર વધુ પડતું વિચાર્યા કરે છે. એના વિશે ઝડપી પ્રતિક્રિયાઓ આપી દે છે પછી ભલે તે નેગેટીવ હોય કે પોઝિટીવ. સંશોધનો દર્શાવે છે કે, આવા લોકોને વધુ પડતી ભીડ કે ઘોંઘાટથી ભાગી છૂટવું હોય છે. દરેક બાબતોને ઈન્ટ્યુશન કે અંતઃસ્ફૂરણા સાથે જોડી દે છે. પોતાનો મૂડ પોતાની આસપાસના લોકોના પ્રતિભાવો ઉપર આધારિત હોય છે. જો કોઈ પોતાના પર ટીકા-ટીપ્પણી કરે તો તરત જ ઊંડા આઘાતમાં સરી પડે છે. કોઈનો વિશ્વાસઘાત કે જુઠ્ઠાણું આવા લોકોમાં અતિશય નકારાત્મક અને લાંબા સમયની અસરો જન્માવી જાય છે. ટૂંકમાં, કોઈએ છોડેલો તુક્કો તીર બનીને વાગી જાય છે અને મન લોહીલુહાણ થઈ જાય છે. લોહીચુંબકની જેમ નેગેટીવીટી આકર્ષવા અવિરત તૈયાર રહેનારા આવા 'હાઈલી સેન્સિટીવ પર્સન' એવું માને છે કે, પોતાનો જન્મ દુઃખી થવા જ થયો છે. દુઃખ જ સત્ય અને શાશ્વત છે, સુખ તો એક છળકપટ છે. દુઃખ પરમેનન્ટ છે અને સુખ ટેમ્પરરી છે. આવા અતિશય સંવેદનશીલ લોકોએ કેટલીક બાબત સમજવા જેવી છે. સૌ પહેલાં તો એ કે આપણી આસપાસની દુનિયા આપણી અપેક્ષાઓ પ્રમાણે ચાલે તે જરૂરી નથી. અન્ય વ્યક્તિના પ્રતિભાવો કે પ્રતિક્રિયાઓ પર આપણું નિયંત્રણ હોતું નથી. આવા સંજોગોમાં સંબંધો પ્રત્યેની સભાનતા આપણને ખૂબ મદદ કરે છે. સંબંધોમાં લાગણીની આપ-લે માટેનો કોઈ સમાનતાનો નિયમ નથી. લાગણીનો વ્યવહાર અરસ-પરસ સમાન રીતે જ થાય એ માત્ર એક આદર્શ સ્થિતિ છે. ૧૯-૨૦નો ફરક તો દરેકમાં રહેવાનો જ..... માત્ર આપણો વ્યવહાર સમાન રાખવાનો પ્રયાસ હોવો જોઈએ. લાગણીઓની અભિવ્યક્તિમાં સંતુલન ખૂબ મહત્ત્વનું છે. જો પોતાના મનમાં શરમ, દુઃખ કે નકામાપણાની ભાવના હોય તો સૌ પ્રથમ એને સ્વીકારીને સુધારવાની શરૂઆત કરવી. પ્રતિરોધ કરવાને બદલે પોતાની આવેગાત્મક નબળાઈઓની જાણકારી પોતાને વધુ મજબૂત બનાવે છે. પોતાની જાતને સંવેદનાની દૃષ્ટિએ બીજા સાથે સરખાવવાનું બંધ કરવું જોઈએ. દરેકને પોતાની લાગણીનો અલગ સૂર હોય છે. બીજું, સ્વ-ટીકા કરવાથી બચો. હાલમાં 'હું આવું વર્તન કરી શકું છું અને એ વર્તનની જવાબદારી

શ્રી શંકરલાલ શિવલાલ તલાટી પરિવારના પૂ. મંગળાબાના જયશ્રીકૃષ્ણ - કપડવંજ, (લસુન્દ્રાવાળા)

શ્રી હરિવદનભાઈ - અ.સૌ. ભાવનાબેન | શ્રી અરવિંદભાઈ - અ.સૌ. દક્ષાબેન | શ્રી દિપકભાઈ - અ.સૌ. ભાવનાબેન | શ્રી પરસોત્તમભાઈ - અ.સૌ. પન્નાબેન | સ્વ. રીટાબેન દિપકભાઈ તલાટી

શ્રી હેતુલ - કેતકી - વ્રજ - દેવાંશ | શ્રી પ્રતિક - બિજલ - દેવ - શીયા | શ્રી કવન - મૌનિકા | શ્રી સચીન - રીતુલ

પદમાબેન - નરેન્દ્રકુમાર | ગીતાબેન - ભગવાનદાસ | કાશ્મીરા - શિરીષકુમાર | જૈમિષા - રાજાકુમાર

કોમલ - જયેન્દ્રકુમાર | કાજલ - કલ્પેશકુમાર | મોનલ - કેયુરકુમાર | દિવ્યા - રીતેશકુમાર

હેતા-બિન્દ્રા, ધ્રુવિલ | ઋતાંશ, ભવ્યા | રચિત, આર્ય, આયુષ | દૈવિક, યશ્વી, ભક્તિ,

પ્રેમલ-શીતલ, સાગર-વૈશાલી, મિનલ-જયેશકુમાર, ભાવિશા-ભાવેશકુમાર, હેમીતા - આશીષકુમાર, રીન્કુ-પ્રજ્ઞેશકુમાર

સૌનું કલ્યાણ ઈચ્છતી સ્વ. ભારતીબેન સુરેશભાઈ શાહ પરિવારના જય શ્રીકૃષ્ણ

હ. ચેતનભાઈ, આશિષભાઈ, નીતાબેન

સૌજન્ય : L.I. ફાર્મસ્યુટિકલ

૪/બી, સિદ્ધાર્થ સોસાયટી, જુના સચિવાલય પાસે, કેતન પેટ્રોલ પંપની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-૧૫

હું પોતે લઉં છું.' આવું વિચારવાથી અપરાધ ભાવના નિયંત્રણમાં આવે છે. આત્મવિશ્વાસ વધે છે. એ સમજવું જરૂરી છે કે દુનિયાના બધા લોકોનો તમને લાગણીની દૃષ્ટિએ હાની પહોંચાડવાનો હેતુ નથી હોતો. ઘણીવાર તો તમે જેને વિશે આટલું બધું વિચારો છો એ વ્યક્તિ પોતાનામાં જ મસ્ત હોય છે. એને તમારા વિશે વિચારવાનો સમય કદાચ ન પણ હોય. આ વાસ્તવિકતા સ્વીકારવી જરૂરી છે. સંબંધ હોય કે કામ, વધુ પડતા મોટા ધ્યેયો પોતાની પાસેથી અવાસ્તવિક અપેક્ષાઓ ઊભી કરે છે જેને લીધે સ્ટ્રેસ કે ડિપ્રેશન વધે છે. પોતાને કારણ વગર પંપાળવાને બદલે જાત પ્રત્યે કરૂણા અને પ્રેમ રાખવાનું શરૂ કરો. આ એક સ્વસ્થ વર્તન છે.

વિનિંગ સ્ટ્રોક : યાદ રાખો, સંતુલિત તર્કને વાપરવાની ટેવ આપણને લાગણીની દ્રષ્ટિએ વપરાતા બચાવે છે.

દીકરી વહાલનો દરિયો

– ડૉ. કેતનકુમાર ગોવિંદલાલ ગાંધી, વડોદરા

હમણાં થોડાક દિવસ પહેલાં મારે ત્યાં દવાખાનામાં કામ કરતી બહેને એક અઠવાડિયાની રજા પાડી. અને અચાનક જ અમારું કામ વધી ગયું. આટલા વર્ષોમાં કદી તે આટલી રજા એક સાથે લેતી નહોતી. પેશન્ટના ફોન લેવાથી માંડી પેશન્ટને સમજાવવા સુધીનાં દરેક નાના-મોટા કામ સંભાળતી. મને પડેલી તકલીફથી મનમાં થયું કે જે પિતા સાથે પુત્રી બેથી અઢી દાયકા સુધી રહેતી હોય અને અચાનક એક દિવસ સાસરે જતી રહે તો પિતાને કેટલી મોટી તકલીફ પડતી હશે. મા-બાપ, ભાઈ-બહેન, સહેલી, કુટુંબ-પરિવાર મૂકીને સાસરે જાય છે. આ ત્યાગ છે. કોઈ સાધુ સંતોનો ત્યાગ આની પાસે કંઈ નથી. આ ત્યાગને મારા સો સો સલામ. પિયરિયાનાં તમામ સંભારણાને પોતાના હૃદયમાં એક ખૂણામાં ધરબી દે છે. સાસરિયાવાળા કે ગામવાળા પૂછે કે વહુ કરિયાવરમાં શું લાવી ? કન્યાની લાગણીઓનો અહીંયા કોઈ વિચાર જ નથી કરતું. હકીકતમાં સાસરિયામાં આવતી દીકરી બાપાને ઘેરથી શું લાવી કરતાં કેટલું બધું મૂકીને આવી છે. માબાપ, ઘરબાર, પરિવાર, ગામ આ બધું મૂકીને આવી છે. આ વસ્તુનો જ્યારે સમાજ વિચાર કરશે ત્યારે જ તેના સંસારમાંથી સુગંધ આવશે.

નવી વહુનું સાસરિયામાં આવવું અને નવા બાળકનો જન્મ થવો એક જેવું જ છે. બાળક જ્યાં સુધી માના ઉદરમાં છે, એને કોઈ કષ્ટ નહોતું. ખોરાક, હવા, પાણી વગેરે મા દ્વારા જ મળતું. કોઈ અવાજ-ઘોંઘાટ નહીં, પૂર્ણ શાંતિ હતી એને માના ઉદરમાં. પરંતુ જ્યારે નવ મહિના

સ્વ. વસંતલાલ કે. શાહ (ગાબટ) તથા સ્વ. વસુમતી વી. શાહના જયશ્રી કૃષ્ણ

હ. વસંત કે. શાહ એન્ડ કું. - ૮૦૫, સુપથ, રસરંજનની સામે, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૪૦૫૭૨૬/૩૦૨૨૫૭૨૬

લી. ધર્મેશ, રાજલ, હર્ષ, વિશાલ, મેઘા, કથન, પાર્થ, હેતલ, ભાવેશ, મેઘા, ધીર, સવિતાબા

સ્વ. સાંકરલાલ રણછોડદાસ શાહ તથા
સ્વ. કમળાબેન સાંકરલાલ વાઘોડિયાવાળાના જય શ્રીકૃષ્ણ
હ. શાહ ધીરજલાલ સાંકરલાલ તથા આ.સૌ. કાંતાબેન,
ચિ. શરદભાઈ, છાયા, વિશ્વાસ તથા હાર્દિકના જય શ્રીકૃષ્ણ
ફોન નં. ૦૨૬૬૮-૨૬૨૨૯૨, વાઘોડિયા, જી. વડોદરા

બાદ એને બહાર આવવાનું થાય ત્યારે કષ્ટ થાય છે. હવે એને ખોરાક, હવા, પાણી જાતે લેતાં શીખવું પડશે. ચાલતાં-બોલતાં શીખવું પડશે.

બસ આવું જ નવી આવેલી વહુ માટે છે. જે અત્યાર સુધી પિતાને ઘરે હતી. કોઈ ચિંતા નહોતી. હવે નવા ઘરમાં ચલાવતાં શીખવું પડે છે. સાસુ-સસરા કે પરિવારના સભ્યો આવો ખ્યાલ રાખતાં જ હોય છે. જેમ બાળકનો ઉછેર જે મહેનત, જે પ્રેમ માગી લે છે તેમ ઘરમાં આવેલી નવી વહુ આવો જ ઉછેર, મહેનત માગી લે છે. દીકરીનો જન્મ થયા પછી પિતાને ત્રીજી અશ્રુભીની આંખ મળે છે. જે દિલમાં હંમેશાં છુપાયેલી રહે છે. પ્રકૃતિએ પુરુષને રડવા માટે આ ત્રીજી આંખ આપી છે. જ્યારે ત્રીજી આંખ રડે છે ત્યારે દીકરીને વિદાય આપતો ચોધાર આંસુડે રડતો બાપ રૂડો લાગે છે. દીકરીના બાપ હોવું એટલે દુનિયાની સૌથી નસીબદાર વ્યક્તિ હોવું. દીકરીની મા હોવું એટલે પોતાના સ્ત્રીપણાને પોતાનામાં જ ફરી એક વાર ઉછેરવું. ઘરના આંગણમાં ફૂલો ઉગાડ્યાં હશે તો આંગણું ખુશ્બૂદાર બનશે પણ ઘરમાં એક દીકરી હશે તો જિંદગી જ ખુશ્બૂદાર બની જશે. લગ્ન સમયે બધાનું બધામાં ધ્યાન હોય છે, પણ દીકરીની મનઃસ્થિતિની ખબર કોઈને પડતી નથી.

કંકોત્રીમાં પોતાના નામ પછીના કૌંસમાં લખેલું નામ કદાચ છેલ્લી વાર પોતાની ઓળખ બતાવી રહ્યું છે. હવે નામની પાછળ બદલાતું નામ અને બદલાતી અટક સાથે વાતાવરણ પણ બદલાવાનું છે. ગઈ કાલ સુધી જે દરેક ઇચ્છાઓ પૂરી કરાવીને જ જંપતી હતી, આજે એ ઇચ્છાઓ પર કાબૂ મેળવતાં શીખી ગઈ હોય છે. કારણ કે દીકરી કોઈને કશું જ કહેવા માગતી નથી. દીકરી એટલે ઈશ્વરના આશીર્વાદ નહીં, દીકરી એટલે આશીર્વાદમાં મળેલા ઈશ્વર. એક લીલા પાનની અપેક્ષા હોય પરંતુ આખી વસંત ઘરે લઈ આવે એનું નામ દીકરી. જેની એક મીઠી મુસ્કાનથી પિતાનો આખા દિવસનો થાક અને કંટાળો દૂર થઈ જાય એનું નામ દીકરી. દીકરીના પિતા બનવાનું સુખ દરેક માણસના નસીબમાં નથી હોતું.

નિવૃત્ત વ્યક્તિનું જીવન

– જ્યોતિષભાઈ ઓ. શાહ, બાલાસિનોર

દુનિયાનો નિયમ છે કે, દરેક નિવૃત્ત વ્યક્તિનું જીવન ત્રણ તબક્કામાંથી પસાર થાય છે : તબક્કો-૧ : ઉંમર ૫૮થી ૬૪+, તબક્કો-૨ : ઉંમર ૬૫થી ૭૧+, તબક્કો-૩ : ઉંમર ૭૨થી ૭૭+. **તબક્કો-૧ :** ઉંમર ૫૮થી ૬૪. આ સમયે તમારું કાર્યસ્થળ તમને ત્યજી દેવાનું શરૂ કરશે. તમે તમારા કાર્યકારી જીવનમાં ગમે તેટલા સફળ કે

સૌ વૈષ્ણવને જયશ્રીકૃષ્ણ : કનુભાઈ હરીલાલ શાહ (સુરતવાળા)
પ્રેમીલાબેન શાહ - નીતીન શાહ - ડોલી બેન શાહ - સંજય શાહ - અલ્પાબેન શાહ - દેવ શાહ,
રીયા શાહ, નૈત્રી શાહ, મૈત્રી શાહ (સીમેન્ટવાળા)
કનુભાઈ : ૯૮૨૫૧૩૨૦૫૦
નિતિનભાઈ : ૯૮૨૫૧૨૧૨૫૮
સંજયભાઈ : ૯૮૨૫૧૩૯૨૦૩
૩૮, નર્મદનગર, આઠવા લાઈન્સ, સુરત.

શ્રી ધીરજલાલ ઓચ્છવલાલ અમૃત મહોત્સવ ટ્રસ્ટ
કાંટાવાળા પરિવાર કપડવંજની શુભેચ્છાઓ

શક્તિશાળી હોય, હવે તમને એક સામાન્ય વ્યક્તિ તરીકે જોવામાં આવશે. તેથી તમારા જૂના પદના ગર્વ અને વલણને વળગી રહેશો નહીં.

તબક્કો-૨ : ઉંમર ૬૫થી ૭૧. આ ઉંમરે સમાજ ધીમે ધીમે તમને ત્યજી દેવાનું શરૂ કરશે. તમને જૂના સાથીદારો દેખાશે નહીં અને તમારા કામના મિત્રો ઓછા થશે. તમારા જૂના કાર્યસ્થળના ઘણા લોકો તમને ઓળખી પણ નહીં શકે. 'હું ત્યાં હતો' અથવા 'હું પણ ત્યાં હતો' એવું ના કહો કારણ કે નવી પેઢી તમને ઓળખતી નથી. તેના વિશે દુઃખી ના થાઓ.

તબક્કો-૩ : ઉંમર ૭૨થી ૭૭. તમારો પરિવાર ધીમે ધીમે તમને ત્યજી દેવાનું શરૂ કરશે. બાળકો અને પૌત્ર-પૌત્રીઓ સાથે પણ તમે મોટેભાગે તમારા જીવનસાથી સાથે અથવા એકલા રહેશો. જો તેઓ ક્યારેક ક્યારેક મુલાકાત લે છે, તો તે તેમના પ્રેમની નિશાની છે. તેમની અવારનવાર મુલાકાત માટે તેમને દોષ ન આપો. તેઓ પોતાના જીવનમાં વ્યસ્ત છે અને ૭૭ વર્ષની ઉંમર પછી પૃથ્વી પણ છોડી દેવા માગશે.

આ કુદરતનો શક્તિ સંતુલનનો નિયમ છે. કોઈ તમને આમાંથી બચાવી શકશે નહીં. જીવનનો પડદો ગમે ત્યારે પડી શકે છે. તે સમયે દુઃખી કે પસ્તાવો ના કરો. આ જીવનનું નિયમિત ચક્ર અને અંત છે. દરેક વ્યક્તિ આ રીતે પસાર થાય છે અને બાકીના લોકોને આ રીતે પસાર થવું પડશે. તેથી જ્યાં સુધી તમારા જીવન-શરીર સ્વસ્થ છે, તમારા બાકીના જીવનમાં સંપૂર્ણ આનંદ માણો. તમને જે ગમે છે તે આનંદથી ખાઓ. તમને ગમે છે તે ઉત્સાહથી કરો. રમો અને આનંદ કરો અને ખુશ રહો. પ્રિય વરિષ્ઠ અને સિનિયર સિટિઝન નાગરિક મિત્રો માટે અમારા જેવી તમારા બધા મિત્રોને વારંવાર મળો. ફોન ઉપર સંપર્કમાં રહો. જૂના સંસ્મરણોને યાદ કરી તાજા કરો અને આનંદ કરો. કારણ કે આ જીવન ફક્ત એક વાર મળે છે. તો હંમેશાં ખુશ રહો. ઉદાસીન ચહેરો ના રાખો, હસતા રહો અને હસાવો.

આ જીવન ક્ષણભંગુર છે. જીવનનો ભરોસો નથી. આજે મળ્યા અને કલાક પછી બીજા સમાચાર હોય. જીવનમાં પ્રેક્ટિકલ બનો. બાંધછોડ કરો. સિનિયર સિટિઝન ક્લબમાં જાવ. તમારો મનપસંદ કોઈ પ્રસંગ બધાની વચ્ચે પ્રગટ કરો, જેથી તમારું મન હળવું થશે. મોર્નિંગ વોક દરરોજ ૫ કિમી માણો. તમે જો આર્થિક રીતે પગભર હો તો પોતાના સ્વજનને આર્થિક મદદ કરો. પણ આર્થિક મદદની વાત ગુપ્ત રાખો. જાહેર ન કરો. જો તમે શારીરિક રીતે સ્વસ્થ હો તો સમાજની સેવાકીય સંસ્થામાં બુદ્ધિ-શક્તિનો ઉપયોગ કરો.

શ્રી જે.સી. શાહ પરિવાર તરફથી સૌ જ્ઞાતિજનોને જયશ્રી કૃષ્ણ

જગદીશ સી. શાહ	જૈમિન જે. શાહ	શિતલ ડી. શાહ	વિનીષા જે. શાહ	અનીક એસ. શાહ
જયશ્રી જે. શાહ	અમીષા જે. શાહ	રાખી એસ. શાહ	વ્યોમ જે. શાહ	કૈરવી એસ. શાહ

સમસ્ત ખડાયતા બંધુઓને અમારા જયશ્રી કૃષ્ણ

શ્રી રજનીકાન્ત અંબાલાલ ભગત
માજીપ્રમુખ, શ્રી ખડાયતા કેળવણી મંડળ

શ્રી જતીનભાઈ આર. ભગત
મે. ડાયકેમ ઈમ્પેક્સ (કેમિકલના વેપારી)

ધીરે બોલો, મધુર બોલો, સ્પષ્ટ બોલો.

ફોન : (ઘર) ૫૪૨૧૮૦૩૭ (ઓ) ૨૬૪૦૧૮૫૦

તો આપણું જીવન સાર્થક અને સફળ જીવ્યા તેવું લાગશે. પાછળની પેઢી યાદ કરશે.

દેશમાં વધતી જતી વૃદ્ધોની સંખ્યા એક વિકટ સમસ્યા

– ડૉ. કૃષ્ણકાંત શાહ, ભરૂચ

૧૪૦ કરોડ વસ્તી ધરાવતા ભારતમાં વસ્તી વધારાનો દર ૧.૯ છે. સામાન્ય રીતે એવો અનુભવ છે કે જ્યારે કોઈપણ દેશનો વસ્તીનો વધારો ૨.૧ ટકાથી નીચે જાય છે ત્યારે તેના ચાર પરિણામો આવે છે : (૧) વસ્તીમાં ઘટાડો શરૂ થાય છે. (૨) જન્મદર ઘટવાને કારણે ક્રમશઃ બાળકોની અને યુવાનોની સંખ્યામાં સતત ઘટાડો થાય છે. (૩) સરેરાશ આયુષ્યના વર્ષમાં વધારો થતાં વૃદ્ધોની સંખ્યામાં સતત વધારો થાય છે. (૪) તમામ ક્ષેત્રોમાં માનવબળનો અભાવ વર્તાય છે. સંયુક્ત રાષ્ટ્રના ઈન્ડિયા એઈજિં રિપોર્ટ-૨૦૨૩ મુજબ વર્ષ ૨૦૨૨માં ૬૦ વર્ષોથી વધુ વયના લોકોની સંખ્યા ૧૪.૯ કરોડ હતી, જે ૨૦૫૦ સુધીમાં વધીને ૩૪.૭ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. એટલે કે ૨૫ વર્ષ પછી દર પાંચમાંથી એક ભારતીય વૃદ્ધ હશે. આ બતાવે છે કે વિકસિત અર્થતંત્રના તબક્કે પહોંચતાં પહેલાં જ ભારતની ગણતરી વૃદ્ધ દેશોમાં થવા લાગશે.

કેન્દ્ર સરકાર બજેટનો આશરે ૧૮ ટકા હિસ્સો આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણ પાછળ ખર્ચે છે. આમાંથી વૃદ્ધો સંબંધિત યોજનાઓના હિસ્સે માત્ર ૦.૧૫ થી ૦.૨૦ ટકા રકમ જ આવે છે. સરકારી તિજોરીમાંથી ૬૬૪૫ કરોડ વૃદ્ધાવસ્થામાં પેન્શન પાછળ ખર્ચાય છે. જે ગરીબીરેખા નીચે જીવતા લોકોને આપવામાં આવે છે.

પગારદાર અને વેપારી મધ્યમ વર્ગ પોતાની કુલ આવકના આશરે ૨૦થી ૪૫ ટકા હિસ્સો વિવિધ પ્રકારના ટેક્સ તરીકે ચુકવે છે. તેમ છતાં આ વર્ગને સીધી રીતે સરકાર તરફથી કોઈ સામાજિક સુરક્ષા કે નિશ્ચિત વૃદ્ધાવસ્થા પેન્શન મળતું નથી. આ વર્ગ સરકારી માપદંડો મુજબ મજબૂર, ગરીબ કે નીચલા વર્ગમાં આવતા ન હોવાથી તેને સરકારની કલ્યાણકારી યોજનાની મદદ પણ મળતી નથી. એટલે કે તેણે પોતાના વર્તમાન અને ભવિષ્યની ચિંતા જાતે જ કરવી પડે છે. વર્ષ ૧૯૭૦માં સરેરાશ એક મહિલાને પાંચ કરતાં વધુ બાળકો હતાં. જ્યારે હાલ આ સરેરાશ બે બાળકો કરતાં પણ ઓછી થઈ ગઈ છે. ભારતમાં હાલ વિશ્વની સૌથી મોટી યુવા વસ્તી છે જે કુલ વસ્તીના આશરે ૬૫ ટકા છે. તાજેતરમાં પિરિયોડિક લેબર ફોર્સ સર્વે મુજબ ભારતમાં ૧૫થી ૧૬ ટકા કમાણી કરવા યોગ્ય યુવા વસ્તી પાસે રોજગાર નથી. દોઢથી બે કરોડ યુવાનો બેરોજગાર

સ્વ. ચિમનલાલ મંગળદાસ પંચ પરિવાર તરફથી સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને જયશ્રીકૃષ્ણ

સ્વ. સુરેશભાઈ પંચ
સ્વ. નિરંજનભાઈ પંચ
ગોપાલભાઈ પંચ

પંચ એડવર્ટાઈઝર્સ
૧૭૭૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ પાસે, ગાંધીરોડ, અમદાવાદ. ફોન : ૨૨૧૩૦૫૨૮

રીકીન ગોપાલભાઈ પંચ
ધ્રુતી રિકીન પંચ
દેવાંશી રિકીન પંચ

પંચ લાઈટ્સ - ફેન્સી ડેકોરેટીવ લાઈટ, ઝુમ્મર
૧૭૭૫, ક્રિશ્ના કોમ્પલેક્ષ પાસે, ગાંધીરોડ.
(મો.) ૯૮૨૪૪૪૦૫૦૮

સ્વ. શ્રી નટવરલાલ શંકરલાલ શાહ, સ્વ. સવિતાબેન એન. શાહ (રણાસણ)
ફોન નં. : (રણાસણ) (૦૨૭૭૦) ૮૨૦૭૦ ભરતભાઈ એન. શાહ, અ.સૌ. શર્મિષ્ઠાબેન
રમેશભાઈ એન.શાહ, અ.સૌ. વિણાબેન-ચેતનભાઈ એન. શાહ, અ.સૌ. ચેતનાબેન
ના જય શ્રીકૃષ્ણ (દહીંસરા) મુંબઈ. ફોન : (૦૨૨) ૮૯૫૪૫૦૨
સૌજન્ય : **એન.એસ. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ**

છે, તેમાં પણ શિક્ષિત યુવાનોની સંખ્યા વધુ છે. આટલી મોટી વસ્તી જો પર્યાપ્ત રોજગારી અને યોગ્ય કૌશલ્ય મેળવી લે તો તે ભારતની અર્થ વ્યવસ્થા માટે મોટું એન્જિન બની શકે છે.

ઉત્તર ભારતમાં છ રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડ રીપ્લેસમેન્ટ લેવલથી ઉપર છે, જ્યારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પ્રજનન દર ૧.૨ છે. કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં પ્રજનન દર ૧.૪ છે. ગ્રામીણ વિસ્તારોમાં પ્રજનન દર, શહેરી વિસ્તારો કરતાં વધુ છે. કેરળમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોનો હિસ્સો લગભગ ૨૦ ટકા સુધી પહોંચી ગયો છે. એનો અર્થ એવો થયો કે દક્ષિણનાં રાજ્યો માટે વધતી વસ્તી પડકાર નથી પણ વૃદ્ધ વસ્તી પડકાર છે. કેરળ એક જ રાજ્ય એવું છે કે જ્યાં ઉંમરલાયક લોકોની સમસ્યાના નિવારણ માટે ખાસ મંત્રાલય ઊભું કરાયું છે. એક અંદાજ અનુસાર ૨૦૩૬ સુધીમાં દેશમા વૃદ્ધોની સંખ્યા ૨૩૦ મિલિયનને વટાવી જશે.

કામ કરતા લોકોની સરખામણીમાં આશ્રિત વસ્તીનું પ્રમાણ ફરી વધવા માંડશે. ૨૦૪૧ સુધીમાં દેશે પોતાની યુવા વસ્તીને ઉત્પાદક શક્તિમાં પરિવર્તિત કરવી પડશે. વિશ્વના વિકસિત અર્થતંત્રમાં સ્થાન પામેલા એવા જાપાનમાં જન્મદર સતત ઘટવાને કારણે કામ કરતી યુવા વસ્તી ઘટી રહી છે, જેને પરિણામે વિવિધ ક્ષેત્રોમાં કામદારોની અછતની સમસ્યા સર્જાવા લાગી છે.

વસ્તીમાં અસંતુલન સર્જાતાં અનેક પ્રકારની સમસ્યાઓ પેદા થાય છે. ૨૦૩૦ સુધીમાં કેટલાંય યુગલો સંતાન ધરાવતા નહીં હોય અગર એક સંતાન ધરાવતા હશે. વ્યવસાયિક રીતે શિક્ષિત અને સક્ષમ સ્ત્રીઓને લગ્ન એક અવરોધ અને બોજારૂપ લાગે છે. જ્યારે ભારતનો મોટો ભાગ વસ્તીવૃદ્ધિને બદલે ઘટતા જન્મદરનો સામનો કરી રહ્યો છે ત્યારે પરિવારના કદના આધારે નાગરિકોને ચૂંટણી માટે ગેરલાયક ઠેરવીને સજા કરવી ગેરવ્યાજબી લાગે છે. સુપ્રિમ કોર્ટે આ પ્રશ્ન ઉઠાવ્યો છે.

દક્ષિણ ભારતીય રાજ્યોએ ઘણી વાર દાવો કર્યો છે કે રાષ્ટ્રીય ચિંતાઓ માટે, ઈમાનદારીપૂર્વક વસ્તી નિયંત્રણ હાથ ધર્યું છે ત્યારે તેઓ હવે ઓછા નાણાંકીય સંસાધનોના રૂપમાં કિંમત ચુકવી રહ્યા છે. તેઓ આરોપ લગાવે છે કે જેમને વસ્તી નિયંત્રણની અવગણના કરી છે તેમને કેન્દ્ર સરકાર તરફથી વધુ નાણાંકીય સંસાધનો ફાળવવામાં આવે છે.

વૃદ્ધોની સંખ્યા વધે ત્યારે આરોગ્ય સંભાળ, તેમના માટે કેરટેકર વગેરેની જરૂરિયાત ઉભી થાય છે. સામાન્ય રીતે વૃદ્ધ માબાપોનું ધ્યાન સંતાનો

ગં.સ્વ. મંજુલાબેન કાન્તીલાલ શામળદાસ મહેતા (ગાબટ)નાં જય જયશ્રી ગોકુલેશ



સુરેખા - આનંદ મહેતા, ભાઈ : નિલેશ-બેલા, તરલ-ખુશ્બુ, ધ્વનિલ (કેનેડા), ભાઈ : જીગ્નેશ-શિતલ, હર્ષ, બંસી
ડો. જૈમિક - પ્રાચી મહેતા (કેનેડા) થયા મહેતા (L&T), બહેન મનિષા ● સમીરકુમાર-દિપ-તિથી (વડોદરા)
૬૬, રોયલ વૈભવ હોમ્સ, બાલાજી કુટીર પાસે, અડાલજ, અમદાવાદ. ફોન : ૯૮૯૮૧૬૧૬૧૬

એક ઘન અને બીજું જળ એને બાંધી રાખશો તો એના પર શેવાળ ચડશે ને ગંધાશે
વહેતાં રાખો તો બેઉ ચોખ્ખાં રહેશે.

સૌજન્ય : **સ્પ્રિંગલોક એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ,** વડોદરા.
તથા શ્રી લીલાચંદ ગુલાબચંદ ભલાવત પરિવાર, મોડાસાના જય શ્રીકૃષ્ણ

રાખતા હોય છે, પરંતુ કેરળમાં સંતાનો વિદેશમાં કમાવા ગયા હોઈ તેમના પેરેન્ટ્સનું ધ્યાન તે રાખી શકતા નથી. તે કેરટેકર લાખે છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓ વૃદ્ધાશ્રમ ચલાવે છે પરંતુ તમામ વૃદ્ધાશ્રમો ભરાયેલ પડ્યા છે.

કેરળમાં જાપાન અને યુરોપના મોડલનો અભ્યાસ શરૂ કર્યો છે, જ્યાં વૃદ્ધોની સંખ્યા વધુ છે. વૃદ્ધોને કાયદાનું રક્ષણ મળે તે માટે કેરળમાં નવો કાયદો પણ તૈયાર થઈ રહ્યો છે. કેરળમાં સરકાર કેર હોમ અને વૃદ્ધોની હોસ્પિટલ માટે રોકાણકારોને આમંત્રી રહી છે. વૃદ્ધો માટે બાગબગીચા, ફિટનેસ સેન્ટર્સ, હેલ્થ ડેસ્ક વગેરે ઉભા કરવાનું આયોજન છે.

એક તસવીર... હજારો યાદો

– કિંજલ અંકિત શાહ, મુંબઈ

કેટલીક ક્ષણો પસાર થઈ જાય છે...
પણ તસવીરોમાં કેદ થયેલી લાગણીઓ
ક્યારેય પસાર થતી નથી.

સમય... કેટલો અદ્‌ભુત છે ને ?

આપણી આંખોની સામે ક્ષણોને લઈને સતત આગળ વધતો રહે છે. બાળપણ યુવાનીમાં બદલાઈ જાય છે, હાસ્યભર્યા દિવસો યાદોમાં ફેરવાઈ જાય છે, લોકો દૂર થઈ જાય છે અને સંબંધોના રૂપ પણ બદલાઈ જાય છે. પરંતુ આ સતત દોડતા સમય સામે આપણી પાસે એક નાનકડું, પણ અદભુત માધ્યમ છે – તસવીર. એક નાનકડી તસવીર સમયને રોકી શકતી નથી, પરંતુ સમયની એક અમૂલ્ય ક્ષણને હંમેશાં માટે સાચવી શકે છે. એટલે જ તો એક તસવીર માત્ર તસવીર નથી હોતી પણ એમાં આખી એક દુનિયા વસતી હોય છે.

ક્યારેક જૂના આલ્બમનું એક પાનું અચાનક હાથમાં આવે છે. તસવીર થોડી જૂની થઈ ગઈ હોય, રંગો થોડા ફિક્કા પડી ગયા હોય, પરંતુ તેને જોતા જ આંખો સામે વર્ષો પહેલાંનો સમય તાજો થઈ જાય છે. કોઈના ચહેરા પરનું એ નિર્દોષ સ્મિત, કોઈની આંખોમાં છલકાતો પ્રેમ, સાથે ઊભેલા પરિવારજનો, મિત્રો સાથેની મસ્તીપ અને પછી મનમાં એક જ વિચાર આવે – "કેટલો સુંદર સમય હતો !" એ ક્ષણે સમજાય છે કે આપણે માત્ર ફોટો નથી જોઈ રહ્યા; આપણે તો આપણા જ જીવનનો એક ખોવાયેલો ટુકડો ફરીથી જીવી રહ્યા છીએ.

કેટલીક તસવીરો આપણને હસાવે છે, કેટલીક આંખોમાં આંસુ લાવે છે અને કેટલીક તસવીરો તો એવી હોય છે જેને આપણે લાંબા સમય સુધી નિહાળતા જ રહીએ છીએ. ખાસ કરીને જ્યારે તસવીરમાં કોઈ એવી વ્યક્તિ હોય


સ્વ. રણછોડલાલ કેશવલાલ શેઠ પરિવાર તરફથી સર્વેને જયશ્રી કૃષ્ણ
વિરેન્દ્રભાઈ શેઠ - હંસાબેન શેઠ ● પરેશભાઈ શેઠ - જયશ્રીબેન શેઠ
સૌજન્ય : મારુતી ટ્રેડીંગ પ્રા. લી.


સ્વ. શ્રી ખેમચંદદાસ નાથજીદાસ શાહ પરિવાર (વડાગામવાળા) મોડાસાના જય શ્રીકૃષ્ણ
હ. મુરીબેન કે. શાહ ૬ : શ્રી મનુભાઈ કે. શાહ, શ્રી અરવિંદભાઈ કે. શાહ
નિરવ ટ્રેડર્સ શ્રી રમેશભાઈ કે.શાહના જય જય શ્રી ગોકુલેશ

જે આજે આપણી વચ્ચે નથી, ત્યારે એ ફોટો અચાનક ખૂબ જ કિંમતી બની જાય છે. તસવીરમાં રહેલો ચહેરો આપણને જાણે કંઈક કહેતો હોય એવું લાગે છે. આપણે મનમાં તેની સાથે વાતો કરીએ છીએ, જૂની વાતો યાદ કરીએ છીએ અને એક ક્ષણ માટે એવું લાગે છે કે સમય ખરેખર પાછો આવી ગયો છે. તસવીર સ્પર્શી શકાતી નથી, અવાજ સાંભળી શકાતો નથી, છતાં તેની હાજરી હૃદયને સ્પર્શી જાય છે.

આજના ડિજિટલ યુગમાં એક ક્લિકમાં અસંખ્ય તસવીરો કેદ થઈ જાય છે. મોબાઈલમાં હજારો ફોટા સંગ્રહિત હોય છે, પરંતુ દરેક ફોટો યાદગાર હોય એવું જરૂરી નથી. કારણ કે ફોટાની સુંદરતા કેમેરાની ગુણવત્તામાં નહીં, પરંતુ તે પળની લાગણીમાં હોય છે. બાળકનું પહેલી વાર હસવું, માતાનો પ્રેમાળ સ્પર્શ, પિતાની આંખોમાં સંતાન માટેનો ગર્વ, ભાઈ-બહેનની નાની નાની નોકઝોક, મિત્રો સાથેનું નિર્દોષ હાસ્ય કે પરિવાર સાથેની એક સામાન્ય સાંજ — એ પળો ત્યારે કદાચ સામાન્ય લાગે, પરંતુ વર્ષો પછી એ જ ક્ષણો જીવનની સૌથી મોટી સંપત્તિ બની જાય છે.

જીવનની સૌથી સુંદર વાત એ છે કે મોટી ખુશીઓ કરતાં ઘણી વખત નાની પળો આપણને વધારે યાદ રહે છે. કોઈ પ્રવાસમાં પડેલો એક ફોટો આખો પ્રવાસ યાદ અપાવી શકે છે. જૂના મિત્રોની એક તસવીર વર્ષો જૂની મિત્રતાને ફરી જીવંત કરી શકે છે. લગ્નનો એક ફોટો બે વ્યક્તિઓના જીવનની શરૂઆતની આખી કહાની કહી શકે છે. બાળકપણનો એક ફોટો જોઈને માતા-પિતાને પોતાના સંતાનના પ્રથમ પગલાં, પ્રથમ શબ્દો અને પ્રથમ સ્મિત સુધીની યાદ આવી શકે છે. તસવીર એટલે માત્ર ચહેરો નહીંપ તસવીર એટલે તેની પાછળ છુપાયેલી આખી કહાની.

અને તસવીરો માત્ર વ્યક્તિગત યાદો જ નથી સાચવતી; તે પરિવાર અને સમાજનો વારસો પણ બની જાય છે. જૂના આલ્બમના પાનાં ફેરવીએ ત્યારે આપણને માત્ર લોકોના ચહેરા નથી દેખાતા, પરંતુ એક આખો સમય દેખાય છે — જૂના વસ્ત્રો, ઘરો, તહેવારો, લગ્નપ્રસંગો, રીતરિવાજો અને જીવન જીવવાની સરળ રીત. આજે જે તસવીરો આપણે સાચવી રહ્યા છીએ, તે આવતીકાલે આપણા બાળકો માટે માત્ર ફોટોગ્રાફ નહીં, પરંતુ તેમના પરિવારના ઇતિહાસનું જીવંત પુસ્તક બની શકે છે.

પરંતુ તસવીરોની સૌથી સુંદર વાત કદાચ એ છે કે તે મૌન રહીને પણ ઘણું કહી જાય છે. ફોટો બોલતો નથી, છતાં તેની અંદર હજારો શબ્દો હોય છે. તે હસતો નથી, છતાં આપણા ચહેરા

॥ જયશ્રી રાધે ॥ સ્વ. ડૉ. રસિકલાલ મૂળજીભાઈ ચોકસી તથા ॥ જયશ્રી રાધે ॥
સ્વ. શ્રીમતી શાંતાબેન રસિકલાલ ચોકસીના જયશ્રી રાધે.
ડૉ. આર. એમ. ચોકસી પરિવારના જય શ્રી રાધે.

સૌજન્ય : વોલ્ગા ગેસ કંપની
જી-૨૬, નેશનલ પ્લાઝા, આર. સી. દત્ત રોડ, અલકાપુરી, વડોદરા-૫.
હ. શ્રી સાંકળચંદ લલ્લુભાઈ ભલાવત પરિવાર, મોડાસાવાળા
("ઘસાઈને ઉજળા થઈએ, બીજાને ખપમાં આવીએ." - રવિશંકર મહારાજ)

પર સ્મિત લાવી દે છે. તે રડતો નથી, છતાં આંખો ભીની કરી દે છે. તે આપણને ભૂતકાળમાં લઈ જાય છે, વર્તમાનની કિંમત સમજાવે છે અને ભવિષ્ય માટે યાદો આપી જાય છે. કદાચ એટલે જ જૂની તસવીરોની કિંમત સમયની સાથે ઘટતી નથી – વધતી જાય છે.

આપણે જીવનમાં ઘણું બધું મેળવવા દોડીએ છીએ – સફળતા, સંપત્તિ, સુખ-સગવડો અને ઓળખ. પરંતુ એક દિવસ જ્યારે આપણે પાછા વળીને આપણા જીવન તરફ જોઈશું, ત્યારે કદાચ સૌથી વધુ યાદ નહીં આવે કે આપણે શું ખરીદ્યું કે કેટલું કમાયું. યાદ આવશે તો એ કે કોણ આપણી સાથે હતું, કોની સાથે હસ્યા હતા, કોનો હાથ પકડ્યો હતો, કોના ખભા પર માથું રાખ્યું હતું અને કઈ પળે આપણું હૃદય ખરેખર ખુશ થયું હતું. આ જ તો જીવનની સાચી કમાણી છે – અને આ કમાણી તસવીરોમાં સચવાયેલી રહે છે.

તેથી દરેક સુંદર ક્ષણને માણો, સંબંધોને સમય આપો, સાથે હસો, સાથે પ્રવાસ કરો, તહેવારો ઉજવો અને હાપ તસવીરો જરૂર પાડો. કારણ કે આજે જે પળ આપણને સામાન્ય લાગે છે, એ જ કદાચ આવતીકાલની સૌથી કિંમતી યાદ બની શકે છે. ક્યારેક વર્ષો પછી એ જ તસવીર ફરી હાથમાં આવશે. કદાચ ચહેરા બદલાઈ ગયા હશે, કદાચ કોઈ વ્યક્તિ આપણી વચ્ચે નહીં હોય, કદાચ એ ઘર પણ નહીં હોય અને કદાચ એ સમય ફરી ક્યારેય નહીં આવેપ પરંતુ તસવીર જોઈને હૃદય ધીમેથી કહેશે –

"હા.. આ પળ અમે જીવી હતી.
આ લોકો અમારા પોતાના હતા.
આ હાસ્ય સાચું હતું.
અને આ યાદ.. આજે પણ એટલી જ સુંદર છે."

કારણ કે સમય પસાર થાય છે... લોકો બદલાય છે... પરિસ્થિતિઓ બદલાય છે... પણ સાચી લાગણીથી જીવાયેલી એક સુંદર ક્ષણ, તસવીરમાં કેદ થઈ જાય પછી આખી જિંદગી માટે આપણી બની જાય છે.

એક તસવીર... હજારો યાદો, એક ક્ષણ... આખી એક કહાની, અને એક યાદ... આખી જિંદગીનો સાથ.

જીવનસંધ્યા – પ્રાર્થના અને ભક્તિ

પ્રાર્થના, ભક્તિ અને જીવનસંધ્યા વિશે ભગવાન શ્રીકૃષ્ણ અને મહાત્મા ગાંધીજીના વિચારો જાણવા જેવા છે. જે વરિષ્ઠ નાગરિકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. અને જીવનના ઉત્તરાર્ધમાં તેનું મહત્ત્વ વિશેષ વધી જાય છે. પ્રાર્થના, ભક્તિ અને ઈશ્વર સાથેનો આપણો સંબંધ. આપણે આખું જીવન પરિવાર માટે, સંતાનો માટે, વ્યવસાય

ગાંધી પરિવાર જંત્રાલવાળાના જયશ્રી કૃષ્ણ - સ્વ. નવનીતલાલ એમ., સ્વ. હસમુતિ એન. જંત્રાલ

સ્વ. મોહીતકુમાર - ઉષાબેન (U.S.A.) **ગોપાલદાસ - શાકુંન્તલ જંત્રાલ** **અજીતભાઈ - અલકા, અમદાવાદ**
ચિરાગ (U.S.A.) **ચિન્તન - જાનકી** (U.S.A.) **ઉક્તિ - કેનેડા ● ઉત્સવા - અમદાવાદ**
વિરલ, અંકીતા, અમદાવાદ **ચિરાયું - વૈધહી** (U.S.A.) **રીન્કલ** (U.S.A.)

ચિ. સ્વ. નયનકુમારના સ્મરણાર્થે હ. શ્રી નવીનચંન્દ્ર રણછોડદાસ શાહ (અલીણયા) તથા શ્રીમતી વિમળાબહેન એન. શાહ તથા ગં.સ્વ. મયુરીબેન, કુનાલ, કોરીન, શ્રી લલીતભાઈ અ.સૌ. છાયાબેન એલ. શાહ, પ્રાર્થના ના જય શ્રી કૃષ્ણ
અલીણા. જિ. ખેડા. ફોન : ૩૨૩

માટે અને સમાજ માટે અનેક જવાબદારીઓ નિભાવીએ છીએ. પરંતુ એક સમય એવો આવે છે જ્યારે મન આપણને એક પ્રશ્ન પૂછે છે – "હવે જીવનમાં શાંતિ ક્યાંથી મળશે?" આ પ્રશ્નનો જવાબ આપણને ભગવાન શ્રીકૃષ્ણના ભગવદ્ ગીતાના ઉપદેશમાં અને મહાત્મા ગાંધીજીના જીવનમાંથી ખૂબ સુંદર રીતે મળે છે.

શ્રીકૃષ્ણ આપણને શું શીખવે છે? ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને યુદ્ધથી ભાગી જવાનું કહ્યું નહોતું. તેમણે કહ્યું – કર્મ કરો, કર્તવ્ય નિભાવો, પરંતુ કર્મના પરિણામની અતિશય આસક્તિ ન રાખો. આ સંદેશ આપણા જીવનમાં પણ એટલો જ ઉપયોગી છે. આપણે વડીલો તરીકે ઘણી વખત વિચારીએ છીએ – "મારા સંતાનો મારી વાત કેમ નથી માનતા?" "મેં જે કર્યું તેનું યોગ્ય મૂલ્ય કેમ ન મળ્યું?" "આગળ શું થશે?" "મારા પરિવારનું શું થશે?" પરંતુ ગીતા આપણને એક સુંદર માર્ગ બતાવે છે – જે આપણા હાથમાં છે તે ઈમાનદારીથી કરીએ અને જે આપણા હાથમાં નથી તે ઈશ્વરને સોંપી દઈએ. આ ભાવ આવે ત્યારે મનનો ઘણો ભાર હળવો થઈ જાય છે. ગાંધીજી માટે પ્રાર્થના શું હતી? મહાત્મા ગાંધીજીના જીવનમાં પ્રાર્થનાનું વિશેષ સ્થાન હતું. પરંતુ તેમના માટે પ્રાર્થના માત્ર ભગવાન પાસે કંઈક માંગવાની ક્રિયા નહોતી. પ્રાર્થના એટલે પોતાની અંદર જોવું, પોતાની ભૂલ ઓળખવી, સત્યને સ્વીકારવું અને ઈશ્વર સામે પોતાના અહંકારને નમાવવો. આ વિચાર આપણને ઘણું શીખવે છે. મંદિરમાં જઈને ભગવાનને નમવું સરળ છે. પરંતુ ઘરમાં કોઈની ભૂલ માફ કરવી, કોઈ દુઃખી વ્યક્તિને પ્રેમથી સાંભળવી, પોતાની ભૂલ સ્વીકારવી, જરૂરિયાતમંદને મદદ કરવી અને મનમાંથી જૂની નારાજગી છોડવી – આ પણ પ્રાર્થનાનું જ એક સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ અને ગાંધીજીના વિચારોની સુંદર સામ્યતા જો આપણે બંનેના વિચારોને સાથે રાખીને જોઈએ તો આપણને પાંચ મહત્ત્વના જીવનમંત્ર મળે છે.

૧. કર્મ અને કર્તવ્ય : શ્રીકૃષ્ણ કહે છે – કર્મ કરવું જીવનનો ધર્મ છે. ગાંધીજી કહે છે – સત્ય અને ફરજના માર્ગે ચાલવું જીવનની જવાબદારી છે. અર્થાત્ કામ છોડવું નહીં, કામને પવિત્ર બનાવવું.

૨. નિષ્કામ ભાવ : શ્રીકૃષ્ણ નિષ્કામ કર્મની વાત કરે છે. ગાંધીજીનું જીવન પણ સેવા અને કર્તવ્યને કેન્દ્રમાં રાખતું હતું. અપેક્ષા ઓછી અને સેવા વધારે – આનાથી મનને શાંતિ મળે છે.

૩. સત્ય : ગાંધીજી માટે સત્ય જીવનનું કેન્દ્ર હતું. ગીતા આપણને ધર્મ અને કર્તવ્યના માર્ગે અડગ રહેવાનો સંદેશ આપે છે. સત્યનો માર્ગ ક્યારેક મુશ્કેલ હોય, પરંતુ અંતરમાં શાંતિ આપે છે.

અ.સ્વ.નિર્મળાબેન તુલસીદાસ - સ્વ. પિતાંબરદાસ વીરચંદભાઈ ચૌક - તુલસીદાસ પિતાંબરદાસ શાહ પરિવાર તરફથી સૌને જયશ્રીકૃષ્ણ
દિપકભાઈ શાહ-પ્રતિમાબેન શાહ, કીશોરભાઈ શાહ-હિનાબેન શાહ, બંસરીબેન-રશ્મિભાઈ, આરતીબેન-કમલેશભાઈ, જૈમીનીબેન-તેજસભાઈ,
નૈતિક શાહ - દિપ્તીબેન શાહ, દિવ્યુલ શાહ - ડૉ. કાજલ શાહ, યશભાઈ કી. શાહ - પાર્થવીબેન સૌરભભાઈ ચી. શોભીત
બી-૨૦૨, સ્વપ્નલોક નાટકવાલા ક્રોસ લેન, બોરીવલી, પશ્ચિમ, મુંબઈ-૯૨. ફોન : ૦૨૨-૨૮૦૫૭૩૫૪

શ્રી કાન્તિલાલ કાલીદાસ છોટાલાલ શાહ (સ્વ. કે. કે. શાહ - જરોદવાળા)
શ્રીમતી મધુકાન્તા કે. શાહ
માતા ઈચ્છા બા, ભાઈઓ, ગો.વા. કુબેરભાઈ તથા ચીમનભાઈ,
બહેનો, ગો.વા. જીવકોરબેન તથા શાંતાબેન, જશોદાબેન
હ. કૃષ્ણ, દિક્ષા, રંજન, રેણુ, શિલ્પાના જય શ્રીકૃષ્ણ

૪. ભક્તિ : શ્રીકૃષ્ણ માટે ભક્તિ એટલે પ્રેમ, સમર્પણ અને ઈશ્વર સાથેનું જોડાણ. ગાંધીજી માટે પ્રાર્થના એટલે અંતરાત્માને શુદ્ધ કરવાનો પ્રયાસ. અટલે ભક્તિ માત્ર મંદિરમાં નથી; ભક્તિ આપણા વ્યવહારમાં પણ દેખાવી જોઈએ.

૫. સમર્પણ : જીવનમાં દરેક વસ્તુ આપણા મન પ્રમાણે થતી નથી. કેટલીક બાબતો માટે પ્રયત્ન કરવો પડે છે અને કેટલીક બાબતો સ્વીકારવી પડે છે. પ્રયત્ન આપણો-પરિણામ ઈશ્વરનું. આ ભાવ જીવનને ખૂબ સરળ બનાવી શકે છે.

વરિષ્ઠ નાગરિકના જીવન માટે પાંચ નાની બાબતો :

આપણે મોટી સાધના કરવાની જરૂર નથી. દરરોજ માત્ર પાંચ બાબતો જીવનમાં લાવીએ – (૧) થોડો સમય પ્રાર્થના માટે. ભગવાન પાસે માત્ર માંગીએ નહીં, પરંતુ મળેલા જીવન માટે આભાર પણ માનીએ. (૨) થોડો સમય સ્વાધ્યાય માટે. ગીતા, રામાયણ, ઉપનિષદો કે સંતવાણીમાંથી દરરોજ એક સારો વિચાર વાંચીએ. (૩) થોડો સમય સેવા માટે. કોઈને માર્ગદર્શન આપવું, કોઈની વાત સાંભળવી કે જરૂરિયાતમંદની મદદ કરવી. (૪) થોડો સમય ક્ષમા માટે. વર્ષો જૂની નારાજગી હૃદયમાં રાખવાથી મન જ ભારે બને છે. (૫) થોડો સમય મૌન માટે. દરરોજ થોડા સમય માટે શાંતિથી બેસીને પોતાના મનને સાંભળીએ.

જીવનના ઉત્તરાર્ધનો સાચો અર્થ : વડીલ થવું એટલે જીવનમાંથી નિવૃત્ત થવું નહીં. આ તો જીવનના અનુભવોને જ્ઞાનમાં અને જ્ઞાનને ભક્તિમાં પરિવર્તિત કરવાનો સમય છે. યુવાનીમાં આપણે દુનિયાને જીતવા દોડીએ છીએ. મધ્યવયમાં પરિવાર અને જવાબદારીઓ સંભાળીએ છીએ. પરંતુ જીવનના ઉત્તરાર્ધમાં કદાચ સૌથી મોટી સિદ્ધિ એ છે કે "આપણે પોતાના મનને જીતી લઈએ." શ્રીકૃષ્ણ આપણને કહે છે – કર્મ કરો, સમત્વ રાખો અને ઈશ્વર પર વિશ્વાસ રાખો. ગાંધીજીનું જીવન આપણને કહે છે – સત્ય જીવો, સેવા કરો અને પ્રાર્થનાથી અંતરને શુદ્ધ રાખો. બંનેના માર્ગ અલગ દેખાય છે, પરંતુ અંતિમ સંદેશ ખૂબ નજીક છે- સત્ય + સેવા + નિષ્કામ કર્મ + પ્રાર્થના + સમર્પણ = શાંતિપૂર્ણ જીવન

અંતે, ઈશ્વરને શોધવા માટે હંમેશા દૂર જવાની જરૂર નથી.જ્યારે આપણા કર્મમાં નિષ્કામ ભાવ આવે, વાણીમાં સત્ય આવે, હૃદયમાં પ્રેમ આવે અને જીવનમાં સેવા આવે – ત્યારે ઈશ્વરની અનુભૂતિ આપણા પોતાના જીવનમાં થવા લાગે છે.

રક્ષાબંધન

– પન્ના રાજુ શાહ 'આસ્થા', અમદાવાદ

પરાગભાઈએ અપીલમાં જણાવ્યું હતું, સાહેબ, આજે રક્ષાબંધન પવિત્ર તહેવાર છે, ચુકાદો આજે જોઈએ. આજે કેવો કેસ આવ્યો હશે ?

In the memory of : Kapilaben J. Shah & Jayantilal B. Shah (J.B.Shah)
Compliments From : J. B. Shah Family Trust Mumbai • Kapilaben J. Shah • Shishu Mahila Kalyan Kendra - Modasa • B. D. Shah College of Education - Modasa • J. B. Shah English Medium School - Modsa.

સૌ. શ્રીમતી રંજનબેન રમણલાલ શાહના તથા ચિ. ફાલ્ગુનીના સ્મરણાર્થે
શ્રી રમણલાલ પુરુષોત્તમદાસ શાહ તથા શ્રીમતી સુવર્ણાબેન આર. શાહ - દ. હાર્દિક, નિમી, સોનલ (રણાસણવાળા)

રમણલાલ એન્ડ બ્રધર્સ
Engineers & Contractrors Approved in 'AA' Class Spacialist in : Racarpenting Road by drym Mix Plant, Paver Finisher and All Other Civil Works
૪, નંદનવન ટેનામેન્ટ, નારાયણનગર છેલ્લા બસ સ્ટોપ પાસે, પાલડી, અમદાવાદ-૭. ફોન : (ઘર) ૨૬૬૨૦૯૦૧

કોર્ટના રૂમનું દ્વાર ખુલ્યું. જજસાહેબે અપીલ વાંચી, વિચારમાં પડી ગયાં, તેમણે પરાગભાઈને કહ્યું, કેસમાં શું ચુકાદો આપું ? પરાગભાઈ અને તેમનાં બનેવી એકબીજાંને કરગરી રહ્યાં હતાં, પરાગભાઈએ કહ્યું - ના, આજે તો રક્ષાબંધન અહીંયા ઉજવીશ, રક્ષાબંધનના પવિત્ર તહેવારને ઊંચી આભા આપીશ. જજે પરાગભાઈને કહ્યું તમે શું ઇચ્છો છો ? પરાગભાઈએ કહ્યું, સાહેબ નાનકીને ઘરે લઈ જવા માટે મક્કમ છું. જજસાહેબે કહ્યું, શા માટે ? પરાગભાઈની આંખમાંથી આંસુની ધારા વહી રહી. જીજાજી નિર્દોષ છે... મારે મારી નાનકી જોઈએ. કોર્ટના રૂમમાં બેઠેલા પરાગભાઈના બેન-બનેવી આંખમાંથી આંસુ સારી રહ્યાં હતાં. સાહેબ, વાત એમ હતી પરાગભાઈ અને ચાર બહેનો શિવાબાપા અને પાર્વતીબાના પાંચ સંતાનો ચારે બહેનોમાં પરાગભાઈ મોટા, પરાગભાઈ કમાણી કરી સદ્ધર થયાં. દીકરીઓ ખાનદાન ઘરમાં પરણાવી. બધાં પ્રેમઆદરથી રહેતાં હતાં.

અચાનક પાર્વતીમા મૃત્યુ પામ્યાં, આઘાત જીવવી ના શકતાં બાપા કોમામાં સરી પડ્યા. ચારે બહેનોએ બાપાની સારવારમાં પાછું વળીને જોયું નહીં, પાંચે ભાઈ બહેનોએ બાપાને સાચવ્યાં. એ અરસામાં પરાગભાઈને ધંધામાં મોટો ફટકો પડ્યો. ૮૫ લાખનું દેવું, પિતાની બીમારી, બાળકોનું શિક્ષણ, બધી ચિંતામાં ભાઈ સુનમુન ગયેલ. પરાગભાઈની નાનકી આવી, ભાઈ, લો ૮૫ લાખ, તમારું દેવું ચૂકતે કરી દો, ફરી ઊભાં થઈ જાવ. ઘરની અને બાળકોના અભ્યાસની ચિંતા છોડી દો. બધું જ થઈ પડશે.

આમ ધીમે ધીમે પરાગભાઈને ધંધામાં સફળતા મળી. પિતાજીનું મૃત્યુ થયું. ભાઈ બહેનો ખૂબ જ પ્રેમથી રહેતાં . એક દિવસ સવારે અચાનક બનેવીનો ફોન આવ્યો, નાનકી પડી ગઈ છે, માથામાં ખૂબ વાગ્યું છે, ગંભીર હાલત છે.

હોસ્પિટલમાં ડોક્ટરે કહ્યું - બેન યાદદાસ્ત ગુમાવી બેઠાં છે. સુધારાની શકયતા ઓછી છે. આ પરિસ્થિતિમાં તેમને સાચવવા પડશે. સરોજા ભાભીએ કહ્યું, દીકરીને ઘરે લઈ આવો, હું મારી દીકરીની જેમ રાખીશ. જજસાહેબ મેં કોર્ટમાં અપીલ કરી દીધી, આજે રક્ષાબંધન છે, રક્ષાબંધને હું કેસ જીતી મારી બેનને હાથમાં રાખડી બાંધીશ, મારી નાનકીને અમારી ઘરે લઈ આવીશ.

નિઃસ્વાર્થભાવ નિર્વ્યાજ લાગણી, નિર્લેપ પ્રેમ હૂંફને આગળ રાખીને જજસાહેબે ચુકાદો આપ્યો નાનકીને કોર્ટ સમક્ષ રાખડી બાંધી લાઈ બહેનને લઈ જાય. વાતાવરણ હૃદયદ્રાવક પવિત્ર રક્ષાબંધનમાં પલટાઈ ગયું. પરાગભાઈએ બહેનને રક્ષાપોટલી બાંધી તેનાં શતાયુની પ્રાર્થના કરી.

ચમત્કાર તો કેવો ? પાંચ વર્ષ સુધી યાદદાસ્ત ગુમાવી બેઠેલી નાનકી ભાઈને વળગી પડી અને બોલી ઉઠી, મારા ભૈલા વીરા, હર્ષાશ્રુ વરસી રહ્યાં.

સ્વ. ઉષાબેન ભગવતભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રી ભગવતભાઈ એમ. શાહ ભાનેરવાળા (કર્ણાવતી લૉ હાઉસ) પરિવાર તરફથી સૌને જયશ્રીકૃષ્ણ

શ્રી અલ્કેશ - વનીતા	શ્રી મનીષ - અ.સૌ. નીમા	શ્રી પીંકલ - અ.સૌ. મનીષા	શ્રી કેતુલ - અ.સૌ. ફ્રુપલ
શ્રી પાર્થ - અ.સૌ શ્રુતિ તથા યશ - અ.સૌ. કેશા	પૂજા - મન	પર્વ - આર્ય	હીર - વ્રજ
મો. : ૯૩૨૭૦ ૦૮૨૮૩	મો. : ૯૯૨૪૧ ૧૬૩૨૯	મો. : ૯૮૨૪૦ ૫૧૬૯૦	મો. : ૯૮૨૪૦ ૧૬૩૨૯

૧૦૨, કેસર હાર્મની, રામકૃષ્ણ સોસાયટી, શિવાલીક પ્લાઝા સામે, પાંજરા પોળ ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ-૧૫. (મો.) ૯૮૨૪૦૬૫૭૯૩

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને અમારા જયશ્રી કૃષ્ણ

સ્વ. શ્રી મણીલાલ મનસુખલાલ શાહ તથા સ્વ. કાશીબેન એમ. શાહ (રણાસન)

શ્રી કાન્તિલાલ મણીલાલ શાહ, શ્રીમતી સુશીલાબેન કે. શાહ (લંડન)

ચિ. ભદ્રેશ, શ્રીમતી મોના	અ.સૌ. શિલ્પાબેન અને	ચિ. રાકેશ, શ્રીમતી જીગીષા
ચિ. અનોખી ચિ. અખીલ	અ.સૌ. અલ્પાબેનના જયશ્રી કૃષ્ણ	ચિ. આસીની, ચિ, અંજલી, ચિ.આશ્વી

આરોગ્ય વિભાગ

આ વિભાગના કાયમી સૌજન્ય દાતાશ્રી



યુનિસન ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ

"યુનિસન હાઉસ", પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ, જોધપુર, અમદાવાદ-380015

હસ્તે શ્રી નીતિનભાઈ રસિકલાલ શાહ અને શ્રીમતી કલ્પનાબેન નીતિનભાઈ શાહ

MENOPAUSE

– ડૉ. નિમિષા શાહ, B.H.M.S.

પેરીમેનોપોઝમાં જાતીય સ્વાસ્થ્ય અને યુરિનરી ટ્રેક્ટ ઇન્ફેક્શન (UTI)

પેરીમેનોપોઝ દરમિયાન શરીરમાં એસ્ટ્રોજન હોર્મોનનું પ્રમાણ ધીમે ધીમે ઘટે છે. આ હોર્મોનલ ફેરફારો માસિક ચક્ર ઉપરાંત યોનિ, મૂત્રમાર્ગ, મૂત્રાશય અને જાતીય સ્વાસ્થ્ય પર પણ અસર કરી શકે છે.

પેરીમેનોપોઝમાં જાતીય સ્વાસ્થ્યમાં થતા ફેરફારો

● **યોનિમાં શુષ્કતા :** એસ્ટ્રોજનનું પ્રમાણ ઘટવાથી યોનિની ભેજ અને લવચીકતા ઘટી શકે છે. ● **સંબંધ દરમિયાન દુખાવો :** શુષ્કતા અને ઘર્ષણને કારણે બળતરા, ચુભન અથવા દુખાવો થઈ શકે છે. ● **જાતીય ઇચ્છામાં ઘટાડો :** હોર્મોનલ ફેરફારો ઉપરાંત તણાવ, થાક, ઊંઘનો અભાવ, હોટ ફ્લેશ અને મૂડમાં થતા ફેરફારો પણ જાતીય ઇચ્છા પર અસર કરી શકે છે. ● **ઉત્તેજના અને ઓર્ગેઝમમાં ફેરફાર :** જાતીય ઉત્તેજના મેળવવામાં વધુ સમય લાગી શકે છે અથવા ઓર્ગેઝમના અનુભવમાં ફેરફાર થઈ શકે છે.

શું મદદરૂપ થઈ શકે ?

● પાર્ટનર સાથે ખુલ્લી અને આરામદાયક વાતચીત રાખવી. ● સંબંધ દરમિયાન પૂરતો સમય અને પૂર્વક્રીડા માટે સમય આપવો. ● જરૂર હોય ત્યારે પાણી આધારિત અથવા સિલિકોન આધારિત લ્યુબ્રિકન્ટનો ઉપયોગ કરવો. ● સતત યોનિ શુષ્કતા હોય તો યોગ્ય સારવાર અંગે ડૉક્ટરની સલાહ લેવી. ● નિયમિત કસરત અને પેલ્વિક-ફ્લોર કસરતો કરવી. ● પૂરતી ઊંઘ લેવી અને તણાવનું યોગ્ય સંચાલન કરવું.

પેરીમેનોપોઝમાં UTI કેમ વધી શકે ?

એસ્ટ્રોજનનું પ્રમાણ ઘટવાથી યોનિ અને મૂત્રમાર્ગની અંદરના ટિશ્યૂમાં ફેરફાર થઈ શકે છે. યોનિમાં રહેલા રક્ષણાત્મક બેક્ટેરિયાનું સંતુલન પણ બદલાઈ શકે છે. આ કારણે કેટલીક

ગો.વા. શાહ મંગળદાસ મુળજીદાસ (દલાલ) સાઠંબા જિ. સા.કાં.

જન્મ તા. ૧૬-૦૬-૧૯૨૨ ● ગો.વા. ૨૮-૦૪-૨૦૦૮ તથા

ગો.વા. શાહ ચંપાબેન મંગળદાસ – સર્વે વૈષ્ણવોને તેઓના જયજયશ્રી ગોકુલેશ.

સ્વ. મણીલાલ મોતીલાલ મોદી તથા ગં.સ્વ. રેવાબેન મણીલાલ મોદી, રજનીકાંત મણીલાલ મોદી, શીલાબેન રજનીકાંત મોદી, હિમાંશુ, યશ તથા મેઘનાનાં જય શ્રીકૃષ્ણ

સૌજન્ય : **સીન્થેટીક્સ સેલ્સ એન્ડ સર્વિસીસ,** મુંબઈ-૩.

મહિલાઓમાં યુરિનરી ટ્રેક્ટ ઈન્ફેક્શન (UTI) થવાની શક્યતા વધી શકે છે.

UTIના સામાન્ય લક્ષણો : ● વારંવાર પેશાબ કરવાની ઈચ્છા થવી. ● પેશાબ કરતી વખતે બળતરા અથવા દુખાવો થવો. ● થોડું-થોડું પેશાબ વારંવાર થવું. ● પેશાબમાં અસામાન્ય દુર્ગંધ આવવી. ● નીચલા પેટમાં ભાર અથવા દુખાવો થવો. ● ક્યારેક પેશાબમાં લોહી દેખાવું.

જાતીય સ્વાસ્થ્ય અને UTI વચ્ચેનો સંબંધ

પેરીમેનોપોઝમાં યોનિની શુષ્કતા અને ટિશ્યૂમાં થતા ફેરફારોને કારણે જાતીય સંબંધ દરમિયાન ઘર્ષણ અને ચુભન થઈ શકે છે. કેટલીક મહિલાઓમાં જાતીય સંબંધ પછી UTI થવાની શક્યતા પણ વધી શકે છે. પરંતુ દરેક વખતે પેશાબ કરતી વખતે બળતરા થાય એટલે UTI જ છે એવું જરૂરી નથી. યોનિની શુષ્કતા અથવા મેનોપોઝ સાથે સંબંધિત જનન-મૂત્ર માર્ગના ફેરફારો (Genitourinary Syndrome of Menopause - GSM) પણ આવા લક્ષણો આપી શકે છે.

UTI થી બચવા માટે ● પૂરતું પાણી પીવું. ● પેશાબ લાંબા સમય સુધી રોકીને ન રાખવો. ● સુગંધિત સાબુ અને કઠોર ઈન્ટિમેટ વોશ ટાળવા. ● સ્વચ્છ અને સુકાં કોટન અન્ડરવેર પહેરવા. ● જાતીય સંબંધ પછી પેશાબ કરવો મદદરૂપ થઈ શકે છે. ● વારંવાર UTI થાય તો ડૉક્ટરની સલાહ લેવી.

ક્યારે ડોક્ટરની સલાહ લેવી ?

તાવ, કંપારી, કમર અથવા બાજુમાં તીવ્ર દુખાવો, ઉલટી અથવા પેશાબમાં લોહી હોય તો તાત્કાલિક તબીબી તપાસ જરૂરી છે. સતત યોનિ શુષ્કતા, જાતીય સંબંધ દરમિયાન દુખાવો, વારંવાર UTI અથવા સંબંધ પછી વારંવાર પેશાબમાં બળતરા થતી હોય તો ગાયનેકોલોજિસ્ટની સલાહ લેવી.

મહત્ત્વપૂર્ણ વાત : પેરીમેનોપોઝમાં જાતીય સ્વાસ્થ્ય અને યુરિનરી સમસ્યાઓ સામાન્ય હોઈ શકે છે, પરંતુ તેને સહન કરવાની જરૂર નથી. યોગ્ય તપાસ, જીવનશૈલીમાં ફેરફાર અને જરૂર મુજબ યોગ્ય સારવારથી મહિલાની તંદુરસ્તી અને જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકાય છે.

મોઢાનું કેન્સર આવતા પહેલાની ચેતવણી

– ડૉ. હર્ષ એમ. શાહ, BDS, MDS

આપણે અત્યાર સુધી મોઢાના કેન્સર વિશે ઘણી બધી વાતો કરી. આપણેએ સમજાવવું છે કે કેન્સર કોઈ રાતોરાત ત્રાટકતો ભૂકંપ નથી. કુદરત હંમેશા આપણને કેન્સર થતાં પહેલાં ચેતવણી આપે છે, લાલ બત્તી બતાવે છે. આપણા સમાજમાં ઘણા લોકો આ લાલ બત્તીને અવગણે છે અને પછી મોટી મુસીબતમાં

સ્વ. ચંદુલાલ જયચંદદાસ શાહ (રવદાવતવાળા) પરિવારના જયશ્રીકૃષ્ણ

સુરેખા તરૂણ શાહ | પીનાકીન સી. શાહ | **સ્વ. કપીલાબેન ચંદુલાલ શાહ તરૂણકુમાર સી. શાહ** | રીતલ ભાવિન શાહ | ભાવના બી. શાહ
દિવ્યતા ભુવિન શાહ | સાધના પી. શાહ | | ભાવિન જે. શાહ | સ્મિતા સી. પરીખ
ક્રિશિન ભાવિન શાહ | ધરણ પી. શાહ | | નીકીતા ભુવિન શાહ | જીજ્ઞા કે. શાહ
પ્રયાન ભુવિન શાહ | ડૉ. ચિત્રાંગ પી. શાહ | | ભુવિન પી. શાહ |

સ્વ. દલસુખદાસ છગનલાલ ભલાવત તથા સ્વ. રૂક્ષ્મણીબેન ડી. ભલાવત (બાકરોલવાળા)

હ. સ્વ શ્રી અશોકભાઇ તથા ગં.સ્વ.રંજન બેન તથા શ્રી દિનેશભાઇ તથા કલાવતીબેન, ચિ.હિતેશ,નેહા,નીરવ,હર્ષિલ,રૂપલ, કિન્નર,યશ, અંજનાના જય જય શ્રી ગોકુલેશ

શ્રી અંબિકા ટ્રેડર્સ ● હિતેશ ટ્રેડર્સ ● દિનેશ એન્ટરપ્રાઇઝ ● કે.ડી.એન્ટરપ્રાઇઝ

લોખંડના વેપારી, સારંગપુર દરવાજા બહાર, અમદાવાદ-૨. ફોન : ૨૨૧૬૧૭૬૮,૨૨૧૬૨૬૯૫ (ઘર) ૨૬૫૬૨૭૦૮,૨૬૫૬૪૫૧૯

ફસાય છે. તો ચાલો આજે જાણીએ કે કેન્સર થતા પહેલા મોઢામાં કેવા કેવા ફેરફાર થાય છે જેને આપણે ઘરે બેઠા ઓળખી શકીએ.

(૧) મોઢું ઓછું ખુલવું (તમારા મોઢામાં કેટલી આંગળી જાય છે ?) આપણા ગુજરાતમાં માવો કે સોપારી ખાવાવાળા યુવાનોમાં આ સૌથી મોટી અને સામાન્ય તકલીફ છે. મેડિકલ ભાષામાં આને અમે 'ઓરલ સબમ્યુકસ ફાઈબ્રોસિસ' (OSMF) કહીએ છીએ, પણ દેશી ભાષામાં કહીએ તો મોઢાની અંદરની ચામડીનું રબર મટીને લાકડું થઈ જવું ! તમે જાતે જ ચેક કરો, એક સામાન્ય માણસ પોતાનું મોઢું પૂરેપૂરું ખોલે તો તેની ૪ આંગળીઓ ઊભી મોઢામાં આરામથી જતી રહે છે. પણ જે લોકો વર્ષોથી સોપારી કે માવો મોઢામાં એક જ બાજુ દબાવી રાખે છે, તેમનું મોઢું ધીમે ધીમે બંધ થવા લાગે છે. પહેલા ૪ આંગળી જાય, પછી ૩, પછી ૨ અને અમુક કેસમાં તો ખાલી ૧ જ આંગળી માંડ જાય! આવા લોકોને પાણીપુરી કે મોટો કોળિયો ખાવામાં પણ બહુ જ તકલીફ પડે છે. આ મોઢું ધીમે ધીમે બંધ થવું એ કેન્સરની સૌથી પહેલી અને મોટી ચેતવણી છે.

(૨) તીખું કે ગરમ ખાતી વખતે જીભમાં ભયંકર બળતરા થવી : જો તમે રોજેરોજ તમારા ગાલની અંદર તમાકુ અને ચૂનો ઘસો છો, તો ગાલની અંદરની કુદરતી ગુલાબી ચામડી બળીને સફેદ થવા લાગે લાગ ફ છે. આના લીધે મોઢાની અંદરની ચામડી એકદ એકદમ પાતળી પડી જાય છે. પરિણામ શું આવે ? જ્યારે આવો માણસ થોડું પણ તીખું શાક ખાય, ગાંઠિયા ખાય કે ગરમ ચા પીવે, ત્યારે એના મોઢામાં લાય બળે છે. એ લોકો ઘરનું સામાન્ય તીખું જમવાનું પણ નથી જમી શકતા. જો તમને પણ આવું થતું હોય, તો સમજી લેજો કે તમારું મોઢું હવે અંદરથી છોલાઈ ગયું છે અને કેન્સર તરફ આગળ વધી રહ્યું છે.

(૩) સફેદ કે લાલ ડાઘા : ઘણીવાર તમે અરીસામાં જોશો તો ગાલની અંદરના ભાગમાં કે જીભની બાજુ પર એકદમ જાડી સફેદ છારી કે ડાઘો દેખાશે. તમે તેને બ્રશથી કે આંગળીથી સાફ કરવાની કોશિશ કરો તો પણ તે નીકળે નહીં. ડોક્ટરી ભાષામાં આને 'લ્યુકોપ્લાકિયા' (Leukoplakia) કહેવાય છે. જો તમે આ સમયે પાનની દુકાને જવાનું બંધ ન કર્યું, તો પાછળથી આ જ સફેદ ડાઘો લાલ રંગનો થઈ જાય છે અને તેમાંથી લોહી નીકળવાનું ચાલુ થાય છે. આ લાલ ડાઘા એટલે કેન્સરનું સીધું આમંત્રણ.

તો હવે ઈલાજ શું ? શું બંધ થયેલું મોઢું પાછું ખુલશે ? : જ્યારે કોઈ પેશન્ટ મારી પાસે ૨ આંગળી જેટલું જ મોઢું ખુલવાની ફરિયાદ લઈને

વ્રજમોહનભાઈ ચીમનલાલ શાહ - ગીતાબેન વ્રજમોહનભાઈ શાહના જય જયશ્રી ગોકુલેશ

વિશાલ વ્રજમોહનભાઈ શાહ
રીપલ વિશાલ શાહ
વંશ - કેના

પરાગકુમાર નટવરલાલ શાહ
મિત્તલ પરાગકુમાર શાહ
ઝીયા - સાક્ષી

રાજીવકુમાર અરવિંદભાઈ શાહ
રૂપલ રાજીવકુમાર શાહ
શૈલ

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને અમારાં જય શ્રીકૃષ્ણ

સ્વ. શારદાબેન મોહનલાલ શાહ તથા મોહનલાલ ગોરધનદાસ શાહ

સૌજન્ય : હરનિશભાઈ મોહનલાલ શાહ તથા શ્રીમતી શોભનાબેન

રમેશભાઇ મોહનલાલ શાહ તથા શ્રીમતી રીનાબેન

આવે, ત્યારે તેમનો પહેલો સવાલ હોય છે : ''સાહેબ, કોઈ એવી દવા આપો ને કે કાલ સવારથી મોઢું પાછું આખું ખુલવા માંડે.'' મિત્રો, આ કોઈ જાદુ નથી. વર્ષોથી જે ચામડી કડક થઈ ગઈ છે, તે એક રાતમાં ઢીલી ન પડે. પણ હા, જો તમે આજથી જ માવો ખાવાનું સંપૂર્ણપણે બંધ કરી દો, તો તે કમસેકમ આગળ વધતું (કેન્સર થતું) તો ચોક્કસ અટકી જશે. મોઢું પાછું ખોલવા માટે અમે ક્લિનિકમાં કેટલાક ઈન્જેક્શન અને ખાસ દવાઓ આપતા હોઈએ છીએ, પણ આની સાથે સાથે ઘરે બેઠા જાતે કસરત કરવી બહુ જ જરૂરી છે :

● **ફુગ્ગો ફુલાવવાની કસરત :** રોજ સવારે અને સાંજે ૫-૫ વાર મોઢામાં હવા ભરીને ફુગ્ગો ફુલાવો. આનાથી ગાલની ચામડી પર ખેંચાણ આવશે અને મોઢું ધીમે ધીમે ખુલશે.

● **આઈસ્ક્રીમની સળીઓ (Ice-cream sticks) :** આઈસ્ક્રીમ ખાવાની લાકડાની સળીઓ ભેગી કરો. બંને જડબાની વચ્ચે (દાંત વચ્ચે) જેટલી સળી જાય તેટલી મૂકો અને ધીમે ધીમે અઠવાડિયે તેમાં રોજ એક નવી સળી ઉમેરતા જાવ. આ દેશી કસરતથી જડબાના સ્નાયુઓ ઢીલા પડશે.

● **હૂંફાળા પાણીના કોગળા :** નવશેકા ગરમ પાણીમાં થોડું મીઠું નાખીને દિવસમાં ૩-૪ વાર કોગળા કરો. આનાથી બળતરા ઓછી થશે.

૧૫મી ઓગસ્ટે આપણો દેશ આઝાદ થયો હતો. પણ શું આપણે ખરેખર આઝાદ છીએ ? આપણે તો હજુ પાંચ રૂપિયાની પડીકી અને વ્યસનના ગુલામ બનીને બેઠા છીએ ! તમારી યુવાની અને તમારી મહેનતના પૈસા બંને આ પાનની દુકાનો પર બરબાદ થઈ રહ્યા છે. ચાલો આ મહિનામાં આપણે એક સાચી આઝાદી મેળવીએ. આ વ્યસનની ગુલામીમાંથી મુક્ત થઈએ. જો શરૂઆતી ચેતવણીઓને સમજી જઈશું અને સાચો રસ્તો પકડી લઈશું, તો કેન્સરના મોટા ખર્ચા અને ઓપરેશનના અસહ્ય દુખાવામાંથી આપણે અને આપણો પરિવાર બચી જશે. જાગૃત રહો, વ્યસનમુક્ત રહો અને તમારા પરિવાર સાથે ખુશ રહો.

ગાંધીજીનું આરોગ્યદર્શન - વરિષ્ઠ નાગરિકો માટે જીવનશૈલીનું માર્ગદર્શન

ગાંધીજીના આરોગ્યવિષયક વિચારો અને આધુનિક તબીબી વિજ્ઞાનનો સમન્વય વયસ્કો તથા વરિષ્ઠ નાગરિકો માટે એક સ્વસ્થ, સક્રિય અને અર્થપૂર્ણ જીવનનો માર્ગ દર્શાવે છે. આજના સમયમાં દવાઓ અને સારવારની સુવિધાઓએ અનેક રોગો સામે સુરક્ષા આપી છે, પરંતુ માત્ર દવાઓથી સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત થતું નથી. ગાંધીજીના મતે આરોગ્ય એટલે માત્ર રોગનો


સ્વ. નટવરલાલ વિઠ્ઠલદાસ દેસાઈ તથા સ્વ. સૂર્યાબેન નટવરલાલ દેસાઈના
જયશ્રીકૃષ્ણ
એન. દેસાઈ પેપર્સ પ્રા. લી. ફોન : ૨૭૫૪૩૯૫૭


સ્વ. શ્રી વીરચંદદાસ પ્રેમચંદદાસ શાહ તથા રેવાબેન વીરચંદદાસ શાહ (ઘનસુરા) પરિવારના જય જય શ્રી ગોકુલેશ
હ.શ્રી જયંતિભાઇ, શ્રીમતી પુષ્પાબેન, શ્રી હસમુખ, શ્રીમતી પુષ્પાબેન, શ્રી રમેશભાઇ ,શ્રીમતી અરૂણાબેન,
શ્રી સુરેશભાઇ,શ્રીમતી ગીતાબેન પરિવાર,ભરત,શૈલેષ,ભાવેશ,અલ્પેશ,સોહાગ, સચિન, નિરવ, નૈતિક, પ્રચેત,

શ્રી કૃષ્ણ મશીનરી એન્ડ ઓટો સ્ટોર્સ ચાર રસ્તા,ઘનસુરા-૩૮૩ ૩૧૦.
ટે.ન. (૦૨૭૭૪) ઓ. ૨૨૦૪૩ ઘર - ૨૨૧૧૫ રમેશભાઈ : ૨૨૫૬૪

અભાવ નહીં, પરંતુ શરીર, મન અને જીવનશૈલીનું સંતુલન છે. ઉંમર વધવાની સાથે શરીરની જરૂરિયાતો બદલાય છે. ગાંધીજીની સાદગી, સંયમ અને સ્વાવલંબન જેવાં મૂલ્યોને આધુનિક તબીબી સલાહ સાથે જોડીને વયસ્કો આનંદમય જીવન જીવી શકે છે.

(૧) સંયમિત અને પૌષ્ટિક આહાર : ઉંમર વધવાની સાથે પાચનશક્તિ બદલાય છે. ગાંધીજીનો મુખ્ય સંદેશ હતો – સ્વાદ માટે નહીં, પરંતુ શરીરની જરૂરિયાત માટે ખાવું. આ માટે તાજો ખોરાક, શાકભાજી, દાળ/કઠોળ, અનાજ અને ફળોનો યોગ્ય પ્રમાણમાં સમાવેશ કરવો. ભોજનનો સમય નિયમિત રાખવો અને પૂરતું પાણી પીવું. અતિશય તળેલું, વધુ પડતું મીઠું કે ખાંડવાળો ખોરાક મર્યાદિત કરવો. એકસાથે ભારે ખોરાક લેવાને બદલે હળવો આહાર લેવો. તબીબી સાવચેતી : ''ખોરાક જ દવા છે" એ વિચાર યોગ્ય છે, પરંતુ ડૉક્ટરની સલાહ વગર ચાલુ દવાઓ બંધ કરીને માત્ર ઘરગથ્થુ ઉપચાર પર આધાર ન રાખવો.

(૨) ક્ષમતા મુજબ શારીરિક સક્રિયતા રાખવી. લાંબા સમય સુધી બેસી કે સૂઈ રહેવાથી શરીરની કાર્યક્ષમતા ઘટે છે. રોજિંદું ચાલવું, ઘરના હળવા કામ કરવા, બગીચામાં સમય વિતાવવો કે સરળ ખેંચાણ (stretching)ની કસરતો કરવી. કાળજી કેવા પ્રકારની રાખવાની છે? જો ચક્કર આવે, છાતીમાં દુખાવો થાય કે શ્વાસ લેવામાં તકલીફ પડે તો તુરંત કસરત અટકાવી તબીબી સલાહ લેવી.

(૩) સ્વાવલંબન અને આત્મવિશ્વાસ : ગાંધીજીના જીવનમાં સ્વાવલંબનનું વિશેષ સ્થાન હતું. વયસ્કો માટે તેનો અર્થ એ છે કે જે કામ પોતાની ક્ષમતા મુજબ સુરક્ષિત રીતે થઈ શકે તે જાતે કરવું. પોતાના રૂમની વ્યવસ્થા કરવી, છોડને પાણી આપવું કે નાના ઘરકામમાં સહભાગી થવું. આનાથી આત્મવિશ્વાસ વધે છે અને આમ કરવાથી અન્યને ઉપયોગી હોવાની લાગણી જળવાઈ રહે છે.

(૪) માનસિક આરોગ્ય અને શાંતિ : નિવૃત્તિ, એકલતા કે જીવનસાથીના વિયોગ જેવા પ્રસંગો મન પર અસર કરી શકે છે. દરરોજ પ્રાર્થના, ધ્યાન, મૌન કે સત્સંગ માટે સમય ફાળવવો. પૌરાણિક કે પ્રેરણાત્મક પુસ્તકો વાંચવાં અને પરિવાર તથા જૂના મિત્રો સાથે ખુલ્લા મનથી વાતો કરવી.

(૫) પ્રકૃતિ અને ડિજિટલ સંયમ : કુદરત સાથે જોડાણ રાખવા સવારે કે સાંજે અનુકૂળ હવામાનમાં તાજી હવામાં સમય વિતાવવો. ડિજિટલ સંયમ જાળવવા સોશિયલ મીડિયા કે ચિંતાજનક સમાચારો સતત જોવાનું ટાળવું. સુતા પહેલાં સ્ક્રીનનો ઉપયોગ ઓછો કરવો.

મહેન્દ્રકુમાર સોમાલાલ શાહ તથા નિરંજનાબેન મહેન્દ્રકુમાર શાહ
હેમાંગભાઈ મહેન્દ્રકુમાર શાહ તથા દિપ્તીબેન હેમાંગભાઈ શાહ
કુશ-સ્મિતના જય જય શ્રી ગોકુલેશ

પથીક સ્ટીલ - કુશ સ્ટીલ - સ્મીત સ્ટીલ - શ્રીજી સ્ટીલ
૨૪૪/૧૩૭, ગુજરાત વેપારી મહામંડળ વસાહત, ઓઢવ, અમદાવાદ.
(મો.) ૯૪૨૬૫૧૯૪૪૨, ૯૪૨૬૦૧૫૧૪૯ (ઘર) ૨૭૪૭૪૨૧૫

સ્વ. શ્રી મોહનલાલ કોદરદાસ શાહ તથા સ્વ કપિલાબેન મોહનલાલ શાહ (ગાબટવાળા)ના જયશ્રીકૃષ્ણ
હ. શ્રી બીપીનચંદ્ર મોહનલાલ શાહ - ૧૯,ગંજ બજાર નડિયાદ.
હ. શ્રી અતુલભાઈ અને ભાવનાબેન, રોહન, સમીપના જય જય શ્રી ગોકુલેશ
મેં. બીપીનચંદ્ર મોહનલાલ શાહ, ૧૯, ગંજબજાર, નડિયાદ ● મે. અતુલકુમાર મોહનલાલ શાહ, સ્ટેશન રોડ નડિયાદ.
ફોન : (ઓ) ૨૫૬૪૨૦૩ (બીપીનભાઈ) ૨૫૬૩૬૩૮ (અતુલ) ● (ઘર) ૨૫૨૬૭૮૨ (બીપીનભાઈ) ૨૫૨૧૮૭૬ (અતુલ) મોબાઇલ : ૯૮૨૫૦૩૬૭૦૩ (બીપી- ાભાઈ) ૯૮૨૫૧૪૬૦૪૪ (અતુલ)

(૬) ઉપવાસ અને વ્યસનમુક્તિ અંગે સમજદારી ભર્યો પ્રયાસ કરવો. લાંબો ઉપવાસ કરતા પહેલાં ખાસ કરીને ડાયાબિટીસ, કિડની કે હૃદયરોગના દર્દીઓએ ડૉક્ટરની સલાહ લેવી. વ્યસનમુક્તિ ના પ્રયાસ રૂપે તમાકુ કે ધૂમ્રપાનથી દૂર રહેવું. "હવે ઉંમર થઈ ગઈ છે" એવું વિચાર્યા વગર કોઈપણ ઉંમરે સારી ટેવ શરૂ કરી શકાય છે. વરિષ્ઠ નાગરિકો માટે દૈનિક દિનચર્યા કેવી હોવી જોઈએ.

સમયગાળો અને પ્રવૃત્તિ અંગે ઉદાહરણ :

સૌ પ્રથમ સવારે જાગવું → પ્રાતઃકર્મ → પ્રાર્થના/ધ્યાન → હળવું ચાલવું → પૌષ્ટિક નાસ્તો. બપોરના સમયે સંતુલિત ભોજન → હળવો આરામ → વાંચન/પ્રવૃત્તિ → પરિવાર સાથે સમય વિતાવવો. સાંજ/રાતના સમય દરમ્યાન સાંજનું ચાલવું → હળવું ભોજન → મર્યાદિત સ્ક્રીન સમય → સમયસર શાંતિપૂર્ણ ઊંઘ લેવી.

આરોગ્ય માટેના ૫ મુખ્ય સૂત્રો જે દરેક વરિષ્ઠ વ્યક્તિએ અપનાવવા જોઈએ.

યોગ્ય આહાર : સ્વાદ માટે નહીં, શક્તિ માટે ખાઓ. **સક્રિયતા :** ક્ષમતા મુજબ રોજ ચાલવાની ટેવ રાખો. **માનસિક શાંતિ :** પ્રાર્થના, મૌન અને પરિવારના સંપર્કમાં રહો. **ડિજિટલ સંયમ :** મોબાઈલ અને નકારાત્મક ન્યૂઝથી દૂર રહો. **તબીબી સંતુલન :** કુદરતી જીવનશૈલીની સાથે નિયમિત ચેકઅપ અને ડૉક્ટરની દવાઓ સમયસર લો. ઉંમર વધવાની સાથે જીવનની ગતિ અટકાવવાની જરૂર નથી, પરંતુ તેને સમજદારીથી બદલવાની જરૂર છે. ગાંધીજીના સાદગી અને આત્મસંયમના વિચારોને આધુનિક તબીબી વિજ્ઞાન સાથે જોડીને વયસ્ક જીવનને સ્વસ્થ અને આનંદમય બનાવી શકાય છે.

સિનિયર સ્ત્રીઓ માટે આરોગ્ય અને પોષણ

સિનિયર સિટીઝન કોને કહી શકાય ? સામાન્ય રીતે ૬૦ વર્ષથી ઉપરના લોકાને સિનિયર સિટીઝન ગણવામાં આવે છે. પહેલાંના જમાનામાં ૬૦ પછી ઘડપણની નિશાનીઓ દેખાતી અને વ્યક્તિ વૃદ્ધ થઈ એમ માનવામાં આવતું. અત્યારે મેડિકલ સાયન્સના પ્રતાપે તથા બીજી ઘણી રીતે લોકો જલદી ઘરડા થયેલા લાગતા નથી, પરંતુ ઉંમર તો એનું કામ કરે જ છે. સામાન્ય રીતે ૬૦થી ઉપરની વયમાં કઈ કઈ તકલીફો થઈ શકે ? ઉંમરની સાથે-સાથે હાડકાં સાઈઝની ઘનતામાં નાનાં બનતાં જાય છે, નબળાં પડે છે અને તૂટવાની સંભાવના વધી જાય છે. તમને તમારી ઊંચાઈ પણ ઘટી ગયેલી લાગી શકે. સ્નાયુઓ મજબૂતાઈ ગુમાવે છે, સહનશક્તિ ઘટે છે અને લચીકતા અથવા ફલેક્સિબિલિટી ઘણી

જયંતિલાલ હરગોવિંદદાસ શાહ - સ્વ. પ્રેમીલાબેન જયંતિલાલ શાહના જૈ જૈ શ્રી ગોકુલેશ

કલ્પેશ જયંતિલાલ શાહ | શીવાંગ કલ્પેશ શાહ
પારૂલ કલ્પેશ શાહ | જુલ કલ્પેશ શાહ

સમસ્ત ખડાયતા જ્ઞાતિ બંધુઓને અમારાં જય શ્રીકૃષ્ણ **સ્વ. નલીનીબેન મનહરલાલ શાહ**
શ્રી મનહરલાલ શીવલાલ શાહ, શ્રીમતી દક્ષાબેન મનહરલાલ શાહ, શ્રી મિનેષ, શ્રી નિખિલ,
મોના, પૂર્વિ, શૈલી, નીલ, નૂપુર, શિલ્પ તથા સમગ્ર શીવલાલ પાનાચંદદાસ શાહ(આકરૂન્દવાળા) પરિવારના જય જય શ્રી ગોકુલેશ

મનહરલાલ એન્ડ કું.
સેલ્સ પ્રમોટર - અંબુજા સીમેન્ટ, અમદાવાદ.
ફોન : ૨૬૫૮૦૯૭૫, ૬૫૨૩૫૯૯૩ ઘર ૩૦૦૦૧૦૨૧

ઓછી થઈ જાય છે. આ બધાં કારણોના લીધે સંકલન, સ્થિરતા અને સમતોલન આછું થઈ જાય છે. યાદશક્તિ ઘટવાનો રોગ ડિમેન્શિયા કે અલ્ઝાઈમર્સ પણ ધીમે ધીમે વિકસી શકે છે. આ ઉપરાંત વિચારવાની ક્ષમતામાં ઘટાડો, ડિપ્રેશન, થાક, નિર્ણય લેવામાં તકલીફ, નીરસતા, ભૂખ ન લાગવી અને બીજાં ઘણાં લક્ષણો જોવા મળે છે. વારસાગત રોગો જેવા કે બીપી, ડાયાબિટીસ, હાઈ કોલેસ્ટ્રોલ તથા હૃદય સંબંધી બીમારી વગેરે... તો ખરાં જ.

આજકાલ ઉપર જણાવેલી તકલીફો ૪૦ વર્ષ પછી પણ થવા લાગી છે, પરંતુ ૫૦થી ૬૦ વર્ષની ઉંમર સંભાળી લેવા જેવી હોય છે. જો શરીરને યોગ્ય આહારથી પોષિત કર્યું હોય અને થોડી કસરતથી મજબૂત રાખ્યું હોય તો લાંબા સમય સુધી સ્વાસ્થ્ય જાળવી શકાય છે. સામાન્ય રીતે લોકોમાં એ સમજ હોતી નથી કે જીવનશૈલી સાથે કેટલા રોગો સંકળાયેલા હોય છે. જ્યારે આપણે વૃદ્ધ થઈએ અને રોગગ્રસ્ત થઈએ અથવા પથારીવશ થઈએ ત્યારે આપણા આહારમાં ફેરફાર કરવાનો સોથી મોટો પ્રશ્ન આવે છે. વળી, અમુક તકલીફો થતાં તેની દવાઓ લેવાની શરૂ થઈ જાય છે, જે કાયમ લેવી જ પડે છે.

શું તમે જાણો છો ? ● લાંબો સમયથી લેવામાં આવતી કેટલીક દવાઓમાં આવતો આલ્કોહોલ વિટામિન ᵐ-૧૨, ફોલિક એસિડ, કેલ્શિયમ અને ઝિંકનું શોષણ અને શરીરમાં રહેલા તે બધાના સંગ્રહ પર વિપરીત અસર કરે છે. આ માટે સાથે-સાથે મલ્ટિ વિટામિન અને મિનરલ્સ લેવાં જ જોઈએ. ● વારંવાર એસિડિટી અને કબજિયાતની દવા લેવાથી આપણા શરીરમાં વિટામિન અને ક્ષારો ઘટી જાય છે. એસ્પિરિન ગોળી લાંબો સમય લેવાથી આયર્નનું શોષણ અટકે છે, લોહી વહેતું અટકવાનો સમય વધે છે. ડાયાબિટીસની ગોળીઓ લાંબો સમય લેવાથી શરીરના સ્નાયુઓ ઓગળી જાય છે. સ્ટીરોઈડની ગોળીઓ લાંબો સમય લેવાથી વજન વધી શકે છે અને હાડકાં નબળાં પડી જાય છે અને ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ થઈ શકે. ● જ્યારે આપણું વજન આપણી ઊંચાઈના માપ મુજબ ન હોય અને યોગ્ય વજન કરતાં ૫ કિ.ગ્રામ થી વધે તો તેને 'વધુ વજન' કહે છે. વધારે વજન કે સ્થૂળતા હંમેશાં ડાયાબિટીસ, હાઈ બીપી અને બીજા રોગોનું ઘર બની શકે છે. અમુક ઉંમર પછી જો વજન વધારે હોય તો તે હાડકાં પર પ્રેશર વધારે છે, ધમનીના રોગો પણ ઊભા કરી શકે છે અને બીપી, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ જેવા બીજા રોગોમાં તકલીફ વધારી શકે છે. ● મેનોપોઝના સમયે

નવનીતભાઈ જયચંદદાસ મોદી - સુશીલાબેન નવનીતભાઈ મોદીના જય જયશ્રી ગોકુલેશ

નિમીષભાઈ નવનીતભાઈ મોદી
આશાબેન નિમીષભાઈ મોદી
નિસર્ગ - હેલી

હર્ષદકુમાર વી. શાહ
સંધ્યાબેન હર્ષદકુમાર શાહ
પલક - પારિતોષ

તુષારભાઈ ડી. ત્રિવેદી
હિનાબેન તુષારભાઈ ત્રિવેદી
ધવલ - દીપ

"સત્યમેવ જયતે"

મોબાઈલ : ઉર્વશીબેન ૮૧૨૮૪૫૧૪૫૦

ત્રિભોવનદાસ હરગોવિંદદાસ લક્ષ્મીચંદ ચેરીટેબલ ટ્રસ્ટ

શેઠ શ્રી મનુભાઈ ત્રિભોવનદાસ, શ્રીમતી સુશીલાબેન મનુભાઈ,
ઉર્વશીબેન મનુભાઈ,પન્નાબેન મનુભાઈ

જયશ્રી રાધે

થતા હોર્મોન્સના ઘટાડાના કારણે વજન અચાનક વધવાનું શરૂ થઈ શકે છે. તે પણ ખાસ કરીને પેટના ભાગે. આ ઉપરાંત ઉંમર વધવાની પ્રક્રિયામાં પણ તે ભાગ ભજવે છે. સ્ત્રીઓના શરીરમાં ઈસ્ટ્રોજન ઘટી જતાં, આ સમયમાં થાઈરોઈડ, ડાયાબિટીસ, આર્થાઈટિસ, હાડકાંની ઘનતા ઘટી જવી એવા જીવનભરના પ્રશ્નો ઊભા થાય છે, માટે રોજના આહારમાં પૂરતું પોષણ મળે તેની તકેદારી રાખવી.

હવે આપણે જોઈએ કે સિનિયર સ્ત્રીઓના આહારમાં કેવા ફેરફારો કરવાથી મોટી ઉંમર સુધી આરોગ્ય સાચવી શકાય ?

જો સ્નાયુઓની મજબૂતી જાળવવી હોય તો પચવામાં સરળ એવા પ્રોટીનયુક્ત પદાર્થો લેવા જ જોઈએ, કારણ કે વધતી વયે સ્નાયુઓ ઘસાતા જાય છે, વજન ઊતરે છે અને પ્રોટીનની પેશીઓ ઓગળી જાય છે. પ્રોટીન સહેલાઈથી પચે તેવું લેવું જોઈએ, જેમાં નીચેની ચીજો લઈ શકાય- દૂધ, દહી, સત્તુ, બાફેલા અથવા ફણગાવેલા મગ, પનીરનું પાણી, મખાણા, મશરૂમ વગેરે. આહારમાં કેટલાક ખાદ્યપદાર્થોનું મિશ્રણ કરવાથી તેમનું પોષણ વધે છે. કઠોળ અને અનાજનું મિશ્રણ અથવા અનાજ અને દૂધ કે તેની બનાવટો મિક્સ કરવાથી ભોજનમાં પ્રોટીનની ગુણવત્તા સુધારે છે.

હાડકાંની મજબૂતી જાળવી રાખવા માટે સૂર્યના કૂમળા તડકામાં ચાલવું. શક્ય હોય ત્યાં સુધી મધ્યમથી હળવી કસરત કરવી અને કેલ્શિયમ અચૂક લેવું. વિટામિન ડી-૩ પણ દવા સ્વરૂપે લેવું જ જોઈએ, નહીં તો કેલ્શિયમનું શોષણ થઈ શકતું નથી. આ માટે દૂધ, દહી, પનીર તથા પનીરનું પાણી, લીલી ભાજીઓ, ચણા, બાજરી, રાગી, રાજગરો વગેરે લેવાં.

જે સ્ત્રીઓને એસિડિટી, ગેસ, અપચાની તકલીફ હોય તેમણે તીખો, તળેલો, બજારનો, વાસી ખોરાક ન ખાવો જોઈએ. ખોરાકમાં આલ્કલાઈન પદાર્થો વધુ લેવા જોઈએ, જેમાં કાકડી, ફુદીનો, આદું, કેળાં, ટેટી, બીટ, ટામેટાં વગેરે આવે છે. ગેસ થતો હોય તો અજમો અને જીરાનું મિશ્રણ લઈ શકાય.

મેનોપોઝ આવે ત્યારે હોર્મોનનાં લેવલ ૯૦ ટકા જેટલાં ઘટી જાય છે. સ્ત્રીઓના શરીરમાં હોર્મોન્સ ઘણાં કામ કરે છે. ઈસ્ટ્રોજન હોર્મોન મૂડ રેગ્યુલેટ કરવામાં મદદ કરે છે. પ્રોજેસ્ટરોન શાંતિ અને હળવાશ આપે છે અને ટેસ્ટોસ્ટેરોન શક્તિ આપે છે. આ સમયે સ્ત્રીઓએ આયર્નનું મહત્ત્વ સમજવું જોઈએ. રોજ ઓછામાં ઓછાં ત્રણ સર્વિંગ આયર્નનાં લેવાં જોઈએ. જે ઘેરા લીલાં શાક અને ભાજીઓ નટ્સ, ફણગાવેલાં કઠોળ, ટોફુ, સોયા

સ્વ. આનંદીબેન વાડીલાલ શાહ - વાડીલાલ વેણીચંદદાસ શાહ (ઘનસુરા)ના જય જય શ્રી ગોકુલેશ
હ. શૈલેષ - સુરેખા, ભદ્રેશ - તૃપ્તી, મૈત્રેય - કીનલ, ઉત્કર્ષ - સુચી, જીતાલી - કાર્તિક,
રાધીકા-રચીત, ચિ. દર્શીલ, કુ. કશ્વી, કુ. શનાયા, ચિ. નૈયન
સૌજન્ય : ગીરીરાજ આયર્ન લી. અમદાવાદ, મુંબઈ, વડોદરા

સ્વ. શાહ ઈચ્છાબેન મણિલાલ પાનાચંદદાસ (આકરૂન્દ)ના જયજયશ્રી ગોકુલેશ
હ. શ્રીમતી પદ્માબેન કનુભાઈ - શ્રીમતી દિપલ હિતેષભાઈ તથા ચિ. ત્રિશા-ધ્રુવ
શ્રીમતી જ્યોતિ મુકુન્દભાઈ - શ્રીમતી વિકા બિરેનભાઈ તથા ચિ. કાષ્વિ, વિયા - શ્રીમતી રેખા વિનોદભાઈ
સૌજન્ય : Shree Ganesh Engg. Co. (I.B.R. Contractor) FF-8, Devshruti Complex, Hotel Paradise Building, Mithakhali, Ahmedabad. E-mail : sgeco@rediffmail.com Tel. : 26403339 (M) 9376212117 Hiteshbhai (M) 9377031719 Kanubhai

મિલ્ક, પૌંઆ તથા એનરીચ કરેલી વાનગી, જેમ કે બ્રેકફાસ્ટ સિરિયલ, ટેટ્રાપેક જયૂસ તથા બીજા અમુક તૈયાર પેક કરેલા ખોરાકમાં મળશે. વધારે પડતી ચા કે કોફી પીવાથી શરીરમાં આયર્નનું શોષણ ઓછું થાય છે. રોજના આહારમાં વધારે પડતી ખાંડ લેવાથી ઈન્સ્યુલિનની કાર્યવાહી ખરાબ થાય છે, લોહીમાં ખાંડનું પ્રમાણ ખૂબ વધે છે અને હોટફલશ આવવાનું પ્રમાણ વધે છે. વધારે પડતું મીઠું ખાવાથી હાડકાંની ઘનતા ઓછી થઈ જાય છે.

જો યાદશક્તિ સારી રાખવી હોય તો ૫૦ વર્ષ પછી મગફળી, બદામ, અખરોટ, સૂરજમુખીનાં કે બીજાં બીજ ખાવાં જ જોઈએ, કેમ કે તેમાં વિટામિન બી-૩ અને સારા પ્રકારના ચરબીજ એસિડ હોય છે, જે ડિમેન્શિયાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે.

રોજના જીવનમાં નહિવત્ કસરત કે વધારે પડતી કસરત -(એવા કેટલાય દાખલા છે કે જેમાં ચાલુ કસરતે જિમમાં જ કાર્ડિયાક એરેસ્ટ, સ્ટ્રોક કે હાર્ટએટેક આવી જાય) એવા વિરોધાભાસથી બચવું, પરંતુ હળવાથી લઈ મધ્યમ કસરત તો કરવી જ જોઈએ. યોગ, સ્વિમિંગ, ચાલવું અથવા વેઈટ ટ્રેનિંગ કરવી. જો ક્યારેય કસરત કરી જ ન હોય તો ઉત્સાહમાં આવીને ભારે કસરત ન કરવી, નહીં તો ફાયદા કરતાં નુકસાન વધારે થાય છે, જેમ કે સ્નાયુ કે લીગામેન્ટ ખેંચાઈ જવો, હાડકાંમાં નાની-મોટી તકલીફ પડવી કે પછી સાંધા જકડાઈ જવા. નીચે આપેલી ચીજોનો પોતાના રોજિંદા આહારમાં અવશ્ય ઉમેરો કરવો જોઈએ.

ખાઈ શકાય અને પોતાના શરીરને અનુકૂળ આવે તેવાં બધાં જ સિઝનલ ફળ. ઘરનું બનાવેલું, લોફેટ દૂધનું તાજું પનીર, પનીરનું પાણી, દહીં તથા છાશ. દૂધનો ઉપયોગ ઘટાડી શકાય, કારણ કે અમુક ઉંમર પછી તેમાં રહેલું કાર્બોહાઈડ્રેટ પચતું નથી અને ગેસ, એસિડિટી, પેટમાં ભાર જેવું જણાય છે. ઘઉં બને તેટલા ઘટાડીને રાગી, જવ, જુવાર, કુટ્ટુ, રાજગરો, સામો વગેરે મિલેટ્સનો જ ઉપયોગ કરવો જોઈએ. તે ઘઉં કરતાં પચવામાં હળવા, વધારે પૌષ્ટિક અને ગુણકારી છે. નટ્સ, સીડ્સ,મોટા ભાગનાં ફળ-શાક, કાકડી, ફુદીનો, આદું, ગંઠોડા, હળદર, કોથમીર, મમરા વગેરે આલ્કલાઈન ખોરાક છે અને તે મોટી ઉંમરે થતી એસિડિટીમાં રાહત આપે છે.

આમ, આપણી તંદુરસ્તી આપણા હાથ અને રસોડામાં છે.

વડીલ મિત્રોના સારા સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે, નિયમિત તપાસ, નિયમિત દવા, હસતા રહેવું, હળવો વ્યાયામ એ જ સાચી રીત છે.




સમસ્ત ખડાયતા જ્ઞાતિના સૌ ભાઈ-બહેનોને અમારા "જયશ્રી રાધે"
લી. બંસીલાલ વાડીલાલ શાહ તથા સ્વ. ઈન્દીરાબેન બંસીલાલ શાહના જયશ્રી રાધે
શ્રીજી નિવાસ, ગોકુલ પાર્ક, ગોળ લીમડા, એલ.જી. કોર્નર પાસે, ઝઘડીયા પુલ નીચે, મણીનગર,
અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૫૪૬૧૬૭૯, મોબાઈલ : ૯૪૨૯૬૧૯૩૦૫



સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને જય શ્રી કોટયર્ક
જ્ઞાતિ મુરબ્બીશ્રીઓ અને જ્ઞાતિ સંસ્થાઓને હોદ્દેદારો મિત્રોને અમલમાં મૂકવા યોગ્ય ગીતા શ્લોક
"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન"
આપના જયંતિલાલ જેઠાલાલ શાહ (કાચવાળા)ના જય શ્રી કૃષ્ણ

બાળ વિભાગ

કલા એ જીવનની સુંદરતા છે.



કલાકાર : અરૂણ તલાટી (કપુર)

આ ચિત્રમાં રંગ ભરીને આ ચિત્ર રૂબરૂ લઈને જનાર વિદ્યાર્થીને ગિફ્ટ આપવામાં આવશે.

કલાકાર અરૂણ તલાટી (મો.) ૯૯૭૪૭૪૨૩૮૨

૫, અંબિકા ફ્લેટ વિ.-૧, ઔદિચ્યનગર, કાંકરિયા, અમદાવાદ

કૈલાસબેન રમણલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ

અમદાવાદ - મુંબઈ

સૌજન્ય : ડો. સુધા – ભારતી – દિલીપ – પ્રીતિ

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને અમારા જય શ્રી કૃષ્ણ

શ્રી રમણલાલ જીવણલાલ શાહ, શ્રીમતી રમીલાબેન રમણલાલ શાહ (દેહગામવાળા)

શ્રી બીપીન રમણલાલ શાહ, શ્રીમતી પત્રાબેન બાપાન શાહ, ચિ. યશ સહ પરિવાર

સૌજન્ય : મેસર્સ પન્ના એન્ટરપ્રાઇઝ, લીઓ સ્ટીલ એન્ડ મેટલ ટ્રેડર્સ, એ-૫૦૧, હીનલ, હેરીટેજ, દિગંબર જૈન મંદિર પાછળ, પટેલ વાડી, એસ.વી.પી.રોડ, બોરીવલી (વેસ્ટ),મુંબઇ-૪૦૦ ૦૯૨ ફેક્સ : (ઓ) ૨૩૪૮૩૯૧૧,૨૩૪૮૪૮૩૦,૨૩૪૮૨૪૮૦ (ઘર) ૨૮૯૫૫૪૫૮,૨૮૯૨૧૨૩૧

૧૭, અતુલ સોસાયટી, ફોન નં. (૦૨૭૧૬) ૨૩૩૦૮૭ દહેગામ, ૩૮૨૩૦૫ જી. ગાંધીનગર

ધાર્મિક વિભાગ

આ વિભાગના કાયમી સૌજન્ય દાતાશ્રી
ગં.સ્વ. સુધાબેન વિનોદભાઈ ડાહ્યાલાલ શાહ
(વતન-પુંસરી) હાલ-અમદાવાદ
હ. શ્રી ધવલ વિનોદભાઈ શાહ
શ્રીમતી એકતા ધવલ શાહ, સ્નેહ ધવલ શાહ



વ્રજના ધણી છે ગિરિરાજ, ચાલો પરિક્રમા કરીએ...

— શાહ ભાવના એચ., કપડવંજ

ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરતા જ વ્રજભૂમિ અને તેમની લીલાઓ નજર સમક્ષ ખડી થઈ જાય છે. વ્રજને જેમ જેમ જાણીએ તેમ તેમ તેના પ્રત્યેનો પ્રેમ વધતો જાય છે, કારણ વ્રજના સ્વામી શ્રીકૃષ્ણ આપણા છે. કહેવાય છે કે એક વખત ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની સખામંડળી, ગ્વાલબાલ, ગોપીકાઓ, રાધાજી સૌ ખેલતા હતા. ત્યાં અરિષ્ટાસુર નામે રાક્ષસ બળદનું રૂપ લઈ આવે છે. ભગવાનને તો ખબર પડી ગઈ કે આ રાક્ષસ છે. તેને મારી નાખે છે. તે જોઈ બધા સખાઓ કહે છે. આ તો તેં ગૌહત્યાનું પાપ કર્યું. અમે તો તને અડીએ પણ નહીં. સ્વયં રાધાજીએ પણ કહ્યું - હા, કળિયુગના લોકો આ જોઈ શું વિચારશે ? તમારે આ ગૌહત્યાનું પ્રાયશ્ચિત્ત તો કરવું જ પડશે. તેથી ઠાકોરજી તો બધા તીર્થોની યાત્રા કરવા તૈયાર થઈ ગયા. પરંતુ પાછા બધા સખા-રાધાજી કહે છે. અમને તમારા વગર ગમશે નહીં. એટલે એમ કરો કે ગંગાજીમાં સ્નાન કરવાથી બધા પાપ ધોવાઈ જાય છે. તો કૃષ્ણ કહે છે - તો ગંગાજીને જ અહીં બોલાવવામાં આવે તો ? તેઓ તેમના મનમાંથી ગંગાજી પ્રગટ કરે છે. તે જ આ માનસીગંગા. બધા તીર્થોને પણ અહીં વ્રજમાં બોલાવવામાં આવે છે. સૌ સ્નાન, પાન, આચમન કરે છે. બ્રાહ્મણોને દક્ષિણા આપે છે. ચાલો, આપણે પણ તેમાં ડૂબકી લગાવી દઈએ. હવે શ્રીકૃષ્ણ બધા જ તીર્થોને પાછા જવાનું કહે છે પરંતુ બધા તીર્થો પાછા જવાની ના પાડે છે. કહે છે - હવે તમારા ચરણકમળ છોડી અમે ક્યાંય ન જઈએ. આમ બધા જ તીર્થોનો વાસ વ્રજમાં છે. આ પરિક્રમા ઠાકોરજીએ ભાદરવા મહિનામાં કરી હતી. જ્યારે વરસાદ ઓછો હોય, જળાશયો ભરેલા હોય, વાતાવરણ ખુશનુમા હોય ત્યારે વ્રજની પરિક્રમા કરી હતી, જેથી આજે પણ ભાદરવા

ખડાયતા સમાજ મુંબઈના પૂર્વ પ્રમુખ સ્વ. કાંતિલાલ કેશવલાલ દેસાઈ
તથા સ્વ. કપિલાબેન કાંતિલાલ દેસાઈના જયશ્રી કૃષ્ણ.
બી. કે. દેસાઈ - શોભના દેસાઈ
જ્યોત - પ્રાંજલ - ધગશ - રાની - સચીન - રોહન
મહેશ દેસાઈ - રાધિકા દેસાઈ
યશ - ડેઝી - સિયા - નિતી - નિકેત

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને અમારા જય શ્રી કૃષ્ણ
સૌજન્ય : શાહ શંકરલાલ જીવણલાલ તથા શાહ શારદાબેન શંકરલાલ,
શાહ પિયુષકુમાર શંકરલાલ, શાહ જ્યોત્સનાબેન પિયુષકુમાર
શાહ હાર્દિક પિયુષકુમાર, શાહ જલક પિયુષકુમાર ના સહ પરિવાર જય શ્રી કૃષ્ણ
મુ.દહેગામ, જી. ગાંધીનગર, પંકજ સોસાયટી. ફોન : ૯૮૨૫૦૪૨૫૧૨

માસમાં આ પરિક્રમાનું મહત્ત્વ વધારે છે.

આવા વ્રજનું દિવ્ય સ્વરૂપ-મહત્ત્વ જાણ્યા પછી વ્રજમાં જવાનું મન થઈ જ જાય. પરંતુ દર વર્ષે જવું શક્ય નથી. કોઈને આર્થિક મુશ્કેલી તો કોઈને શારીરિક તો કોઈને સમયનો અભાવ. માટે ઇચ્છા હોવા છતાં પરિક્રમા કરવા જઈ શકતા નથી. પરંતુ કહેવાય છે કે "મન ચંગા તો કથરોટ મેં ગંગા". આપણા ઘરમાં જ ઠાકોરજી બિરાજે છે. નિત્ય સેવા દ્વારા હાથ પવિત્ર કરવા મળે છે. માટે આપણું ઘર જ વ્રજ બની જાય છે અને પરિવારના સૌ સભ્યો વૈષ્ણવો. તો ચાલો લૌકિક આસક્તિ છોડી આપણે જ્યાં બેઠા હોય ત્યાં જ આંખો બંધ કરી મનરૂપી પંખીને વ્રજમાં લઈ જઈએ. બોલો "ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ. શ્રીજી તમારે શરણ વલ્લભ તમારે શરણ."

પૂ.ગોસ્વામી પણ આપણી સાથે બિરાજે છે. તેઓ, બીજા વૈષ્ણવો આપણી આગળ ચાલે છે. વ્રજ ઊઠીને આપણા મસ્તકે લાગે છે. વ્રજમાં તો વેણુ, રેણુ, ધેનુનું પણ એટલું જ મહત્ત્વ છે. ભગવાન શ્રીકૃષ્ણ, વૈષ્ણવો, ગોપીકાઓ તે રજ પરથી પસાર થતા તેમના ચરણકમળની રજ આપણને લાગે છે. માટે તે રજ પણ સ્વરૂપાત્મક બની જાય છે. ગિરિરાજજીના મુખારવિંદથી સૌ પ્રથમ દંડવતી શીલાનું સ્થળ આવે છે. નિયમ છે પરિક્રમા શરૂ થાય ત્યારે અહીં દંડવત્ કરવાના. એટલે આ જગ્યાનું નામ દંડવતી શીલા છે. જેમાં શ્રીમહાપ્રભુજીનો અખંડ વાસ છે. દંડવતી શીલાથી આગળ જતાં જાન-અજાન વૃક્ષો આવે છે. રાસમાંથી પ્રભુ અંતર્ધ્યાન થયા ત્યારે તેમને ગોપીઓ પૂછે છે - તમે મારા પ્રભુને જોયા છે? જેમણે જોયા તેમણે હા પાડી તે જાન અને જેમણે ના પાડી તે અજાન વૃક્ષ. તેમને ભગવદ્ સ્મરણ કરી આગળ બીલછુ કુંડ આવ્યા. અહીં શ્રીકૃષ્ણદાસજી બિરાજે છે. જલવિહાર કરતાં શ્રીસ્વામિનીજીનો બિછીયો અહીં ખોવાઈ ગયો હતો. ઠાકોરજીએ તે શોધી આપ્યો હતો. માટે આ કુંડનું નામ બિલછુ કુંડ પડ્યું. ત્યાંથી આગળ માનસી ગંગા આવે છે. જે લીલા આપણે આગળ જોઈ. માનસી ગંગા પર નંદદાસજી બિરાજે છે. શ્રીગિરિરાજજીનું મસ્તકનું સ્થાન છે. સૌ વૈષ્ણવો માનસી ગંગામાં સ્નાન-પાન-આચમન કરી શ્રી શ્રીવલ્લભઘાટ પર શ્રીમહાપ્રભુજીના બેઠકજી છે. ધોતી-ઉપરણો ધરીએ. અંતર સમર્પી, માળાજી ધરી, ઝારીજી ભરીએ. ભોગ ધરી કાની આપીએ. બાજુમાં ચકલેશ્વર મહાદેવ છે. શ્રીમહાપ્રભુજીએ અહીં ભાગવતની કથા કરી હતી. મહાદેવજી રોજ સાંભળવા આવતા. શ્રીકૃષ્ણ ચૈતન્ય સાથે અહીં ભગવદ્ચર્ચા થઈ હતી. કલિયુગમાં ભગવદ્-નામ

સદ્‌ગત કાશીબેન અને સદ્‌ગત ઓચ્છવલાલ દેસાઈના પુત્ર પીયૂષભાઈ
અને
સદ્‌ગત કુસુમબેન અને સદ્‌ગત રસીકભાઈના પુત્રી પન્નાબેનના જયશ્રી કૃષ્ણ

વાઘબકરી હાઉસ
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ટે. નં. : 079-26405765
Email : piyush.desai@wbtea.com

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને અમારા જય શ્રી કૃષ્ણ
સ્વ. શાહ શંકરલાલ ચુનીલાલ તથા સ્વ.શાહ કમળાબેન શંકરલાલ
સૌજન્ય : મુકેશકુમાર શંકરલાલ શાહ, શાહ હેમલતા, શાહ કૃણાલ મુકેશકુમાર,
શાહ પાયલ મુકેશકુમાર, શાહ હિરલ મુકેશકુમાર સહ પરિવાર
મુ.પો. જીતપુર, તા. બાયડ, જિ. સાબરકાંઠા. ફોન : ૦૨૭૭૯-૮૨૩૩૫
શાહ રૂપલ કુનાલકુમાર તથા વેદાન્ત કુનાલ કુમાર શાહ, હિરલ સી, શાહ.

કેટલું લેવું ? શ્રીમહાપ્રભુજીએ કહ્યું - "ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર પણ ભગવદ્-નામ છૂટે તો બહિર્મુખ થઈ જવાય." અહીં માનસી ગંગામાં દિવાળીના દિવસે દીપદાન કરવાનો મોટો મહિમા છે. દીવાઓથી જાણે સોનાના બની જાય છે. બધા સ્થાનોનું મહત્ત્વ ખૂબ દિવ્ય-અદ્‌ભુત છે. પણ તેની ચર્ચા કરવી શક્ય નથી. તો ચાલો, આગળ વધીએ. આગળ ઉદ્ધવકુંડ : ઉદ્ધવજી પણ આપણી સાથે પરિક્રમામાં જોડાયા છે એવી ભાવના સાથે પરિક્રમા આગળ જાય છે. રાધાકૃષ્ણ કુંડ : બહારથી જુદા દેખાય છે. અંદરથી એક છે. અંદર જતા જમણા હાથે શ્રીમહાપ્રભુજીના સંધ્યાવંદનના બેઠકજી છે. કેસર સ્નાન, ધોતી-ઉપરણા-ઝારી ચરણસ્પર્શ કરી અંદર શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઈજી, શ્રીગોકુલનાથજીના બેઠકજી બિરાજે છે. ત્રણ પેઢી એક સાથે બિરાજે છે. ધોતી-ઉપરણા, ઝારી-ચરણસ્પર્શ, ભોગ ધરી આગળ વધીએ. કુસુમ સરોવર : અહીં ઠાકોરજીએ રાધાસહચરીજીના કેશમાં પુષ્પોની વેણી ગુંથી શૃંગાર કર્યો હતો. અભિમાન થતાં તેમને મૂકીને આગળ ચાલી ગયા હતા. નારદકુંડ : દેવર્ષિ નારદ પણ સુંદર વીણા વગાડતા પરિક્રમમાં જોડાય છે. ચંદ્ર સરોવર : એટલે રાસસ્થલી. રાસ વખતે યુગલ સ્વરૂપ બિરાજે છે. આ સરોવરના કિનારે શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઈજી, શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજી બિરાજે છે. શ્રીગુંસાઈજીના વિરહના બેઠકજી બિરાજે છે. દાઉજી મહારાજ બિરાજે છે. સુરદાસજીનું સ્મારક છે. શ્રીગુંસાઈજી એ આ જગ્યા પર બેસીને શ્રીનાથજીને વિજ્ઞપ્તિઓ લખી હતી. ઝારી-ચરણસ્પર્શ કરી ભોગ ધરી આગળ વધતા ત્યાં દાનઘાટી આવે છે. દાનઘાટી : ઠાકોરજી આ જગ્યા પર ગોપીજનો પાસેથી દાન માગતા હતા. આન્યોર : સદુપાંડેનું ઘર છે. શ્રીમહાપ્રભુજીના બેઠકજી છે. સદુપાંડેજી પાસેથી શ્રીનાથજીના પ્રાગટ્યની વાત સાંભળી શ્રી ગિરિ-રાજજીને કંદરામાંથી બહાર પધરાવી. સેવાપ્રકાર ચાલુ કરાવ્યો હતો. અખાત્રીજ હતી. ઝારી-ચરણ સ્પર્શ કરી, ભોગ ધરી, કાની આપી આગળ ગોવિંદકુંડ આવે છે. ગોવિંદકુંડ : શ્રીગુંસાઈજીના બેઠકજી છે. ચૈતન્ય મહાપ્રભુજી શ્રીવલ્લભને ભેટ્યા હતા. શ્રીવલ્લભની કૃપાથી કૃષ્ણદાસને ગિરિરાજ રત્નજડિતની ઝાંખી થઈ હતી. બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શ કરી ધોતી ઉપરણા ધરી ભોગ ધરીએ. અપ્સરાકુંડ : છિતસ્વામીજીનું દ્વાર છે. ઇન્દ્રે શ્રીઠાકોરજીનો ગોવિંદાભિષેક કર્યો ત્યારે સ્વર્ગમાંથી અપ્સરાઓએ આવી નૃત્ય કર્યું હતું. પૂંછરી કા લોક : રાસલીલામાંથી અંતર્ધ્યાન થયા ત્યારે ગોપીઓ શ્રીકૃષ્ણને શોધતી અહીં આવી ત્યારે

શ્રીમતી શારદાદેવી અમૃતલાલ ડુંગરદાસ શાહ(પેન્સિલવાળા)
પરિવાર ના જય જય શ્રીગોકુલેશ
૬૦૨-એ, કલ્પતરૂ કલાસિક, દાળમિલ કંપાઉન્ડ, ચીંચવલી બંદર રોડ, મલાડ (વે), મુંબઈ - ૬૪. ફોન : ૨૮૮૨૧૬૩૧

શાહ નાથાલાલ પિતાંબરદાસ (સાઠંબાવાળા) પરિવારના જય જય ગોકુલેશ
સ્વ. ચંપાબેન ચીમનલાલ શાહ તથા ચીમનલાલ નાથાલાલ તથા શ્રીમતી કપિલાબેન સોમાલાલ તથા શાહ સોમાલાલ નાથાલાલ તથા પ્રવિણભાઈ, અ.સૌ. પ્રિતીબાળા તથા ધીરૂભાઈ, અ.સૌ. રંજનબાળા તથા અ.સૌ. વર્ષાબેન ઉપેન્દ્રભાઈના જયશ્રી કૃષ્ણ

લોઢાજી નામના ગોપ બેઠા હતા. મર્યાદાને, શરણને કારણે સૌ એકબીજાને કહેવા લાગી - પૂંછરી, પૂંછરી એટલે કે તું પૂછ ને કે અમારા સ્વામી ક્યાં બિરાજે છે ? તેથી તેનું નામ પૂંછરી પડ્યું. સુરભિકુંડ : અહીં શ્રીગિરિરાજજીને છપ્પન ભોગ ધરાય છે. અહીં પરમાનંદદાસજી બિરાજે છે. હવે પરિક્રમા હરજીકુંડ થઈ તુલસીક્યારા થઈ ગિરિરાજજીના મુખારવિંદ આગળ આવે છે. મૂળ જગ્યાએ દંડવતી શિલા આગળ આવી ગઈ છે. કહીએ આપની કૃપાથી પરિક્રમા પૂર્ણ થઈ છે. ભૂલચૂક થઈ હોય તો માફ કરશો. પરિક્રમાથી સૌનું મન આનંદથી અને પેટ પ્રસાદથી ભરાઈ જશે. આશા છે પ્રત્યક્ષ પરિક્રમા જેવો આનંદ આવ્યો હશે. જયશ્રીકૃષ્ણ...

વંદે મુકુંદપ્રિયમ્

– પ્રિ. નરેન્દ્ર એચ. શાહ, આણંદ

ભારતીય સંસ્કૃતિના આદર્શ માનીને અત્ર-તત્ર-સર્વત્ર પૂજાય છે એવા 'કૃષ્ણં વંદે જગદ્-ગુરુમ્'નો જન્મોત્સવ એટલે 'જન્માષ્ટમી'. ભગવાન વિષ્ણુના ચોવીસમા અવતારોમાં એક પ્રભુ શ્રીકૃષ્ણનો આઠમો અવતાર શ્રાવણ વદ આઠમની પવિત્ર તિથિએ પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ નંદનંદન વસુદેવ અને દેવકીના પુત્રરૂપે મથુરાની જેલમાં જન્મ્યા હતા.

શ્રીકૃષ્ણ એટલે અકળ અને વિરાટ વ્યક્તિત્વ. ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં જન્મના છઠ્ઠા દિવસથી જ સંઘર્ષનો પ્રારંભ થયો હતો. સંસારમાં ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ કરવા આ યુગપુરુષનું નંદ અને યશોદાને ત્યાં ઉછરેલા બાલકૃષ્ણને સૌ વૈષ્ણવજનો અત્યંત પ્રેમ અને વહાલથી 'લાલો' કહી પુત્રવત્ લાડ લડાવી નિત્ય સેવાપૂજન કરી ધન્યતા અનુભવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે કરેલી લીલા અંતર્ગત કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા અને અહંકારના પ્રતીકરૂપ પૂતના, શકટાસુર, તૃણાવર્ત, વત્સાસુર, ધેનકાસુર અને પ્રલંબાસુર જેવા રાક્ષસો - ષડ્રિપુનો સંહાર કરી, દૈવીશક્તિના દર્શન કરાવ્યા હતા. આ આધ્યાત્મિક રૂપકો દ્વારા ભક્તિ-ભાવપૂર્વક ઉજવાઈ રહેલો નંદમહોત્સવ આપણને માનવ બનીને માનવ માટે, માનવ સાથે માનવીય વ્યવહાર, વિટંબણા અને સંતાપસહ જીવેલા એવા જગદ્ગુરુને, કૃષ્ણને વંદન કરીએ.

ભગવાન શ્રીકૃષ્ણ સમાજના હિતમાં દુર્બુદ્ધિના દુષ્ટતાને હણવા કાલયવન શિશુપાલ, કાલિય નાગદમન, કંસવધ જેવા અનેક યોદ્ધાઓનો વધ કરી, ભૂમિને પાપવિહોણી બનાવી અને દુશ્મનોનો પણ ઉદ્ધાર કર્યો. અનાચારી લોકો દ્વારા અનુચિત માર્ગે ચાલીને અનીતિથી સફળતા તરફ

સ્વ. ઉમંગ જીતેન્દ્ર પરીખ તથા સમસ્ત પરીખ પરિવારના જયશ્રીકૃષ્ણ

શ્રી મદનમોહનજી (અમારા માતુશ્રી સ્વ. કમળાબેનના વ્હાલા પ્રભુશ્રી)ના માધુર્યમાં ઉમંગ સદાય મહાલતો રહે, એવી અંતરની અભ્યર્થના!!

સૌજન્ય : જીતેન્દ્ર (ગોપાલ) પી. પરીખ & વર્ષા જીતેન્દ્ર પરીખ ● ડૉ. પરીમલ એસ. સારડા & ઊર્મી પરીમલ સારડા & ચિ. વિપ્રા

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને અમારા જય શ્રી કૃષ્ણ

શાહ નટવરલાલ ચીમનલાલ તથા ઇન્દુમતીબેન નટવરલાલ, શાહ પ્રદિપ નટવરલાલ, શાહ મુકેશ નટવરલાલ, શાહ બંસરી નરેન્દ્રકુમાર, શાહ સુરેખા પ્રદિપકુમાર, શાહ આશા મહેશકુમાર સહ પરિવાર, ૫૧-બી નાલંદા પાંચમે માળે, ૬૨-પેટર રોડ, મુબઇ-૪૦૦ ૦૨૬. ફોન : ૩૮૭૭૭૧૦, ૩૮૭૭૧૩૭ (મહારાષ્ટ્ર હાર્ડવેરવાળા)

કોઈ જીવ લલચાય એ માટે પ્રજાની સુખાકારી અર્થે સામાજિક અને નૈતિક સાવધાનીના ઉદ્દેશે તેમની આ કિશોરલીલાએ નારાયણ સ્વરૂપ દિવ્ય ચતુર્ભુજના દર્શન કરાવી, જીવનની સાર્થકતા અને પરમ સુખની પ્રાપ્તિ કરાવી ભાવપૂર્વક અભિવંદના કરીએ. શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર અનેક પ્રેરણાપ્રદ પ્રસંગોથી નિર્ભર છે. પ્રારંભથી જ અસુરોના આતંકવાદ સામે લડતા રહેવું, ત્રાસમાંથી મુક્તિ અપાવવી એ તેમનો ધર્મ રહ્યો હતો. તેમના ક્રાંતિકારી વિચારોનું દર્શન તેમણે ઇન્દ્રપૂજા બંધ કરાવી, ટચલી આંગળીએ ગોવર્ધનને ઊંચો કર્યો અને ઇન્દ્રનો ગર્વ ઉતાર્યો. માખણચોરીનો પ્રસંગ, ગાયોનું હરણ, ગોપ-ગોવાળોનું રક્ષણ અને મહાભારતનું યુદ્ધ વગેરે અનેક પ્રસંગો કૃષ્ણના પ્રજાનાયક તરીકે વિચક્ષણ વ્યક્તિત્વના એક રાજપુરુષ અને લોકનાયક તરીકે દૃષ્ટિગોચર થાય છે. ખરેખર, ભગવાન શ્રીકૃષ્ણના જન્મ અને કર્મ દિવ્ય છે. દૃષ્ટિની પવિત્રતા અને માધુર્યભાવ સાથે પૂર્ણપુરુષોત્તમની રાસલીલા અને 'શ્રીકૃષ્ણ બ્રહ્મ છે' એવું બ્રહ્માજીના મુખે ઘોષિત ભક્તિ અભિધ્યેય તત્ત્વ છે. શ્રીકૃષ્ણની આઠ પટરાણી રુક્મિણી, જાંબુવતી, સત્યભામા, કાલિન્દી, મિત્રવિન્દર, સત્યા, ભદ્રા, લક્ષ્મણા અને સોળ હજાર એકસો આઠ વૃત્તિઓ સંયમના ત્યાગનો સંદેશ આપવા રચેલ 'રાસલીલા'નું માધુર્ય આધ્યાત્મિક ઘટના છે.

શ્રીકૃષ્ણે ગીતાના માધ્યમથી અર્જુનને પોતાના વિરાટ રૂપનું દર્શન કરાવી તેમના અંતિમ આદેશરૂપ 'જન્માષ્ટમી'ના પવિત્ર પર્વે ભગવાન શ્રીકૃષ્ણનું ચિંતન કરવું. કૃષ્ણના ભક્ત બનવું અને કૃષ્ણની પૂજા કરવી એ ભગવાનની અંતિમ આજ્ઞા માની 'કરિષ્યે વચનમ્ તવ'ને અનુસરીએ. દ્વારકાધીશ દામોદર કૃષ્ણને વંદન.

શ્રાવણ માસ અને પુષ્ટિમાર્ગ

શ્રાવણ માસ અને પુષ્ટિમાર્ગ એ ભક્તિ, ભાવ અને આનંદનો મંગળ સમન્વય છે. હિન્દુ ધર્મમાં શ્રાવણ મહિનો સૌથી પવિત્ર અને મંગળકારી માનવામાં આવે છે. આ મહિનો મુખ્યત્વે દેવાધિદેવ મહાદેવની આરાધના માટે જાણીતો છે, પરંતુ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરંપરામાં શ્રાવણનું એક અત્યંત આહલાદક અને ભાવમય સ્વરૂપ જોવા મળે છે. શ્રાવણ એ માત્ર પૂજા-પાઠનો જ નહીં, પણ પ્રકૃતિના ખીલેલા સૌંદર્ય વચ્ચે ઈશ્વર સાથે અનુસંધાન સાધવાનો ઉત્સવકાળ છે.

શિવભક્તિ અને શ્રાવણનું પૌરાણિક મહત્ત્વ : શ્રાવણ માસ શિવજીને અત્યંત પ્રિય છે. માત્ર એક લોટો જળ અને બિલીપત્ર અર્પણ કરવાથી ભોલેનાથ પ્રસન્ન થાય છે. આ મહિનાના દરેક શ્રાવણી સોમવારે વ્રત અને દર્શનનું અનેરું મહત્ત્વ

રમેશચંદ્ર ચીમનલાલ શાહ - કોકીલાબેન રમેશચંદ્ર શાહના જય જયશ્રી ગોકુલેશ
સંજયભાઈ રમેશચંદ્ર શાહ
નીકેતા સંજયભાઈ શાહ મૈત્રી ધ્રુવિન શાહ
સખી સંજયભાઈ શાહ અમાયરા
Prudent Corporate Advisory Services Ltd
Prudent Corporate Advisory Services Ltd.
701, Sears Tower, Gulbai Tekra, Off. C.G. Road, Ahmedabad - 380006.
સ્વ. મગનલાલ લલ્લુભાઈ શાહ, સ્વ. નર્મદાબેન તથા સ્વ પાર્વતી બાના સ્મણાર્થે
સ્વ. રમેશચંદ્ર મગનલાલ શાહ, સ્વ. કૃષ્ણપ્રિયા રમેશચંદ્ર શાહ, શ્રી રાજેશકુમાર આર. શાહ
શ્રીમતી તૃપ્તિબેન, શ્રી શ્રેય, શ્રી મેઘ, શ્રી વિપુલકુમાર પરીખ, મીતાબેન વી. પરીખ, કુ.દેવાંશી, કુ.નિત્યા.
સ્વ.સૂર્યકાન્તાબેન, સ્વ.ચંન્દ્રકાન્તાબેન (રાજકાનમ) રાજપારડીવાળાના જયશ્રી કૃષ્ણ - રાજપારડી - ૩૯૩ ૧૧૫.જી.ભરૂચ.

છે. પૌરાણિક કથા મુજબ શ્રાવણમાં જ સમુદ્ર મંથન દરમિયાન નીકળેલું વિષ (હળાહળ) શિવજીએ પીને સૃષ્ટિની રક્ષા કરી હતી. ઝેરની તીવ્ર ગરમીને શાંત કરવા દેવતાઓએ તેમના પર ગંગાજળનો અભિષેક કર્યો હતો, જેથી આજે પણ શિવલિંગ પર જળાભિષેક અને દુગ્ધાભિષેક કરાય છે. અષાઢી એકાદશીથી ભગવાન વિષ્ણુ ચાતુર્માસ માટે યોગનિદ્રામાં જતા હોવાથી, આ સમયગાળા દરમિયાન સૃષ્ટિના પાલનની જવાબદારી શિવજી સંભાળે છે. વર્ષાઋતુમાં પાચનતંત્ર ધીમું પડતું હોવાથી ઋષિઓએ ઉપવાસ અને ફળાહારનો નિયમ બનાવ્યો છે. આ મહિનો 'ૐ નમઃ શિવાય' અને મહામૃત્યુંજય મંત્રના જાપ માટે સવર્શ્રેષ્ઠ છે.

શ્રાવણ અને પુષ્ટિમાર્ગનો દિવ્ય સંબંધ : પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવ સમાજ માટે શ્રાવણ મહિનો શ્રી ઠાકોરજી (શ્રીનાથજી)ને ભક્તિભાવથી લાડ લડાવવાનો અને વિવિધ મનોરથો ઉજવવાનો સુવર્ણ સમય છે. વિધિ-વિધાન કરતા ભાવ અને સેવાને પ્રધાન ગણતા પુષ્ટિમાર્ગમાં આ મહિને અનેક સુંદર ઉત્સવો ઉજવાય છે, જેમ કે, **હિંડોળા ઉત્સવ (ઝૂલન લીલા) :** શ્રાવણનું સૌથી મોટું આકર્ષણ હિંડોળા છે. અષાઢ સુદ પૂનમથી શ્રાવણ વદ અમાસ સુધી આખો મહિનો પ્રભુને કાચ, ફૂલ, સોનું, ચાંદી, રાખડી અને સુકામેવાના નવતર હિંડોળે ઝુલાવી સખીભાવથી સેવા કરાય છે. **હરિયાળી તીજ (ઠકુરાણી તીજ) :** શ્રાવણ સુદ ત્રીજે પ્રકૃતિની હરિયાળી વચ્ચે શ્રીપ્રિયાજી (શ્રીરાધાજી) અને શ્રી ઠાકોરજીના યુગલ સ્વરૂપને લીલા વસ્ત્રો તથા શૃંગાર ધરાવવામાં આવે છે. **પવિત્રા એકાદશી :** શ્રાવણ સુદ અગિયારસના દિવસે શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીનાથજીની આજ્ઞાથી બ્રહ્મસંબંધ દીક્ષા આપવાનો પ્રારંભ કર્યો હતો. આ દિવસે પ્રભુ અને ગુરુદેવને રેશમી દોરાના 'પવિત્રા' અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરાય છે. **શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અને નંદ મહોત્સવ :** શ્રાવણ વદ આઠમે કૃષ્ણ જન્મોત્સવ અને નોમના દિવસે 'નંદ મહોત્સવ' (દહીહાંડી) અત્યંત ધામધૂમથી ઉજવવામાં આવે છે. **કામદા એકાદશી :** શ્રાવણ વદ અગિયારસે પ્રભુને વિશેષ તિલક, કેસર અને દિવ્ય શૃંગાર ધરાવી મનોરથ કરાય છે. આમ, શ્રાવણ મહિનો એક તરફ મહાદેવની શાંત આરાધનાનો સમય છે, તો બીજી તરફ પુષ્ટિમાર્ગીય ભક્તો માટે કીર્તન, હિંડોળાના આનંદ અને શ્રીકૃષ્ણ પ્રેમમાં લીન થવાનો દિવ્ય મહોત્સવ છે. પુષ્ટિમાર્ગીય સંપ્રદાયમાં ઉપવાસ કે વ્રત નો દૃષ્ટિકોણ અન્ય સામાન્ય ધાર્મિક વિધિઓ કરતાં અલગ અને અત્યંત દિવ્ય છે. મહાપ્રભુ શ્રી

સ્વ. ચંપાબેન માણેકલાલ - માણેકલાલ નાથજીદાસ શાહ તથા સ્વ. વર્ષા અશોકકુમાર શાહ ના સ્મરણાર્થે

અશોકકુમાર એમ. શાહ - અ.સૌ. નિલેશા એ. શાહ
કુ. પંથી એ. શાહ - ભાર્ગવ એ. શાહ – અ.સૌ. પ્રાપ્તી
અ.સૌ. મનીષા - અમીતકુમાર - ભાણાભાઈ વ્યોમ - માન્ય

નાથજીદાસ દામોદરદાસ શાહ પરીવારના સૌને જય જયશ્રી ગોકુલેશ
૪૦, લેઈકવ્યુ સોસાયટી, ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩
મો. : ૯૪૨૭૪૭૭૨૪૪ (ઘર) ૦૭૯-૨૫૩૩૦૪૮૧

સમસ્ત ખડાયતા જ્ઞાતિબંધુઓને

કનુભાઈ રમણલાલ પરીખ, તારલીકા કનુભાઈ પરીખનાં... જય શ્રીકૃષ્ણ

શ્રી નિલેષ કનુભાઈ પરીખ અને રીટા નિલેષ પરીખ

શ્રી મૌલિષ કનુભાઈ પરીખ અને હેમિશા મૌલિષ પરીખ

વલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત પુષ્ટિમાર્ગમાં ઉપવાસ એ માત્ર શરીરને ભૂખ્યું રાખવાની ક્રિયા નથી, પરંતુ 'ઉપ + વાસ' એટલે કે ઈશ્વર (શ્રી ઠાકોરજી)ની સમીપ વાસ કરવો છે.શ્રાવણ માસ દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયમાં ઉપવાસ અને એકટાણાં કરવાના મુખ્ય કારણો અને મહત્ત્વ જાણીએ.

(૧) પુષ્ટિમાર્ગ એ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. અહીં કાયાકલેશ કે કઠોર તપસ્યા કરતાં ભાવ અને સેવાને પ્રધાનતા આપવામાં આવી છે. શ્રાવણ માસમાં ઉપવાસ કરવાનો મુખ્ય હેતુ એ છે કે વૈષ્ણવ ભોજન અને અન્ય ભૌતિક બાબતોમાંથી ધ્યાન હટાવીને પોતાનું મન, વાણી અને કર્મ સંપૂર્ણપણે શ્રી ઠાકોરજીની સેવામાં અને નામામૃત (નામ સ્મરણ)માં પરોવે. (૨) વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રી ઠાકોરજીની સેવા મુખ્ય છે. શ્રાવણ માસમાં પ્રકૃતિમાં ભેજ અને પરિવર્તન આવવાથી પાચનશક્તિ મંદ પડે છે.શરીર અને મનની શુદ્ધિ માટે સાત્વિક આહાર અથવા ઉપવાસ કરવાથી શરીર હળવું રહે છે, આળસ દૂર થાય છે અને મન એકાગ્ર બને છે, જેથી પ્રભુની સેવામાં અને કીર્તન-સ્મરણમાં વધારે આનંદ આવે છે.શ્રાવણ દરમિયાન ઉપવાસ કે ફળાહાર કરવાથી મનમાં સાત્વિક વિચારો દૃઢ થાય છે. (૩) પુષ્ટિમાર્ગમાં શ્રાવણ મહિનામાં આવતી ચોક્કસ પવિત્ર તિથિઓએ ઉપવાસ કરવાનું વિશેષ મહત્ત્વ છે. પવિત્રા એકાદશી અને કામદા એકાદશી :- પુષ્ટિમાર્ગમાં એકાદશીને 'હરિ વાસર' માનવામાં આવે છે. શ્રાવણ સુદ અગિયારસ (પવિત્રા એકાદશી) ના દિવસે શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ દીક્ષાનો પ્રારંભ કર્યો હતો, તેથી આ દિવસે નિર્જળા કે ફળાહાપવ્રત રાખી ભગવદ્ સ્મરણ કરવાનો મહિમા છે.શ્રીકૃષ્ણ જન્માષ્ટમી (શ્રાવણ વદ આઠમ)એ વૈષ્ણવો માટે વર્ષનો સૌથી મોટો ઉત્સવ છે. આ દિવસે પ્રભુના પ્રાગટ્યની ખુશીમાં આખો દિવસ ઉપવાસ રાખી મધ્યરાત્રિએ જન્મોત્સવ બાદ જ પારણાં કરવામાં આવે છે. (૪) સંયમ અને સમર્પણનો ભાવશ્રાવણ મહિનામાં હિંડોળા ઉત્સવ, હરિયાળી તીજ અને જન્માષ્ટમી જેવા અનેક ઉત્સવો આવે છે. વૈષ્ણવો આ ઉત્સવો દરમિયાન પ્રભુ માટે નવતર સામગ્રીઓ અને ભોગ સિદ્ધ કરે છે. આ સમયે સ્વયં ઉપવાસ રાખીને પ્રભુને ઉત્તમ સામગ્રી ધરાવવાનો અને પ્રભુના પ્રસાદનો જ આશ્રય લેવાનો ભાવ વૈષ્ણવના સમર્પણને દર્શાવે છે.સંક્ષિપ્તમાં કહીએ તો પુષ્ટિમાર્ગમાં શ્રાવણ માસનો ઉપવાસ એ દેહદંડ કે ભયથી કરાતી પૂજા નથી, પરંતુ શ્રી ઠાકોરજી પ્રત્યેના પ્રેમ, સંયમ અને દિવ્ય આનંદનો અનુભવ કરવાની એક પવિત્ર સાધના છે.

સ્વ. ડો. સોમાલાલ મંગળદાસ ગાંધી પરિવારના ભગવત સ્મરણ

હ. શ્રીકાંતભાઈ સોમાલાલ - હંસાબેન, શ્રી શરણભાઈ શ્રીકાંતભાઈ - બેલાબેન
ચિ. શૈલ M.E.(Civil) - ચિ. ડો. બંસરી (BDS) ● શ્રી પિયૂષભાઈ નવનીતલાલ શાહ - સેજલબેન
ચિ. મિવાન - મિરાયા ● ચિ. યશ (C.A.) - ચિ મૈત્રી (M.B.A.) ● ચિ. મીશ્રી

સૌજન્ય : શરણ ગાંધી એન્ડ એસોસીએટ્સ લેન્ડ ડેવલપર્સ - એસ. ગાંધી એન્ડ કું. એન્જીનીયર્સ કોન્ટ્રાક્ટર
૩૨૪, વાણિજ્ય ભવન, કાંકરીયા રોડ. ફોન : ૨૫૪૫૪૮૮૧

સમસ્ત ખડાયત જ્ઞાતિબંધુઓને શાહ નટવરલાલ ભાઈલાલ તથા સ્વ. તારાબેન પરિવાર (વહેરાખાડીવાળા)નાં

શ્રી ઈન્દ્રવદન એન. શાહ — જય શ્રી કૃષ્ણ — શ્રી નરેન્દ્રભાઇ એન.શાહ
શ્રી હેમાંગી આઇ. શાહ — શ્રી કામિની એન.શાહ
શ્રી અશોક એન. શાહ — શ્રી યજ્ઞેશ એન. શાહ
શ્રી ઉષા ઓ. શાહ — શ્રી તૃપ્તિ વાય. શાહ

ELLIOT PLACE .ROLSYN HEIGHTS, N.Y. 11577 U.S.A. Tel. 516 801 6553

પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વ

– ગોવિંદલાલ અંબાલાલ ગાંધી, વડોદરા

આ પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વ નિત્ય ગાયેજી.
તેના જન્મોજન્મના પાપ સર્વે જાયેજી. (૧)
શ્રીજી શ્રી નવનીતપ્રિયા સુખકારીજી
સમરો શ્રી મથુરાનાથ કુંજબિહારીજી. (૨)
શ્રીવિઠ્ઠલેશરાય શ્રીદ્વારકેશરાય ગિરધારીજી
શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારીજી. (૩)
આ બીજું તત્ત્વ શ્રીવલ્લભકુળને ભજીયેજી
કુળ લોકલાજને કાજ સર્વે તજીયેજી. (૪)
આ ત્રીજું તત્ત્વ શ્રીગોવર્ધનધર નિત્ય ગાયેજી
શ્રીનટવરલાલજીનું ગમતું સર્વે થાયેજી. (૫)
આ ચોથું તત્ત્વ શ્રીયમુનાજને જાણોજી
કરો સ્નાન જલને પાન એ સુખ માનોજી. (૬)
આ પાંચમું તત્ત્વ શ્રીવ્રજભૂમિને ગાએજી
નિત્ય ઊઠી શ્રીવૈષ્ણવજન પદ-રજ પાઈએજી (૭)
આ પાંચ તત્ત્વનું ધ્યાન નિરંતર ધરીએજી
તો મનવાંચ્છિતના ફળ સર્વે લીજેજી. (૮)
આ પાંચ તત્ત્વ બ્રહ્માદિકને દુર્લભજી
શ્રીવલ્લભપ્રભુ પ્રગટ્યા પ્રમાણ કીધાં સર્વે સુલભજી. (૯)
આ શોભા જોઈ હરિહરદાસ જાય બલિહારીજી
એ લીલા ગાજો નિત્ય નર ને નારીજી. (૧૦)

આ પુષ્ટિમાર્ગ એટલે કૃપાનો માર્ગ.

આપણો દેહ પાંચ તત્ત્વોનો બનેલો છે - આકાશ, અગ્નિ, જળ, વાયુ અને પૃથ્વી. પુષ્ટિમાર્ગ પણ પાંચ તત્ત્વોનો બનેલો છે. આકાશ તત્ત્વ એટલે શ્રીઠાકોરજી, એ પુષ્ટિમાર્ગનું પહેલું તત્ત્વ. અગ્નિ તત્ત્વ એટલે શ્રીમહાપ્રભુજી, વાયુ તત્ત્વ એટલે શ્રીગિરિરાજજી, જળ તત્ત્વ એટલે શ્રીયમુનાજી અને પૃથ્વી તત્ત્વ એટલે વ્રજભૂમિ.

